


કાઠિયાવાડનો કૃષકકુમાર

પેન્સિલસ્કેચ જગજીવન શાહ


# કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું અગ્રણી માસિક

વર્ષ ૨૫ · અંક ૫ · મે ૧૯૪૮ ૨૯૩ સંસ્થાપક · રવિશંકર રાવળ



**કાઠિયાવાડનું ખેડૂત કુટુંબ** અલ્પ સમયમાં ઉતારેલું જલરંગી શીઘ્રાલેખન ચિત્રકાર : છગનલાલ જાદવ
કલાકારે સ્થાન પર જ બેસીને કરેલા આ ત્વરિત રંગાલેખનમાં કાઠિયાવાડના ભાંગલા ખેડૂતની ગરીબી સ્પષ્ટ ડોકાઈ રહેલી છે.





**ચિત્રો**

કાઠિયાવાડનો કૃષકકુમાર (પેન્સિલ-સ્કેચ) જગજીવન શાહ પૂઠું
કાઠિયાવાડનું ખેડૂત કુટુંબ છગનલાલ જાદવ ત્રિરંગી મુખચિત્ર
ગોપનું ઘરઆંગણું (પેન્સિલ-સ્કેચ) જગજીવન શાહ પા૦ પૂઠામાં

**કાવ્ય**

ગ્રીષ્મમધ્યાહ્ન — નિરંજન ભગત ૧૨૯
તવ સંગ — સુંદરમ્ ૧૨૯

**ચરિત્ર**

આચાર્ય આનન્દશંકર ધ્રુવ — રતીલાલ મોહનલાલ ત્રિવેદી ૧૩૧

**વાર્તા**

અંધારે (શરદિન્દુ વંદ્યોપાધ્યાય) — રમણિક મેઘાણી ૧૩૪

**લેખો**

વાયવરણો [આપણી વનસ્પતિ-૧૫] પ્રો. જયંતીલાલ દે. ઓઝા ૧૩૭
ચાફેકર બંધુઓ [સ્વાતંત્ર્યના શહીદો-૯] ૧૩૯
સાબુ [રોજિંદા જીવનમાં વિજ્ઞાન-૧૫] ડૉ. નરસિંહ મૂ. શાહ ૧૪૧
સાબુ વિષે વધુ ૧૪૨
અસંયુક્ત-મુદ્રા [પ્રાચીન નાટ્યશાસ્ત્ર-૨૧] યોગેન્દ્ર પ્રિયદર્શી ૧૪૩
કાઠિયાવાડનું નવસર્જન-૨ ૧૪૮

**વિભાગો**

મુદ્રા: નૃત્યની ભાષા (ચિત્રબોધ) ૧૨૮
જવાબદારીનું ભાન [મનન] — ગટુલાલ ગો. ધ્રુ ૧૩૦
કસોટી ૧૩૮
પત્રમિત્ર વિભાગ (હોલંડનો પત્ર) ૧૪૪
વિકસતું વિજ્ઞાન ૧૪૭
માધુકરી(માદામ કામા,'જનગણ'ની સ્વરલિપિ,બરફ,સપ્તર્ષિ) ૧૫૧
કાળોકોશી [માસમાસનાં પંખી-૨૯] ૧૫૧
અક્ષયતૃતીયા [માસમાસના તહેવારો-૫] ૧૫૪
ચાલુ તવારીખ: એપ્રિલ ૧૫૬
આ માસ ઇતિહાસમાં (વ્યક્તિ-વિશેષ: ઍડવર્ડ જેનર) ૧૫૬
છેલ્લું પાનું ૧૫૭



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.




**મુદ્રાઓ—નૃત્યની ભાષા :** જેમ આપણે રોજિંદા વ્યવહારમાં આપણા મનના સૂક્ષ્મ ભાવો તથા વિચારો વાણી વડે વ્યક્ત કરીએ છીએ, તેમ નૃત્યમાં તે હાથના સાંકેતિક હલનચલનથી વ્યક્ત કરવામાં આવે છે, આનું કારણ એ છે કે નૃત્યમાં વાણીનો રજમાત્ર ઉપયોગ કરવાનો હોતો નથી. નૃત્યમાં થતા હાથના એ સંકેતને 'મુદ્રા' કહેવામાં આવે છે. એ આપણા ભારતીય નૃત્યશાસ્ત્રની ખાસ વિશેષતા ગણાય છે. આ મુદ્રાઓમાં બે પ્રકાર છેઃ એક 'મૂળ મુદ્રા' (તેના પણ બે પ્રકાર છેઃ અસંયુક્ત અને સંયુક્ત); અને બીજી 'નૃત્તહસ્ત મુદ્રા'. આમાં 'મૂળ મુદ્રા' એક રીતે નૃત્ય-વાણીના મૂળાક્ષરો કહી શકાય; કારણ, જેમ વાણીમાં કોઇ એક અક્ષરનો ખાસ કંઇ અર્થ હોતો નથી તેમ એકલી મૂળ મુદ્રામાંથી પણ કાંઇ અર્થ નીકળતો નથી. તે માત્ર નૃત્યભાષાની બારાખડી જ છે. આ મૂળ મુદ્રાઓ નૃત્યને લગતાં વિવિધ શાસ્ત્રોમાં ભિન્નભિન્ન રીતે આપેલી છે; પણ તે સૌમાં, આજથી બે હજાર વર્ષથી યે પ્રાચીન કાળથી હિંદમાં આધારભૂત અને 'પાંચમા વેદ' સમ ગણાયેલ 'ભરત નાટ્યશાસ્ત્ર' સર્વ શાસ્ત્રોનું મૂળ મનાતું હોવાથી તેની મુદ્રાઓ પ્રમાણભૂત મનાય છે. તે આ ઉપર આપી છે. ઉપરાંત દક્ષિણ હિંદમાં વ્યાપકરીતે પ્રચલિત કથકલી નૃત્યની મુદ્રાઓ પણ તેનાથી ક્યાંક્યાં જુદી પડે છે તથા સરખી છે તે પણ તે તે મુદ્રાઓ નીચે બતાવ્યું છે. નૃત્યની પરિભાષા સમજવા ઈચ્છનારે 'અસંયુક્ત મૂળ મુદ્રા' રૂપી તેના આ ૨૪ મૂળાક્ષરો સારી પેઠે ઘૂંટવા આવશ્યક છે. એની વિસ્તારી સમજ 'પ્રાચીન નાટ્યશાસ્ત્ર'ની લેખમાળાના આ અંકના પૃ.૧૪૩ પરના હપ્તામાં આપી છે.(ચિત્રકારઃ બંસીચન્દ્ર ગુપ્ત ને રથિન મૈત્ર)

## ગ્રીષ્મમધ્યાહ્નમાં [નિરંજન ભગત]

તપ્ત ધરણી હતી,
ભાનુની દષ્ટિના ભર્ગથી ભાસ્વતી
સૃષ્ટિ સારી ય તે ભસ્મવરણી હતી.
અગ્નિની આંખ અંગાર ઝરતી હતી
રુદ્ર અંબરતલે,
પંખીની પાંખ ઊડતાં ય ડરતી હતી;
દૂર ને દૂર જૈ ઓટ સરતી હતી
શાંત સાગરજલે,
ફેણ ફુત્કારતી ક્યાં ય ભરતી ન'તી,
દૂર ક્ષિતિજ પે ક્યાં ય ના એક તરણી હતી,
તપ્ત બસ તપ્ત સાગર અને તપ્ત ધરણી હતી !

શાંતિ ? સર્વત્ર શું સ્તબ્ધ શાંતિ હતી ?
સૃષ્ટિને અંગ પ્રત્યંગ ક્લાંતિ હતી ?
હાંફતી પ્રકૃતિ ઉરના સ્પંદને ઉગ્ર ઉચ્છ્વાસતી,
વહ્નિની જ્વાળ શો શ્વાસ નિઃશ્વાસતી,
મૂર્છનાગ્રસ્ત બસ તપ્ત ધરણી હતી,
ઝાંઝવાંનીરની પ્યાસમાં બ્હાવરી કો'ક હરણી હતી !
ક્યાં ય શાંતિ ન'તી, ક્યાં ય ક્લાંતિ ન'તી,
અહીં બધે શાંતિ ને ક્લાંતિની ફક્ત ભ્રાંતિ હતી !

ભૂખરી પૃથ્વી પે માહરો પંથ લંબાઈ સામે પડ્યો,
કાષ્ટના ચક્ર પે રક્તરંગીન શું લોહટુકડો જડ્યો !
આજ વૈશાખના ધોમ બપ્પોરમાં
આછીઆછી ય તે પવનની લ્હેરખી, લૂઝર્યા પ્હોરમાં,
માહરી સિક્ત પ્રસ્વેદતી કાય ના સ્હેજ લ્હોતી છતાં
શૂન્યમાં હું ય તે શૂન્ય થૈ પંથ કાપી રહ્યો;
ક્યાં ય માથે ન'તો મેઘનો માંડવો, છાંય ન્હોતી છતાં
શૂન્યના નેત્રથી સ્થલ અને કાલના અંત માપી રહ્યો !

ત્યાં અચાનક કશી ભીંસતી ભીંત શી
અડગ ટટ્ટાર જે સૌ દિશાઓ ખડી,
છિદ્ર એમાં પડ્યું ?! જેથી કો' ફૂંક શી, કો' મૃદુગીત શી
પવનની લ્હેરખી પલકભર મંદ સુમંદ આવી ચડી ! - -
નિજ સેલારથી
નયનને દાખવી નાવ કો' સઢફૂલી
દૂર ક્ષિતિજ પે ઘડીક જે ગૈ ઝૂલી,
નિજ હેલારથી
દૂર જૈ ઓટમાં ઓસર્યાં પાણીને
ઘડીક જે કાંઠડે લાવતી તાણીને;
ક્ષણિક મૃદુ સ્પર્શથી અંગને શું કશું કહી ગઈ ? !
ક્યાંકથી આવીને ક્યાંક એ વહી ગઈ !

એ જ ક્ષણ, તટઊગ્યા વૃક્ષની શાખથી
કે પછી ક્યાંકથી પંખી કો' ધ્રૂજતી પાંખથી,
સ્વપ્નના શૂન્યમાં કલ્પના હોય ના બોલતી
એમ એ આભમાં આવી ઊડ્યું અને ડોલતી
ડોકથી એક ટહૂકો ભરી ગીતને વેરતું,
પાંખથી પિચ્છ એકાદને ખેરતું,
આવ્યું એવું જ તે ક્યાં ય ચાલી ગયું !
આભ જેવું હતું તેવું ખાલી થયું !
પલકભર એ ય તે નિજના ગાનમાં,
કંઈકંઈ કહી ગયું માહરા કાનમાં.

એ જ ક્ષણ, ક્યાંકથી રાગ મલ્હાર શી,
ગગનની ગહન કો' ગેબના સાર શી
રુદ્રને લોચને કો' જટાજૂટથી વીખરી લટ સમી,
ભૂલભૂલે જ તે પથભૂલી વાદળી આભને પટ નમી !
ઘોર વિષાદની ગાઢ છાયા સમી,
જીવને આગથી તેમ ઝુલાવતી કોઈ માયા સમી,
પલકભર માહરે શિર એ ગૈ ઢળી
ને પછી દૂર જૈ દૂર ફેલાઇ ગૈ !
લાગ્યું કે ધરણીની મૂઢ મૂર્છા ટળી,
ગ્રીષ્મમધ્યાહ્નમાં શાંત શી સાંધ્યકા રમ્ય રેલાઈ ગૈ !

આ બધી શી લીલા ?
નીરની ધારથી શું તૂટી રહી શિલા ?
આ બધું છળ અરે ! છાનુંછપનું હતું ?
પલકભર શૂન્યનું ભ્રાંત સપનું હતું ?
અધખુલી નેણમાં સાંધ્યસૌંદર્યની રંગસરણી હતી ?
જાગીને જોઉં જ્યાં એની એ તપ્ત હા ! તપ્ત ધરણી હતી !

## તવ સંગ

[સુન્દરમ્]

પ્રભો ! તવ કર ગ્રહું, શિશુ યથા પિતાનો ગ્રહે,
અહીં વિચરું વિશ્વના અખિલ ભવ્ય મેળામહીં,
તવોન્નત ઉદાર દષ્ટિતણી દોર આલંબીને
નિહાળું તવ સંગ રંગરમતોની લીલા બધી.

પ્રભાત મધુરાં સુવર્ણી, કુસુમોની શી સૌરભો,
મહાન મધ્યાહ્નના પ્રખર તેજના ઉત્સવો,
પ્રચંડ જગવ્હેણના તરલ રમ્ય કૈં બુદ્દ્બુદો,
અખંડ વણઝાર વિશ્વતણી રત્નપોઠો લહું.

ઢળે દિવસ, શાંત કોમળ છવાય સંધ્યા અને
પિતા ! હું તવ સંગ ઉન્નત હિમાદ્રિશૃંગે ગ્રહું
વિરામ, તવ ઊર્ધ્વ આસનની પાસ આસીન હું
બની ચરણ તાહરે હું તવ ધ્યાનભાગી બનું.

અનંત તવ વિસ્તરે ફલક વિશ્વનો સંમુખે,
અને તું નિજ દે પ્રભુત્વતણી શીખ તારે મુખે.

# જવાબદારીનું ભાન આ રાષ્ટ્રધારક ગુણનો સંપૂર્ણ અભાવ આપણા પ્રજાજીવનની એક મોટી ખામી છે.

—મનન

આપણી પ્રજાના ચારિત્ર્યમાં એક સર્વસામાન્ય દોષ એ છે કે તેને પોતાની ફરજનું ભાન હોતું નથી. સોંપવામાં આવેલું કામ નાનું કે મોટું, ગમતું કે અણગમતું, ઉલ્લાસનું કે માત્ર કંટાળાભરેલા વૈતરાનું હોય, પરંતુ તે પ્રામાણિકપણે અને વફાદારીથી, પોતાની સર્વ શારીરિક અને માનસિક શક્તિ અર્પીને પાર ઉતારવું આપણી ફરજ છે એવી મનોવૃત્તિ ભાગ્યે જ જોવામાં આવે છે. પરિણામે દરેક જાતના કામ માટે દેખરેખ રાખનાર,ને દેખરેખ રાખનારા ઉપર નિરીક્ષણ કરનારા અને તેમના ઉપર વળી તકેદારી રાખનારા, એમ ઇન્સ્પેક્ટરો અને સુપરવાઈઝરોની પરંપરા ઊભી કરવાની જરૂર આપણા દેશમાં બધાં જ ખાતાંઓ, ઉદ્યોગો અને પાઠશાળાઓમાં પડે છે. આથી ખર્ચ ઘણું થાય છે અને કાર્યક્ષમતા ઘટે છે.

પશ્ચિમના દેશોમાં તો માણસો પોતાને સોંપેલું કાર્ય ફરજની ઉચ્ચ ભાવનાથી પ્રામાણિકપણે પાર પાડે છે.તેથી ત્યાં ઇન્સ્પેક્ટરોની જરૂર પ્રમાણમાં ઓછી પડે છે. આ જાતનો ગુણ સૈકાઓથી ચાલી આવતી પેઢી દર પેઢીની ટેવ ને રૂઢ થઈ ગએલી મનોવૃત્તિને લીધે એ પ્રજાઓના સ્વભાવમાં જડાઈ ગએલો છે. ફરજની ઉચ્ચ ભાવના જીવનના અનેક પ્રસંગોમાં બતાવ્યાના દૃષ્ટાન્તો આપણે પશ્ચિમની પ્રજાનાં સ્ત્રીપુરુષોના સંબંધમાં વાંચ્યાં છે, સાંભળ્યાં છે અને અનુભવ્યાં છે. પોતાની ફરજ બજાવતાં મૃત્યુ આવે તો તે વેઠી લેવાની શિસ્તની તાલીમ એ પ્રજામાં માત્ર લશ્કરના સૈનિકો પૂરતી જ જોવામાં નથી આવતી,પરંતુબીજા અનેક ધંધા-નોકરી, સેવાકાર્યો, ઉદ્યોગો તથા કારખાનાં વગેરેમાં કામ કરતા નાગરિકોમાં પણ જોવામાં આવે છે.અંગ્રેજ પ્રજા પાસેથી જે કેટલાક ઉચ્ચ ગુણો આપણે શીખવાના હતા તેમાં ફરજની ઉચ્ચ ભાવના ને પોતાની જવાબદારીનું ભાન મુખ્ય છે. તે શીખવાનું આપણે ચૂક્યા છીએ.

અત્યારે કોઈ પણ ઑફિસ કે દુકાન, કચેરી કે કારખાનાના ઉપરીઓને પૂછો તો જવાબ મળશે કે નોકરો પગાર વધારે માગે છે, કદીકદી બુદ્ધિ-શક્તિ બતાવે છે, કામમાં તેમને સમજણ પડે છે, આવડત પણ સારી હોય છે, પરન્તુ એમને સોંપેલું કામ કાળજીપૂર્વક જવાબદારીના સંપૂર્ણ ભાનથી એ પાર પાડશે જ એવી ખાતરી હજારે એક માણસ માટે પણ આપી શકાતી નથી.

આનું શું કારણ છે ? મને લાગે છે કે અત્યારના જમાનામાં માણસમાણસ વચ્ચેના વ્યવહારમાંથી માનવીની હૃદયની લાગણી Human Touch એકંદરે ઓછો થઈ ગયો છે. સૌકોઇ કૉન્ટ્રૅક્ટની દૃષ્ટિથી કામ કરે છે. અગિયારથી સાડા પાંચ કે છ વાગ્યા સુધીનું કામ આપવાનો જાણે દરેકે કૉન્ટ્રૅક્ટ લીધો હોય એવી ભાવનાથી કામ થાય છે. ‘આ મારું કામ છે, મારા ઉપર વિશ્વાસ રાખીને અને હું ચોકસાઈથી તે પાર ઉતારીશ એવી શ્રદ્ધાથી મને કામ સોંપવામાં આવ્યું છે, માટે મારે એ વિશ્વાસને પાત્ર બનવું જોઈએ, એ નૈતિક મનોવૃત્તિ કામ કરનારમાં જોવામાં આવતી નથી.ઘરના નોકરથી માંડીને સરકારી સેક્રેટરીએટના સેક્રેટરી સુધી, અને મિલના સંચામાંતેલ પૂરનારથી માંડી મિલના મૅનેજર સુધી બધા જ કામની વેઠ ઉતારે છે; પોતાને સોંપવામાં આવેલું કામ પોતાનું છે, એ કામ સારું પાર પાડવાથી જે લાભ થાય કે શોભા કે કીર્તિ વધે તે પોતાને મળ્યા બરાબર છે એવી લાગણી બહુ જવલ્લે જોવામાં આવે છે.

શેઠ અને નોકર, મૅનેજર અને કારકુન, સેક્રેટરી અને ટાઇપિસ્ટ વચ્ચે માત્ર કૉન્ટ્રૅક્ટનો કે જડ યન્ત્ર જેવો સંબંધ નથી, પણ બુદ્ધિમાન મનુષ્યોનો સંબંધ છે—એકબીજાના હૃદયનો સંબંધ છે, એવી લાગણી ઉત્પન્ન થાય તો જ જવાબદારીનું ભાન ઉત્પન્ન થઈ શકે. એવું ભાન ઉત્પન્ન થવા માટે માણસાઇના ગુણ—માનવ હૃદયની નિકટતાની લાગણી બન્ને પક્ષ વચ્ચે ઉત્પન્ન થવાની જરૂર છે.

જવાબદારીનું ભાન થવા માટે બીજી એક આવશ્યકતા તે પોતાને સોંપેલા કામમાં રસ ઉત્પન્ન કરવાની છે. રસ ઉત્પન્ન કરવા માટે એ કામ પ્રત્યે પ્રથમ મમત્વ ઉત્પન્ન થવાની જરૂર છે. બૅન્કનો કારકુન કે સરકારી કચેરીનો કારકુન યન્ત્રવત્ પોતાનું કામ કર્યે જાય, એની આંટીઘૂંટી સમજવાનો કે એને વધુ કાર્યક્ષમ, વ્યવસ્થિત અને કુશળતાસૂચક બનાવવા માટે તેનો ઊંડો અભ્યાસ કરવાની ઈચ્છા કરે નહિ, તો તેને કદી તેમાં રસ ઉત્પન્ન થઈ શકશે નહિ. અત્યારે દરેક ખાતાના ઉપરીની એ સામાન્ય ફરીઆદ છે કે નવા ભણેલા અને કેળવાએલા ગણાતા કાર્યકરોમાંથી ભાગ્યે જ કોઈને પોતાના કામનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાની ઇચ્છા થએલી જોવામાં આવે છે. નવુંનવું શીખવાની ઇંતેજારી તો કોઇનામાં જોવામાં આવતી જ નથી. એવું એક પણ કાર્ય નથી કે જેમાં રસપૂર્વક ધ્યાન આપવામાં આવે તો તેમાં વિશેષ સરળતા, ઓછો શ્રમ, વધુ સફાઈ અને સુઘડતા, વિશેષ સંતોષ અને આનંદ ઉત્પન્ન ન કરી શકાય. માથે નાખેલું કામ કરવાનું તો છે જ, ગમે ત્યારે પ્રણ તે કામ પોતાને જ પૂરું કરવાનું છે, તો પછી તે સારીરીતે રસપૂર્વક અને કાળજીથી કરવામાં શો વાંધો નડે છે તે સમજવું મુશ્કેલ છે.

જવાબદારીનું ભાન ન હોવાનું એક કારણ મોજમજાહ, સહેલ, થોડામાં થોડા શ્રમથી વધારેમાં વધારે પૈસા મેળવવાની અપ્રામાણિક ને ચોરીની વૃત્તિ, એ પણ ગણી શકાય. આનન્દ, ઉલ્લાસ,વિશ્રામ વગેરે ભોગવવાની ઇચ્છા સ્વાભાવિક છે; પરંતુ જીવન એટલા માટે જ નથી. જીવન કર્તવ્ય કરવા માટે છે. એ કર્તવ્ય બોજારૂપ ન લાગે માટે આનન્દ, ઉલ્લાસ અને મોજમજાહને તેમાં અવકાશ છે. એટલે પ્રથમ કામ અને કામના બદલામાં વિશ્વાસ, આનન્દ અને ઉલ્લાસ એવી મનોવૃત્તિ કેળવવી જોઇએ.

રાષ્ટ્રજીવનનું યંત્ર સરળતાથી ચાલે તે માટે દરેક ક્ષેત્રમાં, દરેક ઉદ્યોગ-ધંધામાં, પ્રત્યેક વ્યક્તિએ પોતાને ભાગે આવેલી નાનીમોટી જવાબદારી પ્રામાણિકરીતે પાર પાડવા માટે આગ્રહ હવે રાખવો જોઇએ. કાર્ય ભલે ગમે તેવું નાનું કે ક્ષુલ્લક હોય, પણ તેથી તેનું મહત્ત્વ રજમાત્ર ઓછું થતું નથી. જંગી યંત્રમાં એકાદ નાનો સ્ક્રૂ કે ચક્કર ભલે દેખાવમાં ક્ષુલ્લક લાગે, પણ સમસ્ત યંત્રનું સરળતાથી ચાલવું તેના પર અવલંબી રહ્યું હોય છે. આપણા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આપણે ભાગે આવેલી જવાબદારી ઈમાનદારીથી પાર પાડીએ એથી આપણી વ્યક્તિગત કિંમત ને વિશ્વાસ તો વધશે જ, પણ તે સાથે આપણા દેશની ચારિત્ર્યસપાટી પણ ઊંચે ચઢશે.

આ માટે શરૂઆત શાળાથી થવી જોઇએ. શાળાઓમાં વિદ્યાર્થીઓને જવાબદારીનાં કામ સોંપી, તે જવાબદારી તેઓ બરાબર પાર પાડે એવી તકેદારી રાખીને જીવનનાં કાર્યોમાં જવાબદારીના ભાનની કેળવણી આપી શકાય—આપવી જોઇએ.

(ભારતી) ગટુલાલ ગો. ધ્રુ

# પ્રબુદ્ધ જ્ઞાનમૂર્તિ અને અભિજાત સંસ્કારમૂર્તિ આચાર્ય આનન્દશંકર ધ્રુવ.



જેમની પ્રગાઢ વિદ્વત્તા, તપઃપૂત શીલ અને અદ્ભુત પ્રતિભાએ ગુજરાતને હિંદમાં ગૌરવ અપાવ્યું

જયતિ તેઽધિકં જન્મના જગત

(ભાગવત)

જેમના જન્મ અને જીવન વડે જગત ધન્ય અને વિજયવંત બને છે એવી જગત્‌ની એક વિરલ વિભૂતિ આનન્દશંકરભાઇ હતા. એમને મન જ્ઞાન કરતાં કોઈ પણ ચીજ વધારે પવિત્ર નહોતી અને જ્ઞાનની ઉપાસના એમણે અનન્ય ભક્તિ તથા આત્મત્યાગપૂર્વક જીવન પર્યંત કરી હતી. એમનો આત્મા એક એકાકી તારા જેવો જુદો તરી આવતો હતો, તથાપિ જીવનનાં નાનામાં નાનાં કર્તવ્યો પોતે સ-રસતાથી ને પ્રસન્નતાથી કરતા. સરસ્વતીનાં અમૃતઝરણાંમાંથી અગાધ રસપાન કરીને અને ધર્મનાં મૂળ તત્ત્વોને જીવનમાં મિલાવીને એમણે સત્યનો ખડક શોધ્યો હતો. આ ખડક ઉપર સમતાથી ઊભા રહી પોતે વિશાળ વિશ્વની સમીક્ષા કરતા ને એનાં અનન્ત રહસ્યો ઉકેલતા. ધર્મ એ જ જીવનનું કેન્દ્ર હોવાથી અનેક ગહન પ્રશ્નોનું સમાધાન પોતે કરી શકયા હતા. પોતે સાચા અર્થમાં 'સકલ પુરુષ' હતા.

વિદ્યા, સંસ્કારિતા અને વ્યવહારકુશળતા માટે ગુજરાતમાં પ્રસિદ્ધ એવી વડનગરા નાગર જ્ઞાતિમાં અમદાવાદમાં તેઓ જન્મ્યા હતા. એમના પિતામહ દયાશંકર ધ્રુવ સાધારણ સ્થિતિના ભગવત્પરાયણ સજ્જન હતા.

દયાશંકર ધ્રુવના એકના એક પુત્ર બાપુભાઇ ધ્રુવને પિતા પાસેથી ધન કે પ્રતિષ્ઠાનો વારસો મળ્યો નહોતો, પરંતુ એમનામાં સંસ્કારિતા અને કુટુમ્બના દેવો પ્રત્યે ભક્તિ ઘણી હતી. સાધારણ ગામઠી કેળવણી લઈ એમણે ઘણી નાની વયે માસિક પાંચ રૂપિયાના પગારથી સરકારી એજન્સી ખાતામાં કારકુનની નોકરી લીધી; પરંતુ થોડા સમયમાં જ બુદ્ધિશક્તિ, પ્રામાણિકતા અને કાર્યદક્ષતાને લીધે રાજકોટમાં પોલિટિકલ એજન્ટના દફતરદારની પદવી પ્રાપ્ત કરી. પોતે ઉદાર અને સંસ્કારી સજ્જન હોવાથી એમનું આતિથ્ય જ્ઞાતિમાં ઘેરઘેર પ્રશંસાપાત્ર બની ગયું. એમણે જાતકમાણીમાંથી રાજકોટમાં નાગરોના કુલદેવતા હાટકેશ્વરનું મંદિર બંધાવ્યું.

એ રાવસાહેબ બાપુભાઇને પ્રથમ પત્નીથી ચાર પુત્રીઓ હતી, પણ પુત્ર ન હતો. પ્રથમ પત્નીના અવસાન પછી એમણે લગભગ ચાળીશ વર્ષની મોટી ઉંમરે દસક્રોઈ તાલુકાના મામલતદાર મહીપતરાય હિંમતલાલ સૈયદનાં પુત્રી મણિબા સાથે લગ્ન કર્યાં. મણિબાથી એમને બે પુત્રીઓ અને એક પુત્ર થયાં. સને ૧૮૬૯ના જાન્યુઆરી માસની ૨૨મી તારીખે જન્મેલા પુત્રનું નામ આનન્દશંકર—'પુણ્યાત્માનો આનન્દ'—રાખવામાં આવ્યું.

આનન્દશંકરભાઈ શ્રીમન્ત પિતાના એકમાત્ર પુત્ર અને છ બહેનો વચ્ચે એક જ ભાઈ હતા. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એમના પિતા રાવબહાદુર બાપુભાઈ વડોદરાના નાયબ દિવાન નિમાયા હતા. એટલે આનન્દશંકરભાઇનું બાળપણ રાજકોટ ને વડોદરા વીત્યું.

થોડા સમયમાં જ પિતાએ નિવૃત્તિ લીધી અને પછી છેવટ સુધી અમદાવાદમાં આકાશેઠકૂવાની પોળના મકાનમાં રહ્યા.

શૈશવ અને કૌમારકાળમાં સમૃદ્ધિમાં ઊછરેલા આનન્દશંકરભાઈ નાના હતા ત્યારથી ગાડીમાં ફરતા, અને શાળામાં, મંદિરમાં કે બીજે જે જે સ્થળે જાય ત્યાં એક નોકર એમની સાથે રહેતો. પોતે ઉજ્જવળ અને રમણીય પોષાક પહેરતા. ઘોડે બેસવાનો એમને શોખ હતો અને દશેરાના દિવસે ઘરથી કાંકરિયા સુધી ઘોડા ઉપર બેસીને જતા. એમનું શરીર સુન્દર, ગૌર ને કાન્તિમાન હતું. એમનાં નેત્રોમાં ચમક હતી અને ચરણોમાં સ્ફૂર્તિ હતી. એમનાં નેત્રોની મનોરમતા અને તેજસ્વિતા એમની ઉત્તરાવસ્થામાં પણ સ્પષ્ટતાથી દેખાતી. એમની સમગ્ર ગતિ અને પ્રવૃત્તિમાં કોઈ અકથ્ય આકર્ષકતા હતી.

આ રમ્ય, મધુર અને વિશ્વસનીય વ્યક્તિત્વનું રહસ્ય એમના જ્ઞાનાર્જનમાં જડી આવે છે. શાળાના અભ્યાસ દરમિયાન એઓ વર્ગમાં મોખરે રહેતા અને તેજસ્વી બુદ્ધિને લીધે એમણે ગુરુઓનો પ્રેમ સંપાદન કર્યો હતો. મુંબાઇ યુનિવર્સિટીની મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં એઓ બીજે નંબરે ઉત્તીર્ણ થયા હતા અને પહેલા નંબરની અને એમની વચ્ચે માત્ર બે ગુણનું અંતર હતું. હાઈસ્કૂલના શિક્ષકોને એઓ કૃતજ્ઞતાપૂર્વક સંભારતા. ખાસ કરીને એમનામાં સંસ્કૃત વિદ્યાનો પાયો નાખનાર શ્રીયુત ભાસ્કરશાસ્ત્રીને.

પરંતુ આનન્દશંકરભાઈના સંસ્કૃત જ્ઞાનના ભવ્ય મંદિરનું ચણતર મૈથિલી પંડિતોને હાથે થયું. આ સર્વમાંથી પ્રથમ માન પંડિત બચ્ચા ઝા(ધર્મદક્ષ)ને ઘટે છે. પંડિત બચ્ચા ઝા, જગદીશ ને ગદાધર પછી 'નવ્યન્યાય'ના સમર્થમાં સમર્થ વિવરણકાર હતા. તેમની તથા બીજા સંસ્કૃત વિદ્વાનો પાસેથી આનન્દશંકરભાઇએ સંસ્કૃત વિદ્યાના અનેક મૂળ ગ્રન્થોનો અભ્યાસ કર્યો. ઉનાળાના પ્રખર તાપમાં નવ-દસ કલાક ન્યાય જેવા વિષયો શીખવામાં તેઓ ગાળતા. સમસ્ત હિન્દુસ્તાનમાં સંસ્કૃતજ્ઞ તરીકે જે અસાધારણ પ્રતિષ્ઠા તેમણે પ્રાપ્ત કરી તેનું મૂળ એમના અભ્યાસકાળમાં વિદ્યોપાર્જનમાં લીધેલા પરિશ્રમનું પરિણામ છે. સંસ્કૃત સાહિત્યના અધ્યયનમાં પોતે એટલા બધા પરોવાએલા રહેતા કે ફર્સ્ટ બી.એ.નાં પાઠ્યપુસ્તકોનું વાચન કરી શક્યા નહિ અને પરિણામે ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં નિષ્ફળ ગયા. પરંતુ બીજે વર્ષે ફર્સ્ટ અને સેકન્ડ બી એ.ની પરીક્ષા એકસાથે આપી ને બંનેમાં સફળતા મેળવી. ઈ. ૧૮૯૨ માં તેમણે એમ. એ. થયા પછી થોડાંક વર્ષોના અંતરે એલએલ.બી.ની પરીક્ષા પસાર કરી.

એમ એ. થયા પછી તુરત જ ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક આબાજી વિષ્ણુ કાથવટે, જેમને માટે આનન્દશંકરભાઇને પરમ માન હતું તે નોકરીમાં નિવૃત્ત થયા. એમણે પોતાનું ખાલી પડેલું સ્થાન લેવા આનન્દશંકરભાઈને ખાસ દબાણ કર્યું. આનન્દશંકરભાઈના પિતાશ્રીની અને એમના પરમ મિત્ર શ્રીયુત રણછોડલાલ છોટાલાલની એ સ્થાનનો આનન્દશંકરભાઈ સ્વીકાર કરે એવી ખાસ ઇચ્છા હતી. પણ આનન્દશંકરભાઇનો આદર્શ વકીલાતના ધંધામાં જસ્ટીસ તેલંગ જેવા થવાનો હતો. આખરે પિતાની ઇચ્છાને માન આપી આંખમાં આંસુ સાથે એમણે ગુજરાત કૉલેજના સંસ્કૃતના અધ્યાપકનું પદ સ્વીકાર્યું અને ૧૮૯૨થી ૧૯૧૯ સુધી તે શોભાવ્યું.

ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપકનું સ્થાન પ્રાપ્ત કર્યા પછી થોડા જ વખતમાં આનન્દશંકરભાઈ ઉત્તમ શિક્ષક તરીકે વિખ્યાત થયા. સંસ્કૃતના વિષયમાં એમની ઊંડી વિદ્વત્તા, અંગ્રેજી ભાષા અને સાહિત્ય ઉપર એમનું અદ્ભુત પ્રભુત્વ, એમનો અપાર વાગ્વૈભવ, એમનું અપૂર્વ અર્થદર્શન, એમની મહાનુભાવ આકૃતિ, એમનું સત્ય મૂલ્યાંકન, એમનું સમતોલપણું ઈત્યાદિ ગુણો વડે એઓ વિદ્યાર્થીઓનાં ચિત્ત ઉપર જાદુઈ અસર કરતા. સંસ્કૃત ગદ્ય, પદ્ય, નાટક, તર્કભાષા, અલંકાર, તત્ત્વજ્ઞાન, જે કોઈ વિષયને તેઓ સ્પર્શતા તેને તેઓ શોભાવતા. અને વિદ્યાર્થીઓના તો તેઓ આદર્શ શિક્ષાગુરુ હતા. વિદ્યાર્થીઓની સકલ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા, તેમને વિશાળ વાચનનો શોખ લગાડતા અને પોતાના સમૃદ્ધ ગૃહવાચનાલયમાંથી વાંચવા માટે પુસ્તકો આપતા. ગરીબ વિદ્યાર્થીઓને જાતે શિષ્યવૃત્તિઓ પણ આપતા. પોતે બહુશ્રુત વિદ્વાન હોવાથી સંસ્કૃત ઉપરાંત અંગ્રેજી સાહિત્ય, અંગ્રેજી નીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન પણ શીખવતા. ટૂંકામાં આખા મુંબાઈ પ્રાંતની મહાશાળાઓમાં તે વખતમાં એક સમર્થ અધ્યાપક તરીકે એમણે નામના મેળવી. ઈ. ૧૯૦૭-૮માં પોતે ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ તરીકે એક વર્ષ કામ કર્યું; અને ૧૯૧૬માં એઓ વેદાન્તમાં યુનિવર્સિટીના પોસ્ટ ગ્રૅજ્યુએટ લેક્ચરર નિમાયા હતા.

એમનાં અધ્યયન અને અધ્યાપન જેટલાં તેજસ્વી અને પ્રતાપવંતાં હતાં તેટલાં જ પ્રાગતિક અને પ્રાસાદિક હતાં. એમનાં વ્યાખ્યાનોમાં એમનું લક્ષ્ય શ્રોતાજન ઉપર અસર કરવાનું ન રહેતાં એમને સત્યની ખાતરી કરાવવાનું રહેતું. એઓ લાગણી નહિ પણ બુદ્ધિને જગાડતા અને બુદ્ધિના પ્રકાશમાં લાગણીને જાગૃત કરતા. એમનું વિશાળ ઘટનાશાલી મહાસાગર જેવું માનસ હમેશાં ભરતીની સ્થિતિમાં રહેતું અને એના ઊભરાતાં જળમાંથી જિજ્ઞાસુ પોતાની જરૂરિયાત પ્રમાણે જ્ઞાનજળનું પાન કરી પિપાસા તૃપ્ત કરતો.

**આ**નંદશંકરભાઇએ બે વાર લગ્ન કર્યું હતું. સોળ વર્ષની વયે એઓ શ્રી ગુલાબરાય મહાશંકર મુનશીનાં પુત્રી સૌ. અન્દુબાને પરણ્યા. અન્દુબામાં ઉત્તમ સ્ત્રીત્વ, યથોચિત બુદ્ધિ અને પ્રશસ્ય કાર્યશક્તિ હતાં. એમને ઘરની અગાસીમાં પતંગ ઉડાડવાનો અને તરવાનો બહુ શોખ હતો. પતિની જ્ઞાનવિકાસની પ્રવૃત્તિમાં એમને ઘણો રસ હતો અને પતિ એમ. એ. થાય એવો મનોરથ હતો. પરંતુ આ દામ્પત્યસુખનો ચારપાંચ વર્ષમાં જ અંત આવ્યો. ચીનુબા નામનાં એક અઢી વર્ષનાં પુત્રી અને આઠ માસનો બાલપુત્ર મૂકી નાની વયે તે સ્વર્ગવાસી થયાં. એ વખતે આનન્દશંકરભાઈની ઉમર વીસ વર્ષની હતી. એ પુત્ર પણ દોઢ વર્ષનો થયા પછી અવસાન પામ્યો.

અન્દુબાના અવસાન પછી ત્રણચાર વર્ષ બાદ, માતાપિતાના અત્યાગ્રહને વશ થઇ ગ્વાલિયરના રાજસેવક શ્રી ભગવંતરાય મુનશીનાં પુત્રી અમીરબાને આનન્દશંકરભાઇ પરણ્યા. આ લગ્ન પણ પ્રથમ જેવું જ સુખી હતું. એ લગ્નથી ત્રણ પુત્રો અને એક પુત્રી થયાં, જેમાંનો મોટો પુત્ર એક વર્ષનો થઇને અવસાન પામ્યો, અને ત્રણ સંતાનો—ધ્રુવભાઇ, પ્રહલાદભાઇ અને ડૉલી બ્હેન ઊછરી આવ્યાં.

નિવૃત્તિના સમય દરમિયાન રાવસાહેબ બાપુભાઇનું ચિત્ત ગૃહદેવતાની પૂજામાં સવિશેષ હતું. એમનો દેખાવ આજન્મ અમીરનો હતો ને એમની રહેણીકરણી ગૌરવયુક્ત હતી. પુત્ર પ્રત્યે એમનો અપાર પ્રેમ હતો. કવિવર રવીન્દ્રનાથના પિતાની પેઠે, બાપુભાઇએ ભારે સંભાળપૂર્વક પુત્રના આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાન ને સંસ્કારનું વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું. દેવેન્દ્રનાથ ટાગોર અને બાપુભાઈ ધ્રુવ બંનેએ અનેક અભિલાષી માબાપોને ઉત્તમ ઉદાહરણ આપ્યું છે કે કવિ અને તત્ત્વજ્ઞ બંને જન્મે છે તે કરતાં પણ વિશેષ બનાવાય છે. મનુષ્યના સર્જનમાં મનુષ્ય-પ્રયત્નનું મૂલ્ય અસીમ છે.

આનન્દશંકરભાઇને પણ પિતા પ્રતિ પરમ આદર હતો. હિન્દુ ધર્મનું એની સમગ્રતામાં એમણે પ્રથમ દર્શન પિતાના 'જૂની રીતના


ભાઇએ નિત્યની પૂજા ઉપરાંત રોજ ભગવદ્‌ગીતા, સપ્તશતી અને ચંડીપાઠમાંથી કેટલાક ભાગનો અભ્યાસ કરવાનું રાખ્યું હતું. પોતાના ઘરના એકાન્ત ખંડમાં વિવિધ પ્રકારનાં પુસ્તકોનું પરમ પુરુષાર્થપૂર્વક તેઓ પરિશીલન કરતા. નિત્યકાર્ય વિષે બનાવેલા એમના એક નિયમિત ટાઇમ ટેબલમાં પુસ્તકોનું અધ્યયન સહુથી પ્રધાન કાર્ય રહેતું. જે જે પુસ્તકો પોતે વાંચતા તેની નોંધ પણ રાખતા; અને પચ્ચીસ વર્ષ ભાગ્યે જ પૂરાં કર્યાં ત્યાં તો જગતના સર્વ ધર્મો અને તત્ત્વદર્શનોનો સૂક્ષ્મ અને વિગતવાર અભ્યાસ પોતે કરી ચૂકયા હતા અને ઘણા અગત્યના મુદ્દાઓ વિષે નિર્ણયો ઉપર પણ આવ્યા હતા. એ વયે પણ એમનામાં માધુર્ય અને પ્રકાશ બંને ઊભરાતાં હતાં.

પુત્રના આવા સર્વાંગપૂર્ણ વિકાસથી પરમ સંતોષ પામી રાવ સાહેબ બાપુભાઈ ૭૧ વર્ષની ઉંમરે ૧૮૯૩માં કૈલાસવાસી થયા. પિતાના પરલોકગમનથી આનન્દશંકરભાઇને ભારે આઘાત થયો. સ્મશાનઘાટ ઉપર જ પિતાના ઔર્ધ્વદેહિક સંસ્કાર વખતે સખત ટાઢ લાગવાથી તેમને મૂંઝારો થઈ આવ્યો અને એમના મામા શ્રીયુત્ અમૃતરાયભાઇએ સમયસર ડહાપણ દેખાડ્યું ન હોત તો કદાચ તે વખતે જ એમનું અવસાન થાત. પિતાના મૃત્યુ વખતની આ માંદગીની અસર તબિયતમાં કાયમની રહી ગઈ. ફેફસાંમાં નબળાઈ આવી અને મળું ચંચળ બની ગયું. પરંતુ પોતે રોજના જીવનની બુદ્ધિપૂર્વક વ્યવસ્થા કરી ખાવાપીવામાં સંભાળ રાખવા માંડી અને નાજુક શરીર પાસેથી પણ ઘણું કામ લેવાની ટેવ પાડી. રાત્રે વહેલા સૂઇ સવારમાં વહેલા ઊઠતા. શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા નિયમિત કરવા માટે તેમણે સંગીતનો અભ્યાસ પણ આરંભ્યો અને એક સારા સંગીતકાર પાસેથી એ વિષયનું શિક્ષણ લીધું.

**આ**નન્દશંકરભાઈએ સત્તર અઢાર વર્ષની સુકુમાર વયે સાહિત્યપ્રવૃત્તિ આદરી હતી. સંસ્કૃત કાવ્ય, નાટક, અલંકાર વગેરે સંસ્કૃત સાહિત્યના નવા પ્રદેશોનું પોતે જે રસદર્શન કર્યું હતું એથી પ્રસન્ન થઈ એ પ્રાચીન ગ્રન્થોની પ્રશંસામાં સંસ્કૃતમાં પોતે પ્રશસ્તિઓ પણ રચી હતી. એમની સંસ્કૃતની વિદ્વત્તાએ ગુજરાતના મહાન સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. સને ૧૮૮૬ માં પ્રીવિયસની પરીક્ષામાં તેઓ બેઠા ત્યારે મણિલાલ એમનો સંસ્કૃતનો જવાબપત્ર જોઈને મુગ્ધ થયા હતા.

મણિલાલ સાથે પોતાનો સંબંધ શી રીતે થયો તે વિષે આનન્દશંકરભાઈ લખે છે: 'હું બી.એ. પાસ થયો તે પછીના વર્ષની આખરે મણિલાલના 'સિદ્ધાંતસાર'નાં બસો પાનાં મેં એકી બેઠકે વાંચ્યાં હતાં, અને એ પુસ્તક ઉપર હું મુગ્ધ થયો હતો... મેં 'સુદર્શન'ના એ તન્ત્રીને પત્ર લખ્યો કે મને 'પ્રિયંવદા' ને 'સુદર્શન'ના આજ સુધીના બધા અંકો વી.પી. થી મોકલો. આના જવાબમાં તુરત એક પાર્સલ આવ્યું, પણ તે સાદું, વી.પી નહિ એની સાથે ટપાલમાં રા. મણિલાલનો પત્ર આવ્યો કે 'મારી પાસે જૂના પ્રિયંવદાના અંકોની માત્ર એક જ ઑફિસ નકલ હતી તે, તથા પછીના 'પ્રિયંવદા' અને 'સુદર્શન'ના આજ સુધી પ્રસિદ્ધ થએલા સઘળા અંકોની એકએક નકલ મોકલું છું, એ સ્નેહની ભેટ તરીકે સ્વીકારીને મને ઉપકૃત કરશો. તમે પ્રીવિયસની પરીક્ષામાં હતા ત્યારથી હું તમને ઓળખું છું.' આ ક્ષણથી જ મારો મણિલાલ સાથે સંબંધ થયો.'

આગળ જતાં આ સંબન્ધને પરિણામે આનન્દશંકરભાઇએ ધર્મ, તત્ત્વજ્ઞાન, રસશાસ્ત્ર વગેરે વિવિધ વિષયો ઉપર મણિલાલનાં



આનન્દશંકરભાઈ અમદાવાદમાં આકાશેઠકુવાની પોળવાળા પોતાના ઘરના વાચનખંડમાં સ્વાધ્યાય કરતા (ફોટો · રવિશંકર રાવળ)

માસિકોમાં વિદ્વત્તાથી ભરેલા લેખો લખવા માંડ્યા. પોતે મણિલાલને મળવા કેટલીકવાર નડિયાદ પણ જતા અને એમની સાથે જ્ઞાનગોષ્ઠિ કરતા. સને ૧૮૯૭માં શૂળની પીડાથી મણિલાલનું અવસાન થયું. એ પછી પોતે ચાર-પાંચ વર્ષ 'સુદર્શન'ના તન્ત્રી રહ્યા.

પરંતુ ઓગણીસમી સદીના સમાપ્તિકાલે ગુજરાતનું જીવન જે અનેક દિશાઓમાં વિસ્તરતું જતું હતું એનો સાક્ષાત્કાર આનન્દશંકરભાઇને થવા માંડ્યો. 'બુદ્ધિપ્રકાશ'નો સુધારાનો યુગ પૂરો થયો હતો અને 'સુદર્શન'નો તત્ત્વચિન્તનનો યુગ નવી જરૂરિયાતોને પૂર્ણ કરવામાં અપૂર્ણ જણાયો હતો. આનન્દશંકરભાઇને ક્ષિતિજ ઉપર ઉદય પામતા નવા યુગનું દર્શન થયું. નવીન વિચારોનો પ્રવાહ અનર્ગળ વહેતો હતો ને જૂની મર્યાદાઓ એકાએક અદર્શન પામતી હતી. નિત્યનિરંતર વિસ્તરતા એ નવયુગના જીવનની આકાંક્ષાઓ અને અભિલાષાઓને સંતોષે એવું એક પત્ર કાઢવું એ આનન્દશંકરભાઇને યુગધર્મ જણાયો, અને એમણે 'સુદર્શન'ના તન્ત્રીપદમાંથી નિવૃત્ત થઈ સને ૧૯૦૨માં 'વસન્ત'નો આરંભ કર્યો.


'વસન્ત' કોઈ અમુક મત અથવા સંપ્રદાયનું પત્ર નહોતું, પરંતુ સર્વ વિચારોને આવકાર આપતું ઉદાર પત્ર હતું. તેમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, કાવ્ય, નીતિશાસ્ત્ર, રાજકારણ, કેળવણી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન, સંશોધન ને સાહિત્ય તથા જીવનના અનેક પ્રકારનાં સ્વરૂપો મુખ્ય હતાં. ચાળીસ વર્ષની એની કારકિર્દીમાં આનન્દશંકરભાઇએ 'વસંત' દ્વારા ગુજરાતનું બૌદ્ધિક જીવન ઘણે દરજ્જે ઘડ્યું છે. એમની સર્વતોમુખી વિદ્વત્તાની પ્રબલ છાપ 'વસંત'નાં પાનાંમાં ઊઠી આવી છે. પોતાની તેજસ્વી કલમ વડે તેમણે 'વસંત'ને ગુજરાતની ભાવનાઓ ને સંસ્કારિતાનું પ્રતિનિધિ બનાવ્યું. એમની તંત્રીસ્થાનની નોંધો ને 'હિંદહિતચિંતક' તરીકેના રાજકારણી લેખોએ ઉત્કૃષ્ટ લખાણના નમૂનાઓ તરીકે ભાષામાં કાયમી ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

'**વ**સન્ત' પત્રે અને આનન્દશંકરભાઈના 'નીતિશિક્ષણ'ના પુસ્તકે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનું પણ ધ્યાન ખેંચ્યું હતું. (અનુ૦ પૃ. ૧૪૨ અ)

# અંધારે

## માત્ર એટલું ચકાસી જોવા કે ભયંકરતાની કેટલી માત્રા તમે જીરવી શકો

શ્રી શરદિન્દુ વંદ્યોપાધ્યાયની એક વિશેષ નવતર નવલિકા ★ અનુવાદક · રમણિક મેઘાણી



થોડાંક વર્ષ ઉપર શ્રાવણની એક રાતે ભયંકર વાવાઝોડા સાથે પડેલા મૂશળધાર વરસાદને પરિણામે કલકત્તા શહેરમાં બબ્બે હાથ જેટલું પાણી ભરાઈ ગએલું તે કદાચ ઘણાને યાદ હશે. કલકત્તામાં જળનિકાસની સુંદર વ્યવસ્થા હોવા છતાં શહેરના કો'ક કો'ક ભાગમાં અર્ધા કલાકની જોરદાર વર્ષાને પરિણામે ગોઠણ-બૂડ પાણી ભરાઇ જાય એમાં નવાઇ જેવું કંઇ નથી. પરંતુ એ દિવસની એ આંધી વર્ષા તો એવી હતી કે છેલ્લાં ચાળીસ વર્ષમાં કોઇએ એવું ચોમાસું જોયું જ નથી. વીજળીના તાર તૂટી પડતાં, ને સુધરાઇની બત્તીઓ બુઝાઇ જતાં એ રાત્રે આ મહાનગરી એકદમ અંધારી બની ગઈ હતી. સાચુંજૂઠું તો ભગવાન જાણે, પણ સાંભળ્યા મુજબ પાંચ પૈસાની મીણબત્તીના એ રાતે બે રૂપિયા સુધી ભાવ બોલાયા હતા.

હું બાદુડબગાનમાં રહેતો. સાંજે કંઈક જરૂરી કામે હાવડા બાજુ ગયો હતો. કામ પતાવતાં સાત વાગી ગયા. પાછા વળતાં ચા પીવા દર્માહટ્ટાની એક નાની હૉટેલમાં પેઠો. બહાર ત્યારે ઝરમર ઝરમર વર્ષા શરૂ થઈ હતી. રસ્તા પરના દીવાઓનો પ્રકાશ કાચ પરનાં વર્ષા-બિંદુને ભેદીને ધૂંધળો બની બહાર આવતો હતો. મારે કંઇ ચિંતા ન હતી. છત્રી મારી સાથે હતી. હું નિરાંત જીવે ચા પીતો હતો.

હૉટેલમાં બહુ માણસો નહોતા. એક આધેડ વયનો પ્રૌઢ અને લાંબા વાળનાં ઓળિયાંવાળો એક જુવાન બે જ ઘરાકો હતા. એ બેઉ ઑઇલ-ક્લૉથ આચ્છાદિત ટેબલ પર કોણી ટેકવી, દાની ઘોષ ભાદુડીના અભિનય વિષે ગરમાગરમ ચર્ચા ચલાવતા હતા. ચા-પાણીનો એમનો અને શિશિર કાર્યક્રમ પૂરો થયે તો સારી એવી વાર થઈ હતી, પણ એમની ચર્ચાનો યોગ્ય ફેંસલ ન આવતો હોઇને તેઓ ત્યાંથી ખસી શકતા ન હતા.

યુવાન બોલ્યો : 'જાણો છો મોશાય, શિશિર બાદુડી એમાં શરૂથી આખર સુધી બુઢ્ઢા આલમગીરનો પાઠ ભજવે છે, છતાં એકવાર પણ એના દાંત દેખાતા નથી.'

પેલો આધેડ પુરુષ ખિખિયારી કરીને બોલ્યો : 'તે તેમાં બહુ મોટી કરામત કરી કેમ ? દાંત હોય જ નહિ તો દેખાય ક્યાંથી ? અને દાંત બહાર ન દેખાય એટલે જ એ મહાન અભિનેતા ગણાય ?'

'તમે પણ બુઢ્ઢા થયા છો. દાંત બહાર ન દેખાય એ રીતે જરા વાત કરો જોઉં ?' યુવાન રોષે ભરાયો.

આ ચર્ચા સાંભળતાંસાંભળતાં ચા પીતાં પંદરેક મિનિટ વીતી ગઈ. ચા પૂરી કરી પૈસા ચૂકવી ત્યાંથી બહાર નીકળું છું (પેલો યુવાન ત્યારે દાની ઘોષ વિષે અત્યંત માનહાનિકર વાતો બોલી રહ્યો છે) એ જ સમયે સૂ-સૂ કરતું મત્ત હવાનું એક મોજું આવી બારીબારણાં અફળાવતું પસાર થઈ ગયું. આંખો આકાશ સામે ઊંચી કરતાં એ એક પ્રચંડ નીલવર્ણા ઝબકારાથી અંજાઈ ગઇ, અને પછી મોટા કડકડાટથી કાન જાણે એકદમ બધિર બની ગયા. એ દરમિયાન મેં જોયું કે આકાશમાં દિગન્તવ્યાપી કાજળ-કાળાં વાદળો પર એથી યે વધુ કાળાં વાદળો જામ્યાં છે. ક્યાંય એક તલ જેટલી પણ જગ્યા ખાલી નથી. આકાશમાં ચારે કોર ઘોર શ્યામલતા વ્યાપી ગઈ છે.

ને પછી તૂટી પડ્યો ધોધમાર વરસાદ. મારગ પરનાં સુધરાઇનાં ફાનસોના કાચ વર્ષાબિન્દુથી છવાઇ જતાં પ્રકાશ તદ્દન ધૂંધળો બની ગયો; માત્ર એની ચોતરફથી ગોળાકાર પ્રભા બહાર દેખાવા લાગી.

હું પાછો ફરીને હૉટેલમાં બેસી ગયો અને છોકરાને બૂમ પાડીને કહ્યું: 'એક બીજો કપ ચા આવવા દેજે તો છોકરા!'

એકાએક વરસાદ તૂટી પડતાં પેલા ચર્ચાખોર બેઉનો મતભેદ એકદમ અટકી ગયો હતો. હવે એમણે ફરી શરૂઆત કરી: 'દાની ઘોષ ધારે તો શિશિર ભાદુડી જેવા પાંચને હજમ કરી જાય હજમ !'

ઓળિયાંધારી યુવાન હવે કોઈ આકરો શબ્દ પ્રહાર કરવા તૈયારી કરતો હતો, એને અટકાવીને મેં કહ્યું : 'રહેવા દો ને ભાઈ! દુનિયામાં દાની ઘોષ અને શિશિર ભાદુડી સિવાય બીજું કોઈ છે જ નહિ શું ?'

ઓળિયાંધારી યુવાન સિંહની જેમ મારી તરફ ફરીને બોલ્યો: 'મિસ્તર, ચા પીતા હો તો પી લો. નાહકના બકબક કરશો નહિ.'

હું ચા પીવા લાગ્યો.

ધીરેધીરે આઠ વાગ્યા. વર્ષાને જાણે થાક જ નહોતો લાગતો. એ તો એ જ જોરથી સતત પડી રહી હતી. હવે એની સાથે ઠંડો પવન ફૂંકાવો શરૂ થયો. મારગ પર લોકોની આવજા પણ ઓછી થઇ ગઈ હતી. નવ વાગ્યા. બહાર વર્ષા ને અંદર ચર્ચા એકધારી ચાલી રહી હતી. અજબ નિષ્ઠાવાન હતા એ બેઉ જણા. હજુ યે તેઓ દાની ઘોષ અને શિશિર ભાદુડીનો પક્ષ લઈ એકબીજાને બટકાં ભરી રહ્યા હતા. એમને માટે દુનિયામાં એ સિવાય અન્ય કંઈ વાત જ નહોતી.

સાડા નવ થયા. વધુ ન રહેવાતાં હું ઊભો થઈ ગયો. ગમે તેમ કરીને પણ ઘેર પહોંચવું જ રહ્યું. પણ જવું કેમ ? છત્રીથી આ વર-સાદનો સામનો શક્ય નહોતો, પાંચ જ મિનિટમાં એ લદબદ થઈ

લોચો બની જાય. એક તો મારો કોઠો જ શરદીનો, પછી ન્યુમોનિયા થતાં શી વાર લાગે? હવે તો વરસાદ પણ વધ્યો હતો. પવનનો વેગ પણ ઓચિંતાનો એકદમ વધ્યો. એકવાર બહાર ડોકિયું કરી ફરીને હું હતો ત્યાં જ આવીને બેસી ગયો.

હૉટેલવાળો છોકરો નિરાંત કરીને સગડી પાસેની ભીંતને અઢેલીને ઉભડપગે બેઠો છે. માથા ઉપર ધુમાડાથી ઝાંખો પડેલો વીજળિક દીવો પીળો પ્રકાશ ધરી રહ્યો છે. બહાર આજુબાજુની બધી દુકાનો બંધ થઇ ગઈ છે. ટ્રામની ઘરઘરાટી કે મોટરનાં ભૂંગળાં હવે સંભળાતાં નથી. યુવાન બોલ્યો : 'શિશિર ભાદુડી...'

બરાબર એ જ વખતે ઓચિંતી વીજળી ગુલ થઇ ગઇ.

થોડી વાર એકદમ નીરવતા રહી.

હૉટેલવાળો છોકરો જાડા સાદે બોલ્યો : 'લાઇન ચાલી ગઇ છે. અત્યારે હવે કયાંથી મરામત થાય? દીવાસળી આપો તો લૅમ્પ પેટાવું.' અંધારામાં હાથ લાંબો કરી એને દીવાસળી આપી. લૅમ્પ પ્રગટયો. એક ધૂંધળા પ્રકાશ અને ગંધાતા ધુમાડાથી વાતાવરણ ભરાઈ ગયું.

આટલી વારે પેલા પ્રૌઢ સજ્જન બોલ્યા: 'એ નીલમણિ, કીટલી ફરી ચડાવ. બીજો એક કપ આવવા દે.'

મારા તરફ એક વેધક નજર ફેંકી પેલો 'ઓળિયો' બોલ્યો: 'સિગારેટ છે ?' ખીસામાંથી સિગારેટ કેઈસ કાઢી મેં એને આપી. તેમાંથી થોડીક સિગારેટ કાઢી લઈ એણે એ એવી રીતે મારા તરફ ફેંકી અને મારી સામે પીઠ કરી કે કેમ જાણે મારે જીવતા રહેવાની હવે કંઈ જરૂર જ ન હોય. હવે હું જાણે કોઇને કશા યે ખપનો ન હોઉં!

પેલા પ્રૌઢ સજ્જન બહાર તરફ એક ઉદાસીન નજર નાખી બોલ્યા: 'આ વરસાદમાં બહાર નહિ નીકળાય. સુધરાઇના દીવા પણ બધા બુઝાઇ ગયા લાગે છે! અરે રામ!' આટલું કહી ફરી એમણે પેલી અજોડ વાત છેડવી શરૂ કરી.

બહાર જઇને જોયું તો સાચે જ સુધરાઇના દીવા પણ અદૃશ્ય બન્યા હતા. ચારે બાજુ ઘોર અંધારું! કયાંય કોઈ જ માણસ દેખાતું નહોતું. માત્ર અવિરતપણે વરસતી વર્ષાનો ઝુપઝુપ રવ સંભળાતો હતો. મેં ફરીને એક કપ ચા ચડાવી. પેલા પ્રૌઢ સજ્જન બોલ્યા: 'આજે હવે ઘેર પાછા ફરાય તેવું લાગતું નથી. નીલમણિ, વરસાદ રહે એટલે મને ઉઠાડજે.' ને એ બાંકડા ઉપર આડા પડયા. પેલો યુવાન આડું-અવળું જોયા વિના એક ચિત્તે મારી સિગરેટો ફૂંકવા લાગ્યો.

પણ મારે બાંકડા પર રાત વિતાવવી પાલવે એમ નહોતું. ઘેર જવું જ જોઇએ. ઘેર પત્ની અને બે બાળકો એકલાં જ છે. કામવાળી પણ કદાચ પોતાને ઘેર ચાલી ગઈ હશે. પણ આવા તોફાની વરસાદમાં જવું પણ કેમ ? ઘડિયાળ તરફ જોયું તો—અગિયાર!

પેલા પ્રૌઢ સજ્જનના નાકમાંથી વચ્ચેવચ્ચે કંઈક અસ્વાભાવિક અવાજ આવતો હતો. પેલો યુવાન એકચિત્તે સહજ જોઇ રહ્યો હતો કે કયારે પેલો ઊઠે અને હું નવેસરથી એને કંઈક આકરું સંભળાવું.

રાત જેમજેમ વધતી હતી તેમતેમ મારા મનની ચિન્તા-અસ્થિરતા વધ્યે જતી હતી. પણ આ તરફ આંધી-વર્ષાના ઉદ્દામ નૃત્યમાં તો શિથિલતાનાં લક્ષણ શોધ્યાં યે દેખાતાં નહોતાં.

ઘડિયાળના કાંટા સરકતાસરકતા પોણા બાર ઉપર પહોંચ્યા. ધુમાડિયા લૅમ્પની જ્યોત હવે બુઝાવા આવી હતી. હૉટેલના છોકરાએ ઊભા થઇને એકવાર લૅમ્પ હલાવી જોયો ને કહ્યું: 'તેલ થઈ રહ્યું છે. હવે માંડ પાંચેક મિનિટ ચાલશે.'

એકાએક પેલા પ્રૌઢ સજ્જનનાં નસકોરાં એકવાર અધવચથી અટકયાં, અને ઊઠીને બેઠા થઈ એમણે પૂછયું : 'કેમ, વરસાદ અટકયો કે?'

'ના, બાબુ. પણ લૅમ્પમાં તેલ ખૂટયું છે, દીવો જાય છે.' નીલમણિએ ઉત્તર આપ્યો. અને—'એમ ?' કહેતાં એ પ્રૌઢ ફરીથી આડે પડખે થવાની તૈયારીમાં પડયા.

માંડમાંડ હાથ આવેલા શિકારને છટકતો ભાળી પેલા યુવાનથી ન રહેવાયું. એ બોલ્યો : 'મેં નહોતું કહ્યું કે શિશિર—'

મારા મગજમાં લોહી ચડી આવ્યું. ચીસ પાડતાં મેં કહ્યું: 'ખબરદાર કહું છું! ફરી જો એ વાત છેડી છે તો તારા આ ઓળિયા જ ઉખેડી નાખીશ મૂળમાંથી.' ઓચિંતાની મારી આ ક્રૂરતાથી પ્રૌઢ ને યુવાન બન્ને સ્તંભિત થઈ ગયા ને એકીટશે મારી સામે જોઇ રહ્યા.

હૉટેલવાળા છોકરાએ કહ્યું : 'જુઓ, વરસાદ હવે જરા મોળો પડયો છે. ઝટ ઘર ભેગા થવા નીકળી પડો. મારે યે હૉટેલ વધાવવી છે.' એના સાદમાં કડવાશ હતી. આતુરતાપૂર્વક બહારની બાજુ જોયું તો સાચે જ વરસાદ હવે ઠીકઠીક મોળો પડયો હતો. આંધી યે અટકી હતી. સતત પાંચ છ કલાક બખેડાટી બોલાવ્યા પછી હવે જાણે એને પણ થાક ચડયો હતો. છત્રી લઈને હું નીકળી પડયો. હવે મોડું કર્યે નહિ પાલવે. જવું હોય તો અત્યારે જ ટાણું હતું.

ત્યાં તો પાછળથી પેલા 'ઓળિયા'નો સાદ સંભળાયો:'મોશાય, થોડી દીવાસળી આપશો કે?' રોષથી હું સળગી ઊઠયો. આવે ટાણે પાછો સાદ! ખીસામાંથી બાકસ કાઢી ટેબલ પર ફેંકી હું નીકળી પડયો.

ઘાસલેટિયો લૅમ્પ ટમ્ ટમ્ કરતો બે વાર ઝબકી બુઝાઈ ગયો.

કેવું અંધારું! એક વિરાટકાય શહેર ગજબના ચોમાસાની આવી રાતે એકાએક પ્રકાશ-વિહોણું થઇ જતાં કેવું-કેટલું ભયાનક અંધારું પ્રવર્તી રહે એની કલ્પના કરવી આકરી છે. આંખો ખૂબ કસકસાવીને પાટા બાંધીએ અથવા એકદમ આંધળા થઇ જઇએ તો યે આથી વધુ અંધારું અનુભવી ન શકાય. અપલક આંખો કયાંયે આશ્રય ન મળતાં ફાટી જ રહે છે ને બીજી ઇન્દ્રિયો તીક્ષ્ણ ને જાગ્રત બની જાય છે.

પહેલે ઝપાટે સારું એવું અંતર વટાવી એક જગ્યાએ જઈ જરા અટકીને ઊભો રહ્યો. કયાં જાઉં છું ? કઇ બાજુ જઈ રહ્યો છું? એ વિષે વિચાર કર્યા વિના ઘેર પહોંચવાની અત્યંત ઉતાવળે આઘુંપાછું જોયા વિના બહાર તો નીકળી પડયો હતો. પરંતુ આ કાળા ઘોર અંધારામાં મારગ શોધવો શી રીતે ? હૉટેલમાંથી બહાર નીકળીને કઇ દિશામાં ચાલેલો એ બરાબર યાદ ન હતું. કદાચ ઘરથી તદ્દન ઉલટી જ દિશામાં ચાલ્યો હોઇશ. હવે શું કરવું ?

પરંતુ મારગ વચ્ચે મૂગામૂગા ઊભા રહ્યે ઓછો કંઇ ઉકેલ આવવાનો છે? ગમે તે એક બાજુ ચાલવું જ પડશે. એમ ચાલતાંચાલતાં કયાંક માનવી યા પ્રકાશ સાંપડી જાય એ સંભવિત છે. અને હું સીધેસીધો આગળ ધપવા માંડયો.

આંધી ને વરસાદ આખરે એક ઊંડો, વિષાદભર્યો શ્વાસ લઇ અટકી ગયાં. પણ પછી દુર્ભેદ્ય અંધારા ઉપર એક બીજી વસ્તુ ચડી બેઠી. એ હતી આ મધરાતની ભયંકર નીરવતા. વરસાદના ઝુપઝુપ શબ્દ અને ફુંકાતા પવનના સુસવાટામાં જે વસ્તુ દબાઇ ગઈ હતી તે હવે નગ્ન સ્વરૂપે દેખાવા લાગી. આ પૃથ્વી પરનાં માનવીમાત્ર જાણે મરી પરવાર્યાં છે અને હું એકલો જ જાણે બચી જવા પામ્યો છું. આ અખિલ બ્રહ્માંડમાં હું તદ્દન એકલો જ જાણે રહી ગયો છું!

દિશાદોર ભૂલ્યો હું આડેધડ ભાગ્યે જતો હતો. મનમાં ઊંડેઊંડે આ એક આકાંક્ષા જ અદમ્ય થઇ ઊઠેલી કે, 'માનવી જોઈએ છે, સાથી જોઇએ છે. ગમે તે રીતે આ અસહ્ય એકલતામાંથી મારે મુક્તિ જોઈએ છે.' પણ વધુ દૂર જવું ન પડયું. જરાક આગળ જતાં એક જબરદસ્ત આંચકો લાગતાં હું કમરબૂડ પ્રાણીમાં જઇ પટ-

કોયા. હાથમાંના છત્રિ ઊડીને કયી જઇ પડી તેનું ભાન જ ન રહ્યું.

ઝટપટ ઊભા થતાં જોયું તો પાણી કમરબૂડ નહિ પણ ગોઠણબૂડ હતું. અનુમાને સમજાયું કે ફૂટપાથ પર ચાલતાંચાલતાં ઓચિંતો નીચે ધોરી મારગ પર ઊતરી ગયો હતો. પણ આમ ધોરી મારગ પર આવી પહોંચવું પણ મારે માટે સુખકર નહોતું, તેમ હવે ફૂટપાથ પર પહોંચવું પણ સહેલું નહોતું. કારણ ફૂટપાથ કઇ બાજુ છે એ પાણીમાં પડતાંવેંત જ ભુલાઇ ગયું હતું!

એ સાદી વાત ત્યારે કોણ જાણે કેમ ભેજામાં ઊતરતી જ નહોતી. પણ ભગવાને જ્યારે આંખે આંગળી મૂકી એ બતાવી દીધું ત્યારે ચિંતા થવા લાગી કે કોણ જાણે ક્યાંક અતલ ઊંડું પાણી મારી રાહ જોતું જ બેઠું હોય, તો એક ડગલું આગળ મૂકતાં જ હું ડૂબી જાઉં ને!

ગોઠણબૂડ પાણીમાં ડગડગ કરતો હું આગળ વધ્યો. મારું હૈયું ચીરીને રુદન ઊભરાવા લાગ્યું. અરે ભગવાન! આ તેં મારી કેવી વલે કરી? શીદને આજે ઘરથી નીકળ્યો જ હોઇશ? અને જો બહાર નીકળ્યો જ હતો તો પછી પેલી હૉટેલમાં જ શીદને રાત ન વીતાવી?

પણ હવે પસ્તાવો કર્યે શું વળે? માથું જરા ઠંડું કરી વિચારવા મથ્યો કે આવા સંજોગોમાં હવે શું કરું તો ઠીક કહેવાય. સૌ પહેલાં તો કોઈ પણ ઉપાયે ફૂટપાથ ઉપર જવું જોઇએ. મારગ વચ્ચે પાણીમાં થઇને ચાલ્યે પાંચ ગાઉ વટાવ્યે પણ કોઈ એક લક્ષ્યે પહોંચી નહિ શકાય. ફૂટપાથ ઉપર હોઈશ તો કોઇ પણ એકાદ ઘરનું બારણું ખખડાવી લોકોને જગાડી રાતવાસા માટે સગવડ ખોળી શકીશ, અથવા બીજી કંઇ ગોઠવણ કરી શકીશ. મુદ્દે વાત એટલી જ કે ગમે તે ઉપાયે માનવ-લોક સાથે સંબંધ સ્થાપવો જરૂરી છે. આ અંધારસાગરમાં વધુ નહિ તો કોક એકાદ માનવી પણ મળ્યે સાક્ષાત્ ચંદ્ર હાથમાં મળ્યો ગણાય, એમાં શંકા નહોતી.

ગોકળગાયની જેમ ચાલતાંચાલતાં યે ક્યાંક કોઇ જ એવી વિશિષ્ટ વસ્તુને હું પામી ન શક્યો કે જે પરથી મારી આ અજાયબ સફર વિષે કંઇક જાણી શકું. ગોઠણબૂડ પાણી ક્યારેક જરા ઓછું થતું તો ક્યારેક વળી છાતી-સમાણું પણ થઈ જતું. ઉપરાંત, મને દોરવણી આપનાર અથવા મારી આ યાત્રાને નિયંત્રિત રાખે એવું બીજું કોઇ ઇન્દ્રિયગ્રાહ્ય ચિહ્ન પણ ન જડ્યું.

સૃષ્ટિ પરનો પ્રથમ જીવ કદાચ આવી રીતે જ પ્રલય-પયોધિનાં અતલ તલની મહાસ્તબ્ધતામાં કો અદૃશ્યનો દોરવ્યો દોરાયો હશે; અને મહા પ્રલયના દિવસે જ્યારે સૂર્યચંદ્ર પોતાની લીલા સમેટી લેશે ત્યારે સૃષ્ટિનો છેલ્લો જીવ ફરી આ રીતે જ દિશાદોર ભૂલી ભમશે.

એ સ્થિતિમાં કેટલો સમય ચાલ્યો હોઇશ એ નથી કહી શકતો. કારણ સમયનું ભાન એ ઘોર નીરવતામાં ડૂબી ગયું હતું. અચાનક પગનાં આંગળાં કોક સખત વસ્તુને સ્પર્શ્યાં. અનુમાને એ પગથિયું હોય તેમ લાગ્યું. એના પર ચડી બેચાર પગલાં આગળપાછળ ચાલતાં સમજાયું કે આટલીવારે હું ફૂટપાથ પર આવી પહોંચ્યો છું.

ચાલો, કંઈક આધાર તો મળ્યો. બે હાથ આગળ ફેલાવી વધવા લાગ્યો. થોડીવારે મારા હાથ લાકડાનાં એક બારણા પર પડ્યા અને મેં નિરાંતનો એક શ્વાસ લીધો કે ચાલો, આખરે દુઃખ-સાગરનો કિનારો તો હાથ આવ્યો.

બારણું જોરથી ખખડાવતાં હું મોટેથી સાદ પાડવા લાગ્યો કે: 'જરા બારણું ઉઘાડજોને ભાઇ!' 'દયા કરીને એક વાર જરા બારણું ખોલજોને!' 'અરે કોઇ સાંભળો છો કે-જરા આ બાજુ આવો તો!' પરંતુ બારણું એમ ને એમ બંધ જ રહ્યું. અંદરથી કંઇ જ ઉત્તર ન આવ્યો. અને મારો અધીર-આતુર સાદ ક્યાંય આશ્રય ન મળતાં કોઈ એકાકી પ્રેતયોની શો એ વિરાટ નિઃસ્તબ્ધતા વચ્ચે ઘુમારચા ખાતો રુદન કરતો ભમવા લાગ્યો.

ભીંતને આધારેઆધારે થોડેક આગળ જતાં એક બીજા બારણા પાસે આવી ઊભો. બારણું ખખડાવી હાકોટાપડકારા કર્યા, પણ કંઇ પરિણામ ન આવ્યું. ન તો બારણું ઊઘડ્યું કે ન તો કંઈ ઉત્તર મળ્યો. અંદર માણસ જેવું કોઇ વસે છે કે નહિ એનો યે અણસાર ન મળ્યો. બીજાં પણ બેચાર દ્વાર ખખડાવી-પડકારી જોયાં, પણ બધે જ यथा पूर्वम् तथा परम् (જેવું પહેલાં તેવું પછી) મોટું શૂન્ય.

શરીર અવશ થવા લાગ્યું; મન પણ ઉદ્‌ભ્રાન્ત થઈ ગયું. જો આવડા મોટા કલકત્તા શહેરમાં બધાં જ મરી પરવાર્યાં હોય તો હવે મારે જીવતા રહેવામાં શો સાર છે? ક્યાંક થોડીક સૂવા જેટલી સુક્કી જગ્યા મળે તો બીજું કંઈ જ મારે જોઈતું નથી. પાણીમાં સતત ચાલતાં પગ એવા તો થાકી ગયા હતા કે જાણે હમણાં જ ભાંગી પડશે. જો મરવાનું જ નિર્માયું હોય તો ભલે, પરંતુ ક્યાંક કોરી જગ્યાએ પગ આડે પડખે પડીને છેલ્લો શ્વાસ લેવાય તો સારું!

પણ એવી કોરી જગ્યા પ્રલયપૂર ફરી વળેલા આ કલકત્તા શહેરમાં ક્યાંથી સાંપડે? જ્યાં ફૂટપાથ પર પણ ગોઠણબૂડ પાણી ફરી વળ્યાં છે એવા કલકત્તામાં એ અશક્ય જ હોય ને!

છતાં નિરાશ થયે નહિ ચાલે. મન જેમજેમ શોકમાં ડૂબી જવા માગતું, તેમતેમ વધુ જોરથી હું એને સ્વસ્થ કરવા મથવા લાગ્યો. કંઇ ને કંઇ રસ્તો નક્કી મળશે જ. એવું તો ઓછું બને કે કોઈ પણ ઘેરથી કોઇ જ જવાબ ન આપે? કદાચ હમણાં જ કોક ભાડુતી ગાડી યા કોઇ એકાદ ફાનસ કે બેટરીધારી રાહદારી સાથે ભેટો થઇ જાય!

ઓચિંતાનો મનમાં એક અત્યંત ભયંકર સંદેહ ઊભો થયો: 'કોઈ અકળ કારણે હું એકદમ આંધળો તો નથી થઇ ગયો ને?' નહિ તો આટલો બધો વખત બેઉ આંખો ઉઘાડી હોવા છતાં કંઈ કરતાં કંઇ જ ન દેખાય એ શું સંભવિત છે? કદાચ પેલો આંચકો લાગતાં પાણીમાં પટકાયો હતો ત્યારે જ—.

અને હું જોરથી બન્ને આંખો ચોળવા લાગ્યો. છતાં આંખોનું દુર્ભેદ્ય અંધારું દૂર ન થયું. એકદમ યાદ આવ્યું: દીવાસળી સળગાવીને જોઉં તો ખરો કે એનો પ્રકાશ હું જોઇ શકું છું કે નહિ? અને મેં એ માટે ખીસાં ફંફોળ્યાં. પણ એ ન મળી. પેલા ઓળિયાંધારી જુવાનને આખું બાકસ જ મેં દાન કરી આપેલું તે ભૂલી જ ગયો હતો.

હવે હું જાણે પાગલ બની ગયો. પણ અંધાપાની શંકાનું કોઇ પણ રીતે નિવારણ કરવું જ પડશે. એક બીજા બારણા પાસે જઈ બારણું ખખડાવી હું પૂછવા લાગ્યો: 'ઓ મોશાય, કોઈ છો કે? જરા બારણું ઉઘાડોને ભાઇ!'

આ વેળા પણ અંદરથી તો કંઈ જ ઉત્તર ન આવ્યો. પણ મારી પાછળથી કોઈએ શાન્ત કંઠે ઉત્તર આપતાં કહ્યું: 'નાહક બૂમાબૂમ શીદ કરો છો? અહીં ઓછું કોઈ ઘર છે તે કોઈ જવાબ આપે? આ તો બધી દુકાનો છે દુકાનો.'

'હેં?—શું? શું? શું?...' હું ચોંકી ઊઠ્યો.

'બીવા જેવું કંઈ નથી. ચાલો મારી સાથે. મારો હાથ ઝાલી લો.'

મેં હાથ લંબાવ્યો. અને હિમથી યે શીતળ એવા એક હાથે જોરથી મારો પંજો પકડ્યો. અસહ્ય ઠંડીથી હું એક વાર નખ-શીખ ધ્રૂજી ઊઠ્યો. મારા દાંત કડકડાટી બોલાવવા લાગ્યા.

ભાનભૂલ્યા થઇ મેં એને પૂછ્યું: 'હું શું આંધળો થઈ ગયો છું?'

એક નાનું એવું હાસ્ય સંભળાયું. 'ના, અતિશય અંધારાને અંગે આંખો કંઇ ભાળી શકતી નથી, એથી એવું લાગે છે. ડરશો નહિ. હું

તમને તમારે ઘેર પહોંચાડી જઇશ.'

'હું બાહુડ બગાન રહું છું.' મેં કહ્યું. 'ભલે.'

થોડીવાર અમે બન્ને મૂગામૂગા આગળ ચાલ્યા. અદૃશ્ય આગન્તુક નિરાંતવે જીવે બધી તકલીફોથી મને બચાવતો આગળ લઈ જતો હતો. મારી સાન હવે પાછી ધીરેધીરે ઠેકાણે આવતી હતી.

'વાહ, આ અંધારામાં તમે તો બધું બરાબર જોઈ શકો છો, કેમ ખરુંને?' મેં પૂછ્યું. કંઇ ઉત્તર ન મળ્યો.

'હું હરમાહટ્ટાની એક હૉટેલમાં ચા પીવા ગયો હતો. ત્યાંથી નીકળીને ક્યાં આવી પડેલો એ કહી શકશો?' મેં ફરી પ્રશ્ન કર્યો.

'તમે નીમતલ્લા ઘાટ પાસે આવી ઊભા હતા.' જવાબ મળ્યો.

'નીમતલ્લા ઘાટ—!' એ શબ્દો સાંભળી મારું અંગેઅંગ પાણીપાણી થઈ ગયું. વળી પાછા થોડીવાર અમે મૂગામૂગા આગળ ચાલ્યા.

## માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા

### આપણી વનસ્પતિ

લેખક
પ્રો. જયંતીલાલ દે. ઓઝા
એમ. એસસી.

૧૫

# વાયવરણો



તેનાં રૂપસુંદર આકર્ષક ફૂલોને કારણે હિંદમાં મબલખપણે ઉગાડવામાં આવતું આ વૃક્ષ શોભા આપવા સાથે વૈદકીય તેમજ બીજી અનેક દૃષ્ટિથી ઉપયોગી છે. વળી આપણે ત્યાં તો તે પવિત્ર પણ મનાએલું હોવાથી હિંદના કેટલાક પ્રાંતો—આસામ, બંગાળા, મધ્ય હિંદ, મલબાર તથા સીલોનમાં પણ મંદિરો અને મસ્જિદો પાસે ખાસ ઉગાડવામાં આવે છે.

સંસ્કૃતમાં વરુણ, મરાઠીમાં વાયવર્ણી અને અંગ્રેજીમાં The Sacred Barna તરીકે જાણીતા આ વૃક્ષનું શાસ્ત્રીય નામ છે, ક્રેટાએવા રીલીજીઓસા(Crataeva religiosa Forst.) પહેલી સદીમાં થઇ ગએલા ઔષધીય વનસ્પતિના લેખક ક્રેટેવસના માનમાં આ નામ પાડવામાં આવેલું. આ વૃક્ષનાં ઉત્પત્તિસ્થાન છે: હિંદ અને બ્રહ્મદેશ

૩૦થી ૪૦ ફૂટ ઊંચા ઊગતા આ વૃક્ષનું પાન સંયુક્ત, અને બિલીપત્રની માફક ત્રિપર્ણી અટલેકે ત્રણ પાનનું બનેલું હોય છે. એ પ્રત્યેક નાનું પાન લીસું, ૨ થી ૬ ઇંચ લાંબું અને ½થી ૨½ ઇંચ પહોળું હોય છે અને તેનો દાંડી આગળનો સાંકડો ભાગ વચ્ચે પહોળો થતો જઈ ટોચે સાંકડો થઈ અણીદાર બને છે. દરેક સંયુક્ત પાનને ૧½થી ૩ ઇંચ લાંબી દાંડી હોય છે. શિયાળો આવતાં બધાં જ પાન ખરી પડે છે અને નવાં પાન ફેબ્રુઆરી-માર્ચમાં ફૂલોની સાથે અગર કોક વખત તે પહેલાં પણ ફૂટે છે.

વાયવરણાનાં રૂપમનોહર ફૂલોનો ઉદ્‌ભવકાળ તો માર્ચથી મે માસ. પણ દક્ષિણ હિંદમાં તે ડિસેમ્બરથી એપ્રિલમાં આવતાં જણાય છે. ફૂલો શાખાઓના છેડે ઝૂમખાંમાં આવે છે અને દરેક ફૂલને ૧ થી ૨ ઇંચ લાંબી દાંડી હોય છે. પીળી અગર આછા ગુલાબી રંગની ઝાંયવાળાં તેનાં સુંદર સફેદ ફૂલોનું સૌંદર્ય તેમાંથી બહાર દેખાતા પુંકેસરના જાંબલી રંગના લાંબાલાંબા નરતંતુઓને કારણે ઓર દીપી ઊઠે છે. વૃક્ષ જ્યારે ફૂલોથી ભરપૂર હોય છે ત્યારે તો ખૂબ નયનમનોહર દેખાય છે.

વાયવરણાનું ફળ રાતું, કઠણ, ગોળ અને વ્યાસમાં ૧થી ૨ ઇંચ હોય છે. તેમાં અનેક બૂરાં લીસાં બીજ હોય છે, જે ચોમાસે પાકે છે. આ વૃક્ષ બીજ વડે જ ઊગે છે.

અનેક રીતે ઉપયોગી આ વૃક્ષના પીળાશ પડતા સફેદ અને સાધારણ કઠણ લાકડામાંથી ઢોલ, લાકડાના નમૂનાઓ, લખવાનાં પાટિયા, દાંતિયા વગેરે બનાવાય છે. તેનાં ફળ રસભર અને સ્વાદિષ્ટ હોઇ ખવાય છે. ફળમાંનો ગર્ભ ચૂના અને રેતીના ગારા સાથે મેળવી પાકો સીમેન્ટ બનાવવામાં વપરાય છે, અને તેની છાલ રંગરેજો રંગને પાકો બનાવવા વાપરે છે.

આયુર્વેદના સંસ્કૃત ગ્રંથોમાં વરુણ વિષે ઘણી જગાએ ઉલ્લેખ મળી આવે છે. તેની છાલ, પાન તથા ફળ ઔષધ તરીકે આયુર્વેદમાં બહુ ઉપયોગી ગણાયાં છે. તેની છાલ મૂત્રાશયનાં દર્દો, તાવ અને કેટલાંક આમડીનાં દર્દોમાં ઉપયોગી છે. તેનાં તાજાં પાન અને છાલ રાઇને બદલે પોટીસ તરીકે વાટીને વપરાય છે. વાનાં દર્દોમાં તો તે બહુ અસરકારક કામ કરે છે. વિષમજ્વર, મૂત્રાશયના દર્દો અને પથરીના રોગમાં તેની છાલનો કવાથ પીવાય છે. કોંકણમાં તેનાં પાનનો રસ ½થી ૩ તોલાની માત્રામાં ઘી અને નાળીએરના પાણી સાથે સંધીવાના દર્દમાં અપાય છે. મુંબાઇમાં તેનાં પાન પગના સોજા તેમજ પગનાં તળિયાંમાં બળતરા થતી હોય તો તેના ઇલાજ માટે વપરાય છે. નાકના હાડકાંના સડો થતો હોય તો તેના પાનની બીડી બનાવી તેનો ધુમાડો નાક વાટે બહાર કાઢવામાં આવે છે. તેનાં મૂળ, પાન અને બીજ વાટીને સર્પદંશ પર ચોપડવામાં આવે છે, પણ સંશોધકો(કાયસ અને મ્હડરકર)ના મત પ્રમાણે તેની છાલ અગર પાન સર્પ કે વીંછીના દંશ ઉપર અસરકારક નથી. વાયવરણાનું રાસાયનિક અન્વેષણ કરતાં તેમાં સેપોનિન નામનું તત્ત્વ હોવાનું જણાયું છે.

જોયા, હાથરણનં સ્ત્રી શેરીન સ્ત્રી ત્યાં ફેરવતાં પૂછેલું.

'મારું નામ જાણ્યે તમને કંઇ લાભ નથી. આ બાજુ થઇને ચાલો. પણે એક "મેઈન હોલ" (ભૂગર્ભ ગટર) ઉઘાડું છે. પાણીનો અવાજ સંભળાય છે ને! જો ભૂલ્યેચૂક્યે એમાં જઈ પડ્યા તો બસ—.'

ને ભયથી હું બીજી બાજુ સરક્યો.

થોડીવાર પછી મારો દિવ્ય-ચક્ષુવાન પથપ્રદર્શક બોલ્યો: 'બહુ લાંબું ફરીને જવું પડશે. શહેરની વચ્ચે કાલીમંદિર પાસે લગભગ દોઢબે માથોડાં પાણી જામ્યું છે. એ રસ્તે તમે નહિ જઈ શકો.'

હું મૂગોમૂગો એની સાથે આગળ વધવા લાગ્યો. પાંચેક મિનિટ પછી મેં કહ્યું: 'આ કલકત્તા સાવ સ્મશાન થઈ ગયું ન હોય એવું લાગે છે. નથી ક્યાંય અવાજ-અજવાળું જણાતું કે નથી ક્યાંય માનવીનો અણસાર જણાતો.'

'એ તો એવું લાગે, ધોરી રસ્તાઓ જ શહેરનો પ્રાણ હોવાથી ત્યાં માણસ ન હોય તો પછી શહેર ને સ્મશાનમાં બહુ ફેર નથી રહેતો.' એણે કહ્યું. મનમાં ને મનમાં જ હું બોલી ઊઠ્યો: 'કોણ જાણે કેમ, પણ અહીં ભૂતોનું જ રાજ્ય ન હોય, એવું લાગે છે.'

અને મેં એક હાસ્ય સાંભળ્યું.

'આવી જગાએ ભૂતોને ભારે મઝા આવે છે, ખરું ને? વારુ, તમે એકલાએકલા દરવાજા ખખડાવતા હતા ત્યારે એકાદ ભૂત સાથે ભટકાઈ જાત તો તમે શું કરત, કહો તો?' પેલા અદૃશ્ય આગંતુકે પૂછ્યું.

'શું કરત? કદાચ જીભ કચરીને મરી જાત!' મેં કહ્યું.

'હા,-હા,-હા,-હા! નસીબદાર કે મારી સાથે ભેટો થઈ ગયો! હં, પણ જરા કહેશો કે તમે લોકો ભૂતથી આટલા બધા બીઓ છો શા માટે? એ કો'ક મૃત માનવી છે એટલા માટે જ ને?' એણે પૂછ્યું.

'શું કહો છો મોશાય! ભૂત તો પ્રેત-આત્મા કહેવાય પ્રેત-આત્મા. એની ચાલચલગત, રીતભાત, સ્વભાવ-ચરિત્ર કંઈ જ આપણે ન જાણીએ, પછી બીક ન લાગે?' મેં કહ્યું.

'એ ખરું. વારુ, ધારો કે—ના—ના. રહેવા દો—'

મારું હૃદય ઓચિંતાનું ફફડી ઊઠ્યું કે 'હું આ કોનો હાથ ઝાલીને આગળ વધું છું?' છતાં મનને હિંમત આપવા મથતાં મેં પૂછ્યું: 'તમારું નામ તો તમે ન કહ્યું, ખેર, ક્યાં રહો છો એ કહેશો?'

'ક્યાં રહું છું? જ્યાં તમને મળ્યો ત્યાં, નજીકમાં જ રહું છું.'

'આજે મારા પર જે ઉપકાર કર્યો છે, એ જીવનમાં કદી યે નહિ ભૂલું. ફરી ક્યારેક મળીશું, કેમ?' મેં કહ્યું.

'મળીશું,-કદાચ હવે ફરીને ન પણ મળીએ. છતાં ફરીને કદી આવી આફતમાં આવી ચડો તો કદાચ—.' એણે ઉત્તર આપ્યો.

'વારુ, તમે કામ શું કરો છો? કંઈક તો નક્કી કરતા જ હશો. એ કહેવામાં પણ શું હરકત છે?' મેં પૂછ્યું.

'હું કંઇ જ કરતો નથી. અમસ્તો ભમતો ભમ્યા કરું છું—બેકાર.'

થોડી પળ ફરી નીરવતા. 'તમારાં પત્ની ને બાળકો મઝામાં છે. કંઈ જ ચિંતા કરવા જેવું નથી.' મને હિંમત આપતાં એણે કહ્યું.

'મારા મનની વાત તમે કઇરીતે જાણી ગયા?' મેં ચમકીને પૂછ્યું.

ફરી હાસ્ય સંભળાયું. 'આવા સંજોગોમાં માણસ સહજરીતે આ જ વિચારો કરે, એ ધારવું બહુ મુશ્કેલ છે શું?' એણે સામું પૂછ્યું.

'તમારી વાત ખરી છે; પણ મારે સ્ત્રી-બાળકો છે એ તમે કઇરીતે જાણ્યું?' 'એ પણ અનુમાને-અનુમાને.'

અને એક ઊંડી નીરવતા છવાઇ. આ કોણ—? કયા જગતની અધિવાસી હશે આ વ્યક્તિ?

આખરે મરણિયા થઇને મેં શરૂઆત કરી: 'સાંભળો તો—'

'...આ વાત ન પૂછશો.' એણે કહ્યું.

મારું અંગેઅંગ ધ્રૂજવા માંડ્યું. હાથ છોડાવવા મથતાં મેં કહ્યું: 'ઓ-ઓ-મને છોડી દો. હું-' પણ ગળામાંથી વધુ અવાજ ન નીકળ્યો.

'બીતા નહિ. અત્યાર સુધી ચાલ્યા છો તેમ થોડુંક આગળ ચાલો. તમારું ઘર લગભગ આવી ગયું છે.'

હું માંડમાંડ આગળ ચાલ્યો. ગળું એવું તો બંધાઇ ગયું હતું કે ખૂબખૂબ મથ્યા છતાં યે એક શબ્દ પણ હું બોલી ન શક્યો. હિમ-શીતળ હાથ મને ખેંચ્યે જતો હતો.

એકાએક પાછલી રાતના ઠંડા પવનનો સ્પર્શ થયો. એ ઊભો રહ્યો. મારો હાથ મૂકી દઇ એણે કહ્યું: 'હવે તમે એકલા જઈ શકશો. અહીંથી ગણીને સો ડગલાં સીધાં ચાલીને પછી જમણી બાજુ વળતાં જ તમારા ઘરનો દરવાજો આવશે. પ્રભાત થવા આવ્યું છે. હવે મારે જવું પડશે.'

હું અર્ધબેભાન જેવો અવાક્ થઇને ઊભો રહ્યો. ફરીને પેલું હાસ્ય સંભળાયું. પરંતુ હવેનું આ હાસ્ય જાણે અત્યંત વ્યથાભર્યું હતું.

એણે કહ્યું: 'તમે બહુ બી ગયા છો. વારુ, જાઉં છું ત્યારે. આ લો, તમારી છત્રી, પેલા પાણીમાં ઊડી પડેલી તે. પ્રભાતને હવે બહુ વાર નથી. હું વિદાય લઉં છું.' ને એના છેલ્લા શબ્દો જાણે એના ઊંડા નિસાસામાં ભળી ગયા.

'તમે ઊભા છો ને?' મારી સમગ્ર શક્તિને એકાગ્ર કરતાં મેં પૂછ્યું.

કંઇ જવાબ ન મળ્યો.

મેં આંખો ઊંચી કરીને જોયું તો દૂર-સુદૂર પૂર્વાકાશનાં ઘટાટોપ વાદળાં ભેદીને જરાક થોડો એવો આછો પ્રકાશ દેખાઈ રહ્યો હતો.

# કસોટી



(૧) છીંકણી રંગનાં પીંછાંવાળા ચકલી જેવડા આ પંખીને ઓળખી કાઢો જોઉં? આ ઋતુનું છે.

(૨) એક છોડ પર કેટલાંક ફૂલ ખીલ્યાં હતાં ત્યાં અમુક સંખ્યામાં મધમાખીઓ આવી. હવે જો એક ફૂલ પર એક-એક મધમાખી બેસે તો એક મધમાખી ફૂલ વગરની રહી જાય છે અને જો બબ્બે મધમાખીઓ એકએક ફૂલ પર બેસે તો એક ફૂલ તદ્દન બાકી રહે છે. તો તે છોડ પર કેટલાં ફૂલ હશે અને મધમાખીઓ કેટલી હશે?

(૩) નીચે દેશોનાં નામો સામે તે તે દેશમાં ચાલતાં મુખ્ય ચલણી નાણાનાં નામો સેળભેળ આપ્યાં છે. તે બરાબર ગોઠવો તો?

| | | | |
|---|---|---|---|
| ૧ ઈટાલી | યેન-ક | ૬ જાપાન | દિનાર-છ |
| ૨ બ્રાઝિલ | બેલ્ગા-ખ | ૭ નોર્વે | લીરા-જ |
| ૩ જર્મની | ક્રોન-ગ | ૮ રશિયા | ડોલર-ઝ |
| ૪ અમેરિકા | ફ્રાન્ક-ઘ | ૯ સ્વીટ્ઝર્લેન્ડ | ગિલરિસ-ટ |
| ૫ ઇરાક | રૂબલ-ચ | ૧૦ બેલ્જિયમ | રીશમાર્ક-ઠ |

(૪) સામાન્ય જ્ઞાનની કસોટી કરતા પ્રશ્નો: (ક) અવાજ હવામાં વધુ ઝડપથી ગતિ કરે છે કે લોઢામાં? (ખ) એવું કયું પ્રાણી છે કે જેનામાં આખું રણ સમાઈ જાય છે? (ગ) મહાત્મા ગાંધીજીને કેટલા પુત્ર છે? (ઘ) પુરુષના ખમીસના ગાજના કાપા આડા હોય છે કે ઊભા? (ચ) બે એકસરખાં વાસણ પૈકી એકમાં સાદું પાણી અને બીજામાં તેટલું જ મીઠાના દ્રાવણવાળું પાણી લઇ બંનેને સરખી ઉષ્ણતાએ ઉકાળતાં કયું પાણી વહેલું ઊકળશે?



ડાબી બાજુથી:
પહેલા-દામોદર હરિ
વચ્ચે-બાલકૃષ્ણ હરિ
છેલ્લે-વાસુદેવ હરિ

# ચાફેકર બંધુઓ

હિંદની સ્વાતંત્ર્ય-લડતના ઇતિહાસમાં ૧૮૯૭નું વર્ષ એક મહત્ત્વનો સીમાસ્તંભ રોપે છે; સત્તાવનના સંગ્રામમાં નિષ્ફળતા મળ્યા બાદ હિંદના વિસ્તીર્ણ આકાશમાં પારતંત્ર્યના જે કાજળકાળાં વાદળાં પ્રસરી ગયાં તેમાં કૂકા વિપ્લવ અને ફડકેના 'બળવા'ના એક બે વિદ્યુત્ચમકારા થઇ ગયા ખરા,- પણ સમાજ આખો તો ગોરી ગુલામીના દ્રઢ પાશમાં જકડાયે જ જતો હતો. વ્યવસ્થિતરીતે રાજ્ય ચલાવવામાં કુશળ એવી અંગ્રેજ પ્રજાએ દેશમાં પોતાની વ્યવસ્થા-શક્તિના બળે જે કબરની શાંતિ સ્થાપી હતી તે સ્વસ્થતા વાંછતી પ્રજાને ગમી ગઈ હતી, એટલું જ નહિ, પણ સ્વરાજ્યની ઝંખનાનો જે એક નાનકડો અંગાર પ્રજાના હૃદયમાં જલતો હતો તે પણ બુઝાવાની અણી પર હતો. આવા, સ્મશાન-શાંતિ જેવા એ કાળમાં ૧૮૯૭ની ૨૨મી જૂને બ્રિટિશ સલ્તનતને પડકારતો પિસ્તોલનો પહેલો ધડાકો પૂનામાં થયો. એ ધડાકાએ બે નામાંકિત અંગ્રેજ અધિકારીઓનો ભોગ લેવાથી માત્ર હિંદમાં જ નહિ પણ ઇંગ્લંડમાં સુદ્ધાં જબ્બર ખળભળાટ વ્યાપી ગયો. ગોળીબારના એ પ્રસંગથી હિંદની સ્વાતંત્ર્ય-લડતના ઇતિહાસનું એક નવું જ સાહસભર પ્રકરણ લખાવું શરૂ થયું.

પિસ્તોલના એ ધડાકાની પાર્શ્વભૂમિ પણ અંગ્રેજોની જોહુકમી તથા બેપરવા વર્તાવથી એવી તો ઘેરી અને સ્ફોટક બની હતી કે યુવાનો એવો કોઇ ક્રાંતિકારી માર્ગ લે એ જ સ્વાભાવિક હતું. ૧૮૯૬ના સપ્ટેમ્બરના અરસામાં પૂનામાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો હતો. થોડાક ઉપરછલ્લા ઉપાયોથી તે કાબૂમાં ન આવતાં સરકારે તેને માટે કડક ઉપાયો લેવા માંડ્યા. પોતાની નિષ્ઠુર કડકાઈ અને જુલમી વર્તાવ માટે જાણીતા રૅંડ નામના અંગ્રેજને પૂનામાંથી પ્લેગનું નિવારણ કરવા માટે પ્લેગ-કમિશનર તરીકે નીમવામાં આવ્યો, અને ગવર્નર તથા કલેક્ટરોને પ્લેગના પ્રતિબંધ માટે વધુ અધિકારો આપવામાં આવ્યા. પણ પૂનાના લોકોને વિશ્વાસમાં લઈને ઉપાયો યોજવાને બદલે સત્તાના બળે પોતાને યોગ્ય લાગે તેવા કડક ઉપાયો રૅંડે લેવા માંડ્યા. ગોરા સૈનિકોને પ્લેગની વ્યવસ્થા કરવાનું કાર્ય સોંપાયું. તેઓ તો ઘરોમાં ઘૂસીને નાગરિકો પર અનન્વિત અત્યાચાર કરવા લાગ્યા સ્ત્રીઓની છેડતી થવાના પણ બનાવો બનવા લાગ્યા. આમ પ્રત્યક્ષ પ્લેગ કરતાં તેનું નિવારણ કરવાની સરકારની પદ્ધતિથી જ લોકો વધુ હેરાન થવા લાગ્યા. લો. ટિળક તથા બીજા નેતાઓએ સરકારને આ અત્યાચારો રોકવા ઘણીઘણી વિનતિ કરી, પણ સરકારે તે તરફ બિલકુલ દુર્લક્ષ કર્યું.

સરકારના આ સ્વચ્છંદ અમલથી કેટલાક ઊર્મિશીલ જુવાનો સળગી ઊઠ્યા. તેમણે અંગ્રેજ અધિકારીઓની સાન ઠેકાણે લાવવાનો નિશ્ચય કર્યો. આ જુવાનોના અગ્રણી દામોદર હરિ ચાફેકર અને બાળકૃષ્ણ હરિ ચાફેકર નામના બે ભાઇઓ હતા, જે ઈતિહાસમાં 'ચાફેકર બંધુઓ' તરીકે જાણીતા છે. તેમણે લોકોમાં સ્વાભિમાન તથા પ્રતિકાર કરવાની ભાવના જાગૃત કરવાની ઈચ્છાથી એક સંસ્થા સ્થાપી જેનો ઉદ્દેશ જુવાનોને લશ્કરી શિક્ષણ તથા શારીરિક કસરત આપી ધર્મના રક્ષણ માટે તૈયાર કરવાનો હતો. હરિકથા તથા ગીતો દ્વારા પણ લોકોને જાગૃત કરવાનો તેઓ પ્રયત્ન કરતા. લો. ટિળકે લોકજાગૃતિ માટે શરૂ કરેલા ગણપતિ-ઉત્સવ તથા શિવાજી મહોત્સવમાં તેઓ આગળ પડતો ભાગ લઈ પોતે રચેલાં પ્રેરણાત્મક પદો ગાતા.

પ્લેગ કમિશનર તરફથી થતી કનડગતથી એ ચાફેકર-બંધુઓનો પ્રકોપ ભભૂકી ઊઠ્યો અને તેમણે સત્તાના નશામાં ચકચૂર બનેલા પ્લેગ કમિશનર રૅંડની સાન ઠેકાણે લાવવાનો નિશ્ચય કર્યો. તેને માટે બંદૂકો, તલવારો, દારૂગોળો, પિસ્તોલો આદિ સામગ્રી ભેગી કરવા માંડી અને યોગ્ય તકની શોધમાં રહેવા માંડ્યા.

એવામાં મહારાણી વિક્ટોરિયાના રાજ્યઅમલનાં ૬૦ વર્ષનો હીરક મહોત્સવ બ્રિટિશ સામ્રાજ્યમાં ઊજવવાનું નક્કી થયું. તે પ્રમાણે પૂનામાં પણ ઇ. ૧૮૯૭ની ૨૨મી જૂનના દિવસે ખૂબ ધામધૂમપૂર્વક તે ઊજવવાનું નક્કી કરીને તે નિમિત્તે પૂના પાસેની ગણેશખીંડ આગળ આવેલા ગવર્નરના બંગલે રાત્રે એક મોટો સમારંભ રાખવામાં આવ્યો. તેમાં ઉચ્ચ અંગ્રેજ અધિકારીઓ ઉપરાંત શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો પણ ગયા હતા. મધ્ય રાત્રે સમારંભ પૂરો થતાં રૅંડસાહેબ તથા લૅફ્ટેનન્ટ આયર્સ્ટ અને તેમનાં પત્ની બે જુદીજુદી ગાડીઓમાં નીકળ્યાં. એમની ગાડીઓ ગવર્નરના બંગલાથી ૫૦૦ વાર જેટલે દૂર ભાગ્યે જ ગઇ હશે, ત્યાં બાજુની ઝાડીમાંથી એકાએક એક માણસે નીકળી રૅંડની ગાડી પર પાછળથી ચડી જઇને તેની પીઠ પર પિસ્તોલના બાર કર્યા. પિસ્તોલની ગોળીઓ રૅંડના ડાબા ખભામાં પેસી ગઇ અને તત્કાળ તે બેભાન

ઇ ગાડીમાં ઢળી પડ્યો. આ બનાવ બન્યો ન બન્યો, ત્યાં પાછળની આયર્સ્ટની ગાડીમાંથી પણ પિસ્તોલના અવાજ સંભળાયા; એ ગોળી તો આયર્સ્ટના માથામાંથી આરપાર નીકળી જવાથી તે ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યો. રૅંડને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. પણ ૧૦-૧૨ દિવસ પછી તે મૃત્યુ પામ્યો.

આ ખૂન કરનાર ચાફેકર-બંધુઓ જ હતા. તેઓ ગણેશખીંડના રસ્તા પર છુપાઇ બેઠા હતા અને જેવી ગાડીઓ નીકળી કે તરત દામોદર ચાફેકરે રૅંડને તથા બાળકૃષ્ણ ચાફેકરે આયર્સ્ટને ઠાર કર્યા; અને હથિયારો નાળા પરના પુલ નીચે છુપાવી ઘેર પાછા ફર્યા. બીજે દિવસે એક કૂવામાં તે હથિયારો નાખી દઈ ૨૪મી જૂને તેઓ મુંબાઇ ચાલ્યા ગયા ને હમેશ મુજબ કીર્તનનો ધંધો કરવા લાગ્યા.

આ બાજુ રૅંડ તથા આયર્સ્ટના ખૂનના સમાચાર બહ ર પડતાંવેંત દેશભરમાં હાહાકાર વ્યાપી ગયો. સરકારી અધિકારીઓ ધૂંવાંપૂંવાં થઈ ગયા, અને માત્ર હિંદમાં જ નહિ પણ વિલાયતભરમાં આ ખૂને હોહા મચાવી મૂકી. હિંદનાં ઍંગ્લો–ઇન્ડિયન છાપાંઓ તથા ઇંગ્લંડનાં વર્તમાનપત્રોએ તો આ ખૂન પાછળ પૂનાનાં બ્રાહ્મણોનું જ જબરદસ્ત કારસ્થાન હોવાનું જણાવી સરકારને કડક પગલાં લેવાં અનુરોધ કર્યો. સરકારે ખૂનીનો પત્તો મેળવી આપનારને ૨૦ હજાર રૂપિયાનું જંગી ઈનામ જાહેર કરી ખૂનીની કસીને તપાસ કરવા માંડી; અને પૂના શહેર પર વૈધારાની શિક્ષાત્મક પોલીસ બેસાડી. પૂના મ્યુનિસિપાલિટી પાસે તેના ખરચ પેટે પોણા બે લાખ રૂપિયા જેટલી મોટી રકમની માગણી કરી. લોકમાન્યે સરકારના આ કૃત્યનો સખત વિરોધ કરતા 'કેસરી'માં બે તીખા અગ્રલેખો ['સરકારનું ભેજું ઠેકાણે છે કે?' તથા 'રાજ્ય કરવું એટલે વેર વાળવું નહિ'] લખ્યા. આથી તો ભડકી ગએલી અંગ્રેજ સરકાર વધુ ચિડાઈ અને લો. ટિળકની ધરપકડ કરી રાજદ્રોહના આરોપસર દોઢ વર્ષની સખત મજૂરીની શિક્ષા તેમને કરી.

ખૂન થયાને દોઢ બે મહિના થવા આવ્યા છતાં પણ ખરો ખૂની ન પકડાવાથી સરકાર અસ્વસ્થ બની અને તેણે વધુ કઠોર ઉપાય લેવા માંડ્યા. અંતે ગણેશપંત દ્રવિડ નામનો ચાફેકરનો એક ખાસ મિત્ર, જે બનાવટી દસ્તાવેજ કરવાના ગુના માટે જેલમાં હતો તેના પર ખૂબ જુલમ થયો હોવાને કારણે હો કે પૈસાના લોભે હો, તેણે તથા તેના ભાઇએ, દામોદર તથા બાળકૃષ્ણ ચાફેકરનાં નામો સરકારને જણાવી દીધાં. પરિણામે દામોદર તો પકડાયો, પણ બાળકૃષ્ણ છટક્યો અને કેટલાયે દિવસ સુધી સરકારને હાથ ન આવ્યો.

દામોદર ચાફેકર પર કેસ ચાલ્યો અને પ્રત્યેક ક્રાંતિકારીઓને જે મહાભાગ્ય મળે છે તે જ ફાંસીની શિક્ષા તેને મળી. ફાંસી ન અપાય ત્યાં સુધી તેને જે જેલમાં પૂરવામાં આવ્યો હતો તે જ જેલમાં લો. ટિળકને પણ રાખવામાં આવ્યા હતા. ત્યાં તેમની મુલાકાત થઈ અને દામોદરે એક અરજી લો. ટિળક પાસે લખાવવાની ઇચ્છા વ્યક્ત કરતાં સરકારને તે માગણી માન્ય કરવી પડી. જોકે તે અરજી નામંજૂર થઇ અને ઇ. ૧૮૯૮ની ૧૮મી એપ્રિલે તેને ફાંસીએ ચડાવવામાં આવ્યો. ફાંસીએ ચડતાં પહેલાં ફરી એક વાર દામોદર ટિળકને મળ્યો હતો ત્યારે તેણે ટિળકને બે વિનતિ કરેલી: એક તો ટિળક પાસે જે ગીતા છે તે પોતાને મળે અને મૃત્યુ સુધી પોતાની પાસે જ રહેવા દેવામાં આવે, અને બીજી, મૃત્યુ પછી પોતાના મુડદાને બીજા કોઈ ફાલતુ માણસો અડીને અગ્નિદાહ ન આપે તેની વ્યવસ્થા લો. ટિળકે કરવી. આ વિનતિઓ માન્ય કરવામાં રહેલું જોખમ ધ્યાનમાં હોવા છતાં ટિળકે તે બંને માગણીઓ કબૂલ કરી અને તે પ્રમાણે બરાબર વ્યવસ્થા કરી. ફાંસીએ ચડતાં પહેલાં દામોદરે એક વિસ્તૃત નિવેદન લખાવ્યું હતું, જેમાં તેણે જણાવ્યું હતું કે: 'મુંબાઇમાં રાણી વિકટોરિયાના પૂતળાને ડામર મેં જ લગાડેલો તથા પૂતળાના ગળામાં જોડાનો હાર પણ મેં જ પહેરાવેલો. પૂનામાં સૈનિકોએ કરેલા અત્યાચારો જોઈ મને ખૂબ ક્રોધ આવેલો અને તેથી જ મેં તથા મારા ભાઇએ તેમના અધિકારી રૅંડને મારવાનો નિશ્ચય કરેલો.'

પણ આ બનાવ આટલેથી જ પતે તેમ નહોતો. ૨૦ મહિના બાદ ફરી આ બનાવના પડઘા પૂનામાં પડ્યા. ચાફેકર ભાઇઓને પકડાવી દેનાર દ્રવિડ-ભાઇઓએ સાચી માહિતી આપવા છતાં સરકારે તેમને માત્ર ૧૦ હજાર રૂપિયા આપેલા અને તેમાંથી પણ આવકવેરાના ૨૬૦ રૂપિયા કાપી લીધેલા. આની સામે દ્રવિડબંધુઓએ વિરોધ ઉઠાવ્યો અને પોતાને ૨૦ હજાર રૂપિયા મળવા જોઇએ એવી માગણી કરી. સરકારની ઈચ્છા બાળકૃષ્ણ ચાફેકર પકડાયા પછી જ કદાચ પૂરા પૈસા આપવાની હશે. પણ દ્રવિડબંધુઓએ કહ્યું કે, 'અમે તો સરકારને બરાબર માહિતી આપી છે. સરકાર બાળકૃષ્ણને પકડી ન શકી તેમાં દોષ સરકારનો છે, અમારો નથી.'

પણ દ્રવ્યલોભ માટે મિત્રદ્રોહ અને દેશદ્રોહ કરનાર દ્રવિડબંધુઓનો પાપનો ઘડો હવે ભરાઇ ગયો હતો. ૧૮૯૯ની ૮મી ફેબ્રુઆરીએ રાતના ૧૦ વાગ્યે કોઈ બે માણસો દ્રવિડબંધુઓના ઘર આગળ આવ્યા અને તેમને હિંદી ભાષામાં જણાવ્યું કે તમારા પૈસાની બાબત પૂછપરછ કરવા બ્રુઈનસાહેબ તમને બોલાવે છે. આથી દ્રવિડભાઈઓ પેલા બે નવા આગંતુકોની સાથે બહાર જવા નીકળ્યા. તેઓ ભાગ્યે જ થોડે દૂર ગયા હશે ત્યાં રસ્તામાં જ એ નવા આગંતુકોએ પિસ્તોલો કાઢી બંને દ્રવિડબંધુઓને ઠાર કર્યા. એ બે નવા આગંતુકોમાં એક હતો વાસુદેવ હરિ ચાફેકર-ચાફેકર ભાઈઓમાંનો સૌથી નાનો, અને બીજો હતો મ. વિ. રાનડે નામનો ચાફેકરનો મિત્ર. દેશદ્રોહીઓને યોગ્ય નસિયત કરી તેઓ ત્યાંથી છટક્યા. સરકારે શહેરની નાકાબંધી કરીને ખૂનીની શોધ કરવા માંડી અને સંશય પરથી વાસુદેવ ચાફેકર, મ. વિ. રાનડે તથા એક સાઠે નામના માણસને પોલીસ ચોકી પર તપાસ માટે લઈ ગયા. ત્યાં ફોજદારે વાસુદેવને થોડાંક કડવાં વેણ કહેતાં જ તે ઊર્મિશીલ યુવાનનો પિત્તો ગયો અને તરત તેણે પોતાના ઝભ્ભા નીચે છુપાવી રાખેલી પિસ્તોલ કાઢીને ફોજદાર તથા બીજા અધિકારીઓ પર ગોળીઓ છોડી. પણ પાસે ઊભેલા બીજા પોલીસોએ તેના પર હુમલો કરી પિસ્તોલ ઝૂંટવી લીધી. વાસુદેવ ચાફેકર તથા રાનડેએ ત્યાં જ કબૂલ કર્યું કે દ્રવિડભાઇઓનાં ખૂન પોતે જ કર્યાં છે.

એ જ અરસામાં છટકી ગએલો બાળકૃષ્ણ ચાફેકર પણ પકડાઈ ગયો. ત્રણે જણા પર કેસ ચલાવીને ફાંસીની શિક્ષા ફરમાવવામાં આવી અને ઇ. ૧૮૯૯ની ૨૩મી માર્ચે એ ત્રણે જણા એક પછી એક હસતે મોઢે ફાંસીએ ચડી ગયા. ફાંસીએ ચડતાં પહેલાં ત્રણેએ 'આવતા ભવની યે ફાંસી આપવી હોય તો તે પણ અત્યારે જ આપી દોને!' એવો નીડર જવાબ આપેલો.

આમ, તા-૨૨-૬-૧૮૯૭ને દિવસે થએલા રૅંડના ખૂનના આઘાતના પડઘા તો ૨૦ મહિના બાદ શમ્યા, પણ તેમાંથી પિસ્તોલ તથા બૉંબયુગનાં બી બંગાળ અને મહારાષ્ટ્રમાં ઘણે ઊંડે સુધી વવાયાં, અને તેમાંથી સંગઠિત ક્રાંતિકારી સંસ્થાઓનું જે વૃક્ષ ફૂલ્યુંફાલ્યું તેણે લાંબા સમય સુધી અંગ્રેજ સરકારની ઊંઘ બગાડી નાખી.

• ચારિત્ર્ય વિનાનું જીવન એટલે સુગંધ વિનાનું ફૂલ •

રોજિંદા જીવનમાં
વિજ્ઞાનનો ફાળો
[૧૫]

# આધુનિક યુગની અનિવાર્ય જરૂરિયાત સાબુ

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ એમ. એસસી. પીએચ. ડી.

સાબુની બનાવટ માટે બે રીતો પ્રચલિત છે : એક ગરમ રીત (Hot Process) ને બીજી ઠંડી રીત (Cold Process) સામાન્ય નહાવા-ધોવાના સાબુની બનાવટમાં પહેલી રીત પ્રચલિત છે અને ખાસ જાતના સાબુઓ બીજી રીતથી તૈયાર થાય છે.

ગરમ રીતમાં શંકુ આકારના તળિયાવાળા ગજવેલના મોટા તાવડામાં ૧૨·૬થી૧૪·૪ ટકા કૉસ્ટિક સોડાનું દ્રાવણ ભરીને તેમાં પ્રમાણની ગણતરીએ તેલ કે ચરબી નાખવામાં આવે છે. નીચે કાણાંવાળી પાઈપ હોય છે, જેમાંથી વરાળ દાખલ કરવામાં આવે છે. આથી અંદર મિશ્રણને જરૂરી ગરમી મળે છે. ચાર કલાક સુધી આ રીતે ગરમી આપવાથી સાબુ તૈયાર થાય છે. ત્યાર બાદ તેમાં મીઠું નાખીને સાબુ જુદો પડે ત્યાં સુધી ઉકાળવામાં આવે છે. આમ થવાથી નીચેના ભાગમાં ગ્લીસરીન ને મીઠાનું પાણી ભેગું થાય છે અને ઉપર સાબુ તરે છે. ગ્લીસરીનવાળું પાણી કાઢી લઈને તેનો ઉપયોગ ગ્લીસરીનની બનાવટ માટે કરવામાં આવે છે.

ઠંડી રીતમાં તેલને થોડું ગરમ કરી લઇ તેમાં કૉસ્ટિકનું સોડાનું દ્રાવણ નાખીને મિશ્રણને ખૂબ હલાવવામાં આવે છે. આ ક્રિયામાં આપોઆપ ગરમી છૂટે છે, એટલે બીજી વધારે ગરમીની જરૂર રહેતી નથી. ત્રણ ચાર કલાક બાદ ફરીથી મિશ્રણને ખૂબ હલાવીને તેને એક બાજુએ મૂકી રાખવાથી સાબુ તૈયાર થાય છે. પરંતુ આ રીતમાં ગ્લીસરીન સાબુમાં જ રહી જાય છે : ગરમ રીતની માફક તેને જુદું પાડવામાં આવતું નથી.

કેટલીક જગ્યાએ તેલમાંથી પ્રથમ ચરબી-તેજાબ જુદો પાડી તેને કૉસ્ટિક સોડા સાથે મેળવીને સાબુ બનાવાય છે. આ ક્રિયામાં ગ્લીસરીન નથી છૂટતું કારણ કે તેલમાંથી ચરબી-તેજાબ કાઢી લેતી વખતે જ ગ્લીસરીન નીકળી જાય છે. ચરબી-તેજાબનો સોડિયમ ક્ષાર કઠણ(Hard) સાબુ કહેવાય છે અને પોટૅશિયમ ક્ષાર નરમ (Soft) સાબુ કહેવાય છે.

સાબુની વિવિધ જાતો આવે છે : સફેદ કર્ડ સાબુ ચરબીમાંથી બનાવાય છે. વિવિધ જાતના પીળા સાબુઓમાં ઓછાવત્તા પ્રમાણમાં બેરજો(Rasin) હોય છે. ઓલિવ તેલમાંથી બનેલો સાબુ મુખ્યત્વે સોડિયમ ઓલિયેટનો બનેલો હોય છે અને તેને કેસ્ટાઈલ સાબુ કહેવામાં આવે છે. દરિયાઇ સાબુ કોપરેલમાંથી બનાવાય છે. તે દરિયાના ખારા પાણીમાં પણ ઓગળે છે—ફોદાફોદા થઇ જતો નથી. પીળા સાબુને મેથીલેટેડ સ્પિરિટમાં ઓગાળીને પછી સ્પિરિટ ઉડાડી નાખતાં જે પ્રવાહી રહે તેને ઠારવાથી પારદર્શક સાબુ બને છે. સારી જાતનું કોપરેલ, એરંડિયું અને ચરબીને ઠંડી રીત અનુસાર કૉસ્ટિક સોડા સાથે મેળવીને બનાવેલા સાબુમાં ખાંડ અને દારૂ ઉમેરવાથી પણ તે પારદર્શક બને છે. મુર્દારસિંગને ઓલિવ તેલ સાથે ઉકાળવાથી સીસાનો સાબુ યા 'લેડ-પ્લાસ્ટર' બને છે. કાચ અને એવી ચીજો સાફ કરવા માટે બનાવાતા ખારા સાબુઓમાં મુખ્યત્વે ઝીણી રેતી, માટી યા એવા પદાર્થો હોય છે, સાબુ તેમાં અત્યંત જૂજ હોય છે. સામાન્ય સાબુને સૂકવી નાખ્યા પછી તેને અમુક પ્રમાણમાં સોડા કાર્બોનેટ સાથે દળવાથી સૂકો સાબુ તૈયાર થાય છે.


હજામતના સાબુમાં થોડો સ્ટીઍરિક ઍસિડ સ્વતંત્ર અવસ્થામાં રાખવામાં આવે છે, જેથી દાઢી પર ફીણ સારીરીતે વળે છે. 'પ્રવાહી સાબુ' એ પોટૅશિયમ સાબુનું પાણી-દ્રાવણ છે. તેમાં૮થી૩૦ ટકા સુધી સાબુનું પ્રમાણ હોય છે જો ૩૦ ટકા ઉપરાંત હોય તો તેમાં દારૂ ઉમેરવામાં આવે છે. 'ટેક્સટાઈલ સાબુ' ઓલિવ તેલમાંથી બનાવાય છે અને પીપમાં ભરી દેવામાં આવે છે, જેથી વાપરનાર અનુકૂળરીતે તેને કાપીને વાપરી શકે. ઊન, રેશમ યા સુતરાઉ કાપડ ધોવા માટે વિશિષ્ટ જાતના ટેક્સટાઇલ સાબુઓ બનાવાય છે. તેમાં વપરાતી ચીજોનું પ્રમાણ ખાસ વિશિષ્ટ રાખવામાં આવે છે. ચૂનાના સાબુને સોડા સાથે મેળવવાથી સોડિયમ સાબુ બને છે.

સાબુની એટલી બધી જાતો બજારમાં આવે છે કે કયો સાબુ સારો એ કહેવું મુશ્કેલ થઈ પડે છે. કેટલાક સસ્તા સાબુઓમાં ૮૦ ટકા સુધી માત્ર પાણી જ હોય છે. વળી કેટલાકમાં સોડિયમ સિલિકેટ ખૂબ હોય છે. સારા સાબુમાં છૂટો આલ્કલી સોડા ન હોવો જોઈએ. આપણા દેશમાં કૉસ્ટિક સોડાની તંગીને લીધે સાબુની બનાવટમાં ખૂબ દગો થવા લાગ્યો છે. કેટલાકો સોડિયમ સિલિકેટ નાખીને સાબુ બનાવે છે, કેટલાક ગંદાનો ભેગ કરે છે, તો કેટલાક વળી ચૂનાનું પ્રમાણ વિશેષ વાપરે છે. આ બધા સાબુઓ તાજા હોય ત્યારે ઠીક લાગે છે, પણ થોડો વખત પડી રહ્યા પછી તે ધોવાના કામ માટે નકામા બને છે, કેમકે તેમાંથી કપડાં સાફ કરવાની શક્તિ તદ્દન ઓછી થઈ જાય છે. પડી રહેલા સાબુ પર જો ખાર ફાટી નીકળે તો સમજવું કે એ સાબુની બનાવટ ખામીભરેલી છે.

આજે જેમ અસલ રેશમને બદલે બનાવટી રેશમમાંથી તૈયાર કરેલી વસ્તુઓ લગભગ બધે પ્રચલિત થઈ ગઇ છે, તેવી જ રીતે સાબુની બાબતમાં પણ બન્યું છે. સાબુને બદલે સાબુ તરીકે વાપરી શકાય તેવા પુષ્કળ બનાવટી પદાર્થો આજે બજારમાં મળે છે આવા પદાર્થોને 'સાબુ વિનાના સાબુ' તરીકે ઓળખવામાં આવે છે! ૧૯૨૦ પછી આ પદાર્થો પ્રચલિત થવા લાગ્યા, કારણ યુદ્ધ દરમિયાન સાબુની કિંમત વધી પડી અને તે દુષ્પ્રાપ્ય બન્યો. પરિણામે આ બનાવટી પદાર્થોનો ઉપયોગ થવા લાગ્યો. લશ્કરમાં સાબુને બદલે આ પદાર્થો વપરાવા લાગ્યા. આજે અમેરિકામાં આવા 'સાબુ વિનાના સાબુ' બનાવવાનાં મોટાં કારખાનાં ચાલે છે ને તેમાં કરોડો ડૉલરની થાપણ રોકવામાં આવી છે. સાબુ દરેક પ્રકારના પાણીમાં કામ આપતો નથી. પાણીના બે પ્રકાર હોય છે : એક નરમ(Soft) પાણી ને બીજું કઠણ(Hard) પાણી. બીજી જાતના પાણીમાં સાબુ ફોદાફોદા થઇ જાય છે અને મેલ કાપવાની તેની શક્તિ ઓછી થઇ જાય છે. પણ બનાવટી સાબુના પદાર્થોમાંથી આ ખામી ખાસ દૂર કરવામાં આવી હોઇ દરિયાના કે 'કઠણ' પાણીમાં પણ આ 'સાબુ વિનાના સાબુ' ધોવાના કામમાં આવે છે. આ નવીન પ્રકારના સાબુ-પદાર્થોની રાસાયનિક રચના આપણા સાબુઓ કરતાં તદ્દન જુદી જ હોય છે. આપણા દેશમાં હજી જો કે એ વિશેષ પ્રચારમાં આવ્યો નથી. પરંતુ ધીમેધીમે આપણા સાબુના ઉદ્યોગને તેની સાથે હરીફાઈ કરવાનો પ્રસંગ આવતો જાય છે.

# સાબુ વેષે વધુ




**સા**બુની બનાવટ ઘણા પુરાતન કાળથી હિંદમાં જાણીતી હતી. પણ આધુનિક ઢબનું પહેલું કારખાનું હિંદમાં ઊભું થયું ઇ.૧૮૭૯માં મીરત શહેરમાં. ધીમેધીમે સાબુના ઉદ્યોગનો વિકાસ થતાંથતાં ગયા મહાયુદ્ધ પહેલાં તો હિંદનું વાર્ષિક ઉત્પાદન ૭૫,૦૦૦ ટન સુધી પહોંચેલું અને યુદ્ધકાળમાં તો તે આંકડો વધીને ૧૦૫,૦૦૦ ટન સુધી પહોંચેલો. પણ હાલ કૉસ્ટિક સોડાની તંગીને કારણે તે ૧ લાખ ટન જેટલું છે.

મેલાં કપડાં ધોવા માટે સાબુનો ઉપયોગ ઘણા વખતથી રોજિંદો બની ગયો છે. છતાં સાબુ એ મેલ કેવીરીતે અને શાથી સાફ કરી શકે છે તે આજ સુધી વૈજ્ઞાનિકો જાણતા નહોતા ! પણ હવે તેઓએ એ પ્રક્રિયાનો ભેદ શોધી કાઢ્યો છે.

તેલ અને પાણી એક બીજાની સાથે ભળતાં નથી એ તો આપણે જાણીએ છીએ; અને ઘણુંખરું કપડાં પર પડેલા ડાઘા પર અથવા લાગેલા મેલ ઉપર મુખ્યત્વે તૈલી પદાર્થનું જ આવરણ હોય છે. આ તેલના આવરણને જો ખેંચીને પાણી સાથે ભેળવી દેવામાં આવે તો જ કપડાંનો મેલ દૂર થાય.

તેલ યા ચરબીવાળા પદાર્થ સાથે કૉસ્ટિક સોડાની પ્રક્રિયા કરવાથી ઉત્પન્ન થતો સાબુ રાસાયનિક દૃષ્ટિએ 'મિશ્રણ' છે. તેના લાંબા અણુ(Molecule)માં બે જુદા ભાગ હોય છે. તેને એક છેડે તૈલી તત્ત્વનો મોટો ભાગ હોય છે, જ્યારે બીજે છેડે સોડિયમ યા પોટેશિયમનો કોઈ અતૈલી(Non-fatty) ક્ષાર હોય છે. આવા આ બે પદાર્થો એક થેલીમાં જાણે સાથે બાંધ્યા હોય તેમ જોડાજોડ અલગ-અલગ રહેલા હોય છે, પણ એકબીજા સાથે સંયોજાઈ સમરસ બની

સાબુનો અણુ

પાણીમાં દ્રાવ્ય ભાગ → ⬬ ← તેલમાં દ્રાવ્ય ભાગ

ગયા હોતા નથી. પહેલાં એવી માન્યતા હતી કે સાબુ પાણીમાં નાખ્યા પછી સાબુમાંના એ બે ભાગ—ક્ષારવાળો અને તેલવાળો—જુદાજુદા થઈ જાય છે ને તેમાંનો ક્ષારવાળો ભાગ કપડાંને સ્વચ્છ કરે છે. ઇ. ૧૮૧૧થી એક સદી સુધી આ માન્યતા પ્રચલિત હતી. પણ એ બિલકુલ નિરાધાર હતી. કારણ ક્ષારનું સાબુમાં પહેલાં રૂપાંતર કરીને પછી ફરી સાબુમાંનો એ જ એકલો ક્ષાર જુદો પાડીને જ કપડાં સાફ કરવાના ઉપયોગમાં આવતા હોય તો [illegible] દ્રાવિડી પ્રાણાયામ કરવાની શી જરૂર ? એકદમ ક્ષારવાળા પદાર્થો વાપરીને જ સીધાં કપડાં શા માટે ન ધોઇ નાખવાં ? પણ એમ કરતાં અનુભવ એવો થયો કે સાબુમાંના ક્ષારવાળા પદાર્થો એકલા વાપરવાથી કપડાં ધોવાનું કામ સાબુ જેવું થતું જ નથી. આથી સંશોધનને અંતે વૈજ્ઞાનિકોને એમ જણાઇ આવ્યું કે કપડાં સ્વચ્છ કરવાનો સાબુનો ગુણ સ્વતંત્ર છે. એ કેવીરીતે તે જોઇએ.

સાબુના અણુમાં બે પદાર્થો હોય છે એ તો ઉપર જણાવ્યું જ છે. તેમાંના તૈલી તત્ત્વવાળા ભાગનું આકર્ષણ તેલવાળા પદાર્થ તરફ હોય છે અને ક્ષારવાળા ભાગનું ખેંચાણ પાણી તરફ હોય છે. પહેલા ભાગનું ફક્ત તેલમાં જ દ્રાવણ થાય છે અને બીજા ભાગનું ફક્ત પાણીમાં. હવે જ્યારે મેલાં કે તેલના ડાઘવાળાં કપડાં સાદા પાણીમાં બોળવામાં આવે છે ત્યારે પાણી અને તેલ એકબીજાં સાથે ભળતાં નહિ હોવાથી જુદાં જ રહે છે; પણ જ્યારે તેમાં સાબુ નાખવામાં આવે છે ત્યારે સાબુના અણુઓનો એક છેડો તેલમાં ગળી જવા અને બીજો પાણીમાં જ રહેવા પ્રયત્નો કરે છે. આના પરિણામે સાબુના અણુઓ પાણી અને તેલની મિલન-સપાટી આગળ ભેગા થાય છે, અને એ અણુની દીવાલ તોડીને તેનો તૈલી છેડો પેલા તેલમાં અને બીજો છેડો પાણીમાં રહી એ બંનેને ભેગાં કરવાનો પ્રયત્ન કરે છે. આમ, સાબુના અણુમાનો તૈલી ભાગ કપડાં પરના તેલવાળા ભાગને પકડી ખેંચે છે અને બરાબર તે જ વખતે સાબુમાંના ક્ષારવાળા ભાગનું ખેંચાણ પાણી તરફ હોવાથી પેલો કપડાંનો તેલવાળો ભાગ(મેલ) પાણીમાં ખેંચાઇ જાય છે! આમ, સાબુ તેલને પાણી વડે ભિંજવે છે. ને મેલને દૂર કરે છે. (જુઓ મથાળા પરનું ચિત્ર)

સાબુની મેલ સાફ કરવાની આ ક્રિયા હવે બરાબર સમજાયાથી વૈજ્ઞાનિકોએ તે કાર્ય કરી શકે એવા નવા પદાર્થો-કૃત્રિમ સાબુઓ બનાવ્યા છે. આ પદાર્થોના અણુમાં એક છેડે તેલમાં ઓગળી શકે એવો પરમાણુ-સમૂહ હોય છે અને બીજે છેડે પાણીમાં ઓગળનાર પરમાણુ હોય છે. આ નવા પદાર્થો સાબુ કરતાં યે ઘણી બાબતમાં ચડિયાતા માલૂમ પડ્યા છે. તે મેલ સાફ કરવા સાથે જંતુ-વિનાશનનું(Antiseptic) પણ કાર્ય કરે છે. આવા પદાર્થોમાં સી. ટી. એ. બી. (Cetyl trimethyl ammonium bromide) અને ક્વૉટર્નરી એમોનિયમ સૉલ્ટસ મુખ્ય છે. આ પદાર્થો તેમની જંતુઘ્ન શક્તિને કારણે ઘા સાફ કરવા તથા શસ્ત્રક્રિયા કરતાં પહેલાં ચામડી ધોવા માટે ઑસ્પિટલમાં ખૂબ મોટા પ્રમાણમાં વપરાવા લાગ્યા છે.

ધોવાના કાર્ય ઉપરાંત આ કૃત્રિમ સાબુઓ ખેતીવાડીના કામમાં પણ ખૂબ લાભદાયક છે. કેટલાંક જીવડાં તથા જંતુઓના શરીર પર તેલનું એક પાતળું આવરણ હોય છે, આથી પાણીનો છંટકાવ તેમના પર કંઇ અસર કરી શકતો નથી પણ આવા પદાર્થના મિશ્રણવાળું સાબુમિશ્રિત પાણી પેલું તેલનું પડ ભેદીને જીવડાંઓને અસર કરે છે. તેલનાં કૂવાઓ તથા ખાણકામમાં પણ આ પદાર્થો ઘણા ઉપયોગી છે. હવે તો રસોઈ-કામમાં પણ આ પદાર્થોનાં ઉપયોગની શક્યતાઓ રહેલી છે. કારણ, પદાર્થને તેલમાં તળતી વખતે પદાર્થમાં રહેલા પાણીને કારણે તેને તેલ ઝટ તળી શકતું નથી; પણ આ પદાર્થ ઉમેરવાથી તે કાર્ય ઝપાટાથી થશે. (સંપાદકીય)

**300**

આવતા ડિસેમ્બરે 'કુમાર'નું પચીસમું વર્ષ પૂરું થતાં તે અંક તેનો ૩૦૦મો અંક થાય છે. તે અંક પણ ૧૦૦મા અને ૨૦૦મા અંક પેઠે વિશિષ્ટ, સંગીન ને સમૃદ્ધ વાચન તથા ચિત્રસામગ્રીથી સભર અને દળદાર બનશે. ડિસેમ્બર સુધીનું પૂરું લવાજમ વસૂલ આપનાર ગ્રાહકોનો જ તેના પર હક્ક રહેશે; એટલે, જેમનાં લવાજમ ચાલુ વર્ષની અધવચ્ચે પૂરાં થાય છે તેવા ગ્રાહકોએ પૂરું લવાજમ મોકલીને પોતાની નકલ પાકી કરી લેવી.

# આચાર્ય આનન્દશંકર ધ્રુવ

(અનુસંધાન પાછળ પૃ. ૧૩૩ થી ચાલુ)

આથી જ્યારે સને ૧૯૧૫માં આનન્દશંકરભાઇ ગાંધીજીને પહેલવહેલા મળ્યા ત્યારે ગાંધીજીએ માનથી એમને સત્કાર્યાં અને ઉમેર્યું કે હું તમારાં લખાણોથી મુગ્ધ બન્યો છું. ગાંધીજીએ આશ્રમમાં રાષ્ટ્રીય શાળા સ્થાપવા માટેની યોજના ને અભ્યાસક્રમ રચવામાં આનન્દશંકરભાઇની સહાય લીધી હતી. ઈ. ૧૯૧૭માં પ્રસિદ્ધ થએલો એમનો ગ્રંથ 'આપણો ધર્મ' વાંચીને તો તે બહુ જ પ્રસન્ન થયા. એ જ વર્ષના ઑક્ટોબરમાં ભરૂચમાં જીવદયા કૉન્ફરન્સના પ્રમુખપદેથી 'અહિંસાધર્મ' વિષે આનન્દશંકરભાઈનું ભાષણ સાંભળી ગાંધીજીએ વચનો ઉચ્ચાર્યાં કે આનન્દશંકરભાઇએ સંપૂર્ણ રીતે સિદ્ધ કર્યું છે કે અહિંસાધર્મ એ જ અનેક યુગોમાં હિન્દની સંસ્કૃતિનો પ્રધાન સૂર છે. 'પૂના પૅક્ટ' વખતે, અસ્પૃશ્યતા એ અધર્મ છે અને હિંદુ ધર્મનો ખરો ભાગ નથી એમ પોતે ગાંધીજીની ઇચ્છાથી પંડિતોની સભામાં સંસ્કૃતમાં 'સ્પૃશ્યાસ્પૃશ્ય મીમાંસા' કરીને પ્રતિપાદિત કર્યું.

૧૯૧૯માં અમદાવાદમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચે ઉગ્ર વિરોધ થયો, ત્યારે ગાંધીજીએ ઉપવાસ ઉપર ઊતરી પોતાની જિંદગી જોખમમાં મૂકેલી. આનન્દશંકરભાઇએ એક ઉત્તમ સમન્વયકાર અને નિષ્પક્ષ ન્યાયી પુરુષ તરીકે નામના મેળવી હોવાથી, મિલમાલિકો અને કામદારો બંનેએ એમના ઉપર પાકો વિશ્વાસ મૂકી એમને પંચ તરીકે સ્વીકાર્યા અને એમણે જે ચુકાદો આપ્યો તે બંને પક્ષોએ આનન્દપૂર્વક સ્વીકાર્યો. ગાંધીજીએ ઉપવાસ છોડ્યા અને આનન્દશંકરભાઇની પ્રતિષ્ઠા પ્રથમ કરતાં પણ વધી.



ગુજરાતના નામાંકિત વેદાંતજ્ઞ અને સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદી જેમણે આનંદશંકરભાઇની સાહિત્યપ્રવૃત્તિમાં અંગત રસ લઇ તેને પોષી (પૃ. ૧૩૩)

સને ૧૯૦૩માં આનન્દશંકરભાઇના જીવનમાં એક મહાન કૌટુમ્બિક આપત્તિ આવી. એમનાં પત્ની અમીરબાને ક્ષયનો વ્યાધિ લાગુ પડ્યો અને હવાફેર માટે એમને આબુ લઈ જવામાં આવ્યાં. તે વખતે પોતે અઠવાડિયામાં ત્રણ દિવસ અમદાવાદ રહી કૉલેજનું કાર્ય કરતા અને બાકીના દિવસ આબુ રહી પત્નીની સેવા કરતા. પત્નીની સારવારમાં એમણે ધન સામું જોયું નહિ કે વિવિધ ઉપાયો કરવામાં મણા રાખી નહિ. પરંતુ આખરે અમદાવાદ આવ્યા પછી સને ૧૯૦૩ના સપ્ટેમ્બરમાં અમીરબાએ દેહ છોડ્યો. અમીરબાના અવસાન સમયે આનન્દશંકરભાઇની ઉમર ચોત્રીસ વર્ષની હતી.

અમીરબાનું અવસાન આનન્દશંકરભાઈના જીવનમાં એક મોટો પરિવર્ત હતો. એ મૃત્યુથી એમનું જીવન ધર્મને પન્થે વળ્યું. એ મૃત્યુને બીજે દિવસે જ પોતે પોતાના પુસ્તકાલયમાંથી બધાં ધાર્મિક પુસ્તકો દેવઘરમાં મુકાવ્યાં અને પૂજાના પવિત્ર વાતાવરણમાં એક પછી એક, એમ એ પુસ્તકોનું વાચન કરવા માંડ્યું. ભાગવત, રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા, વેદ, ઉપનિષદ્. પૌરસ્ત્ય તથા પાશ્ચાત્ય ધર્મ ને તત્ત્વચિન્તનના અનેક ગ્રન્થોનાં તેમણે પારાયણ કર્યાં. જે જે ભાગ પોતે રોજરોજ સૂક્ષ્મતાથી વાંચતા તેની ડાયરીમાં નોંધ કરતા. ભગવદ્‌ગીતા કરતાં પણ ભાગવત વિષે એમનો પ્રેમ વિશેષ હતો. ભાગવતના આજીવન પરિશીલનથી એ 'પરમ ભાગવત' બન્યા હતા.

આનન્દશંકરભાઇને પોતાનાં માતુશ્રી મણિબા પ્રત્યે ઊંડો પ્રેમ અને પૂજ્યભાવ હતા. ઘરનો ઘણોખરો કારભાર મણિબા જાતે કુશળતાથી કરતાં. આનન્દશંકરભાઈ પોતાનો માસિક પગાર સર્વ માતુશ્રીને આપી દેતા અને પોતાને જોઇએ તેટલા પૈસા એમની પાસેથી લેતા. સને ૧૯૧૪માં મણિબા માંદાં પડ્યાં અને એ માંદગી જીવલેણ નીવડી. મંદવાડ બે વર્ષ ચાલ્યો. આ બધો સમય આનન્દશંકરભાઈ માતાના ખાટલા પાસે રહેતા અને એમની જાતે સેવા કરતા. માતાને સ્હેજ પણ બેચેની થતી અથવા પુત્રની હાજરીની જરૂર પડતી ત્યારે અગત્યનો જાહેર કાર્યક્રમ બંધ કરવામાં પણ પોતે અચકાતા નહિ. એકવાર સને ૧૯૧૬–૧૭માં મિસિસ સરોજિની નાયડુના ભાષણમાં પોતે પ્રમુખસ્થાન લેવાના હતા. પરંતુ મણિબાની સ્થિતિ બગડતાં પોતે સભાના વ્યવસ્થાપકોને તત્કાલ પોતાની હાજરીની અશક્તિ





ઉપર-વચ્ચે: આનંદશંકરભાઇનાં વત્સલ અને વ્યવહારકુશળ માતુશ્રી મણિબા. ડાબી બાજુ: આચાર્યશ્રીનાં પ્રથમ પત્ની અન્દુબા: 'ઉત્તમ સ્ત્રીત્વ, યથોચિત બુદ્ધિ અને પ્રશસ્ય કાર્યશક્તિ સાથે ઘરની અગાસીમાં પતંગ ઉડાડવાનો અને તરવાનો એમને બહુ શોખ હતો. (પૃ.૧૩૨) જમણી બાજુ: બીજી વારનાં પત્ની અમારબા. 'આ લગ્ન પણ પ્રથમ જેવું જ સુખી હતું.

લખી મોકલી. થોડાક દિવસોમાં મણિબાની અવસ્થા અત્યંત ગંભીર બની અને આનન્દશંકરભાઇની સુડતાલીસમી જન્મતિથિના દિવસે અન્તકાળ હોવા છતાં 'ભાઈના જન્મ દિવસે હું ન જાઉં તો સારું' એવા દૃઢ સંકલ્પથી ટકી રહી તેને બીજે દિવસે તે અવસાન પામ્યાં.

**સ**ને ૧૯૧૯માં બનારસ વિશ્વવિદ્યાલયના નિર્માતા પંડિત મદનમોહન માલવીયને નિત્યનિરંતર વિકાસ પામતી એ સંસ્થા માટે સમર્થ સંચાલકની જરૂર પડી. એને માટે એમણે ગાંધીજીને અને સર લલ્લુભાઇ શામળદાસને કોઈ યોગ્ય પુરુષનું નામ સૂચવવા માટે કહ્યું. એ બંનેએ સ્વતન્ત્રરીતે આનન્દશંકરભાઇનું જ નામ સૂચવ્યું. પંડિતજીએ તરત બનારસ યુનિવર્સિટીની સેન્ટ્રલ હિંદુ કૉલેજના આચાર્યનું પદ સ્વીકારવા આનન્દશંકરભાઇને તે વખતે, આનન્દશંકરભાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક હતા. ત્યાંથી તે તુરત ગાંધીજીના આશીર્વાદ લઇને કાશી ગયા.

આનન્દશંકરભાઇએ સેન્ટ્રલ હિન્દુ કૉલેજનું આચાર્યપદ લીધું ત્યારે બનારસ વિશ્વવિદ્યાલય કટોકટીની અવસ્થામાંથી પસાર થતું હતું. આનન્દશંકરભાઇએ કૌશલ, ડહાપણ અને નિષ્પક્ષ નિર્ણયોથી, છ માસથી પણ ઓછા સમયમાં સર્વ તન્ત્રને વ્યવસ્થિત કર્યું. એ કાર્યમાં આચાર્ય કૃપાલાણીજી જેઓ તે વખતે હિન્દુ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રિય અધ્યાપક હતા તેમણે ઘણી સહાય કરી. પંડિત માલવીયજી આનન્દશંકરભાઈનાં વિદ્યા, પ્રજ્ઞા અને શીલથી પ્રસન્ન થઈ એમના પરમ પ્રશંસક બન્યા અને તરત એમને ઉપકુલપતિના પદે નિયુક્ત કર્યા, જે પદ પર તેઓ ચૌદ વર્ષ સુધી રહ્યા.

ત્યાં હજારો વિદ્યાર્થીઓનાં હૃદય એમણે પ્રેમથી જીત્યાં હતાં અસહકારના દિવસોમાં જ્યારે યુનિવર્સિટીનું જીવન મૂળથી ખળભળ્યું ત્યારે પણ પોતે અપૂર્વ સમતાથી સમગ્ર સુકાન સાચવી રાખ્યું હતું. અને સત્તર વર્ષની સેવા બાદ એમણે જ્યારે બનારસ છોડયું ત્યારે આખા વિશ્વવિદ્યાલય પર શોક છવાઈ ગયો. વિરાટ વિદાયસભામાં પંડિત માલવીયજી ચોધાર રડતા હતા અને વાક્યે વાક્યે અટકતા હતા. વિદ્યાર્થીઓ, અધ્યાપકો, નામાંકિત સ્ત્રીપુરુષો, અગ્રેસર નાગરિકો—એ સભામાંના પ્રત્યેકને અન્તરનું દર્દ હતું.

બનારસના સત્તર વર્ષના નિવાસ દરમ્યાન હિન્દુ યુનિવર્સિટીનું સ્વરૂપનિર્માણ એ આનન્દશંકરભાઇના જીવનનું મહાન કાર્ય હતું. યુનિવર્સિટીના વહીવટી કાર્ય અને અન્ય કર્તવ્યો ઉપરાંત અઠવાડિયામાં બાર સમય અધ્યાપનનું કાર્ય પણ કરતા. યુરોપ, અમેરિકા અને એશિયામાંથી જે વિદેશી વિદ્વાનો ત્યાં આવતા તે સર્વ ઉપર આનન્દશંકરભાઇની સર્વદેશીય વિદ્વત્તા ને ગૂઢ પ્રજ્ઞાની ઘણી અસર થતી. બનારસમાંના એ નિવાસ દરમિયાન તેઓ અખિલ હિન્દના નામાંકિત પુરુષ બન્યા.

હિન્દની નવીજૂની યુનિવર્સિટીઓ સાથે તેઓ અનેક પ્રકારે જોડાએલા હતા. આ ઉપરાંત બનારસના વિદ્વાન પંડિતો પણ તેમને પ્રાચીન વિદ્યાના એક મહાન ઉપાસક તરીકે ગણતા. પોતે સહેલાઈથી સુન્દર સંસ્કૃત બોલતા અને પંડિતોની વિદ્વદ્‌સભાઓમાં રસપૂર્વક ભાગ લેતા. મુંબાઇ યુનિવર્સિટી તરફથી 'સંસ્કૃત, પાલી અને બીજી સંયુક્ત ભાષાઓ' વિષે પોતે જે છ મૌખિક વ્યાખ્યાનો આપેલાં તે એમની તે તે વિષયો પરની પ્રભુતા દર્શાવે છે. કવીન્દ્ર રવીન્દ્રનાથે એમને શાંતિનિકેતનમાં ખાસ નિમંત્રણ આપી સુંદર અંજલિ આપી હતી. અનેક યુનિવર્સિટીનાં સંસ્કૃત બોર્ડમાં પોતે સભ્ય હતા, અને એમ. એ. ની પરીક્ષામાં વેદાન્તના પરીક્ષક પણ નીમાતા.

આનંદશંકરભાઇની સંસ્કૃતની ઊંડી વિદ્વત્તા અને બુદ્ધિની સૂક્ષ્મતા સંસ્કૃત સાહિત્યના ક્ષેત્રમાં એમણે કરેલા સંશોધનમાં તરી આવે છે. બૉમ્બે સંસ્કૃત સીરીઝમાં પ્રકટ થએલી 'સ્યાદ્વાદ મંજરી'ની આવૃત્તિ અને 'દિઙ્‌નાગના ન્યાયપ્રવેશ'ની એમની આવૃત્તિ એ બંને એમની સંશોધનશક્તિનાં ઉજ્જ્વલ ઉદાહરણો છે. સમસ્ત ભારતવર્ષના સમર્થ પંડિતોએ એમના 'ન્યાયપ્રવેશ'નાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે.

**અ**મદાવાદ આવ્યા પછી તેઓ મનુષ્યજીવનના છેવટના પ્રશ્નોનું ચિન્તન કરતા નિવૃત્તિમાં જીવન નિર્ગમન કરવા લાગ્યા. વાચનનો શોખ





ડાબી બાજુ : પિતાશ્રી બાપુભાઈ દયાશંકર ધ્રુવ: 'સાધારણ કેળવણી લઇ, પાંચ રૂપિયાના પગારે એજન્સીમાં કારકુન તરીકે શરૂઆત કરીને તેઓ બુદ્ધિશકિત, પ્રામાણિકતા અને કાર્યદક્ષતાથી રાજકોટના પોલિટિકલ એજન્ટના દફતરદારને હોદ્દે પહોંચ્યા હતા. એમનો દેખાવ આજન્મ અમીરનો હતો ને રહેણીકરણી ગૌરવયુક્ત હતી. એમણે ભારે સંભાળપૂર્વક પુત્રના આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાન ને સંસ્કારનું વાતાવરણ સર્જ્યું હતું. જમણે : આચાર્યશ્રી આનન્દશંકરભાઇ ૧૯૧૨માં : ગુજરાત કૉલેજના અધ્યાપક તરીકે એમની ઊંડી વિદ્વત્તા, ભાષાઓ પરનું અદ્ભુત પ્રભુત્વ, મહાનુભાવ આકૃતિ, સત્ય મૂલ્યાંકન આદિ વિદ્યાર્થીઓનાં ચિત્ત પર જાદુઈ અસર કરતાં.

તો પૂર્વવત્ હતો જ; ને પહેલાંની પેઠે પૂજાપાઠ પણ કરતા. 'વસન્ત' માટે પોતે હવે અધિક સમય આપતા. વળી ગુજરાત વર્નાક્યુલર સોસાએટી અને ગુજરાત સાહિત્ય સભાના તેઓ કાયમી પ્રમુખ હતા. આમ વિવિધ પ્રકારનાં કાર્યોથી એમનો નિવૃત્તિ સમય ન જેવો થઈ ગયો અને વધુ પડતા બોજાને લીધે શરીર પર થાકની અસર થવા માંડી. ગાંધીજીના પ્રમુખપદે અમદાવાદમાં ભરાએલી બારમી સાહિત્ય પરિષદના તેઓ ઉપપ્રમુખ નિમાયા હતા અને નાદુરસ્ત તબિયત છતાં પરિષદનું ઘણું કાર્ય તેમને સંભાળવું પડ્યું હતું.

દરમિયાન સને ૧૯૩૯માં કૉંગ્રેસ સરકારે સંશોધન અને અનુસ્નાતક વર્ગ ઉઘાડવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાએટીને બાર હજાર રૂપિયાની વાર્ષિક ગ્રાન્ટ આપી. આચાર્યશ્રી એ સંસ્થાના માનાર્હ સંચાલક થયા ને પોતાના જીવનનું એક ઉત્તમ કાર્ય કરવાનો પ્રસંગ મળ્યો તેથી પ્રસન્ન થયા. પરંતુ પોતે માર્ગદર્શન શરૂ કર્યું ત્યાં ા સોસાએટીની એક સભામાં જ પક્ષાઘાતનો હુમલો થયો.

જીવનનાં છેલ્લાં બે વર્ષ તે લગભગ પથારીવશ જ હતા. શરીર ધ ામે ઘસાતું હતું. દાક્તરોએ વાંચવાની મના કરી હોઈ દિવસનો મો. ા પોતે સૂઇ રહેતા, એ વ્યાધિગ્રસ્ત અવસ્થામાં પણ એમની સાથે વિચારશીલ વાતોમાં અદ્ભુત બુદ્ધિસામર્થ્ય દર્શાવતા. માંદગીમાં પણ મોટરમાં બેસીને સાંજે ફરવા જવાની ટેવ જાળવી રાખી હતી. એ ક્રમ મૃત્યુ પહેલાં માત્ર છેલ્લા ચાર દિવસ જ બંધ રહ્યો.

આ છેલ્લા આ માંદવાડમાં સાંસારિક જીવનમાંથી એમણે પોતાના આત્માને ખેંચી લીધો હતો અને સૂતાંસૂતાં વિશ્વના છેવટના પ્રશ્નોનું ચિંતન કરતા હતા. પોતે ભગવાં ધારણ કર્યાં નહોતાં, તથાપિ એક મહા સંન્યાસીની પેઠે જ્ઞાનનો દીવો થઈ પોતે પ્રજળી રહ્યા હતા. અવસાન પહેલાંના છેલ્લા મહિનામાં એમણે પોતાનું મહા મૂલ્યવાન અને સમૃદ્ધ પુસ્તકાલય વર્નાક્યુલર સોસાએટીના સંશોધન વિભાગ (જેના પોતે માનાર્હ સંચાલક હતા તે)ને ભેટ કરી દીધું આ સંગ્રહમાં દશ હજાર જેટલાં ઉત્તમ પુસ્તકો ને અગત્યનાં માસિકો છે અને એ સર્વની કિંમત પચાસ હજાર રૂપિયાથી પણ વધુ છે.

અવસાન સમયે અને પહેલાં પોતે જે પરમ સ્વસ્થતા અનુભવી તે કદાપિ વિસરાય તેમ નથી. પક્ષાઘાત જેવા વ્યાધિમાં પણ પોતે મનોબળને લેશ પણ શિથિલ પડવા દીધું નહોતું. પ્રત્યેક ઇન્દ્રીય પર છેક સુધી તેમનો અજબ અંકુશ હતો. મૃત્યુ જાણે કોઈ અતિથિ-વિશેષ હોય અને પોતે એના સ્વાગતની તૈયારી કરતા હોય તેમ છેલ્લી ક્ષણ સુધી જીવનનો ઉત્સાહ પ્રકટતો હતો. એમની આકૃ-

તિમાં અને ક્રિયામાં ક્યાંયે મંદતા, નિરાશા કે શોકની કાલિમા નહોતી. એ જ પ્રસન્ન ગંભીર મહાનુભાવ આકૃતિ ઉલ્લાસથી વિલસ-ી હતી. એ જે 'પરમપૂજ્ય વિભૂતિએ જીવનનાં કર્તવ્યો બજાવતાં બજાવતાં 'યજ્ઞ-શેષ' તરીકે પ્રાપ્ત થએલાં જીવનનાં સુખો પ્રભુની પ્રસાદી ગણીને જીવન દરમિયાન ભોગવ્યાં હતાં તે મહા પુરુષે પોતાની અંતિમ પળોમાં પણ કર્તવ્ય અને સુખનો સમન્વય કોઈ વિરલ કૌશલથી સિદ્ધ કર્યો. પોતે સ્મિતપૂર્વક અનશનવ્રત લીધું; સમીપવર્તી મૃત્યુને એક દૈનિક કાર્ય ગણ્યું.

આખરે મૃત્યુ દિન આવી પહોંચ્યો. શ્વાસોચ્છ્વાસ વધતો ગયો. અનેક જનો જેમજેમ જોવા આવતા ગયા તેમતેમ પોતે પ્રથમ બે હાથ અને પછી એક હાથ ખોટો થઈ ગયો એટલે માત્ર એક હાથ હલાવીને સર્વને પ્રણામ કરતા ગયા અને આશીર્વાદ આપતા ગયા. જોતજોતાંમાં જ પોતે 'મૃત્યુની અનંત વિસ્મૃતિ'માં પ્રવેશ કર્યો, અને સને ૧૯૪૨ના એપ્રિલ માસની સાતમી તારીખે સાંજના ચાર ઉપર પાંચ મિનિટે અંતિમ સમાધિ લીધી.



આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ : અમદાવાદમાં નિવૃત્તિકાળે

દિલાસાના અનેક સંદેશાઓમાં 'ઇન્ડિયન સોશિયલ રીફૉર્મર' ના તન્ત્રી શ્રી (હવે સ્વર્ગસ્થ) નટરાજનનો સંદેશો ધ્યાન ખેંચે તેવો હોઈ સંક્ષેપમાં જોઈએ: "પ્રો૦ આનન્દશંકર ધ્રુવનું અવસાન વિદ્વદ્ સમાજમાં એક એવી શૂન્યતા મૂકી જાય છે કે જેની ગહનતાની કદર જેઓ એમના અંગત સમાગમમાં આવ્યા ન હોય અને એમના કાર્યને જાણતા ન હોય તેઓ કરી શકે નહિ. એમનામાં એવી પરમ તટસ્થતા હતી કે એમણે આપેલાં જ્ઞાન અને બોધ પ્રમાણ ગણાતાં. હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિનું એઓ સર્વોત્તમ મૂર્તિમન્ત સ્વરૂપ હતા.'

આનન્દશંકરભાઈએ પોતાના આજીવન ચિન્તનને પરિણામે મુખ્યત્વે કરીને ગુજરાતીમાં અને થોડા પ્રમાણમાં અંગ્રેજીમાં ગ્રન્થો લખ્યા છે. એમનો 'આપણો ધર્મ' ગુજરાતી ભાષામાં એ વિષયનો અનન્ય ગ્રન્થ છે. ઉપરાંત,'હિન્દુ (વેદ) ધર્મ', 'ધર્મવર્ણન', 'નીતિશિક્ષણ' અને 'હિન્દુધર્મની બાળપોથી' ગુજરાતીમાં લખ્યાં છે. 'વસન્ત'માંથી એકત્ર કરીને ગુજરાત વિદ્યા સભાએ આજ સુધી ચાર પુસ્તકો–'કાવ્યતત્ત્વવિચાર','સાહિત્યવિચાર','દિગ્દર્શન' અને 'વિચારમાધુરી' પ્રકટ કર્યાં છે. આ ઉપરાંત 'ટેનિસન અને બ્રાઉનિંગ' અને 'કૅન્ટ અને બ્રાઉનિંગ' નામની બે પુસ્તિકાઓ પણ પોતે અંગ્રેજીમાં લખી છે. બીજી તત્ત્વચિન્તક પરિષદ (હિન્દી વિભાગ) અને ત્રીજી તત્ત્વચિન્તક પરિષદમાં પ્રમુખસ્થાનેથી અંગ્રેજીમાં આપેલાં ભાષણો પણ એમના તત્ત્વવિચારનાં ઉત્તમ સ્મૃતિ-ચિહ્નો છે. ૧૯૨૦ની અમદાવાદની છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ્ના સ્વાગત પ્રમુખ તરીકે એમણે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપેલું. ૧૯૨૯માં નડિયાદની નવમી ગુજરાતી સાહિત્યપરિષદ્ના પ્રમુખ તરીકે કરેલા ભાષણમાં એમણે વર્તમાન ગુજરાતી સાહિત્યની એક ટૂંકી પણ વ્યાપક સમીક્ષા કરી છે.

યૌવનકાળમાં જ એક સત્ય એમના અનુભવમાં ગોઠવ્યું હતું કે કીર્તિની લાલસા એ અનેક ભ્રમણાઓ જેવી એક ભ્રમણા છે અને તેથી ઉચ્ચ આત્માઓની પણ એ છેલ્લી નિર્બળતામાંથી પોતે મુક્ત હતા. જ્યારે બે વિરોધો એમની સમક્ષ ઉપસ્થિત થતા ત્યારે પોતે બંને કરતાં ઊંચી કક્ષાએ ચડતા, અને પરિણામે, જે બે સિદ્ધાન્તો વિરુદ્ધ જણાતા હતા તે પરસ્પર સહાયક છે એમ સિદ્ધ કરતા. સમન્વયની આ શક્તિ એ એમના વિચાર અને જીવનનું પરમ રહસ્ય છે. જીવનમાં કાર્યકુશલતા માટે એમણે ખાસ પ્રયાસ કર્યો નહોતો, પરંતુ એમનું કૌશલથી ભરેલું એક શ્રેષ્ઠ જીવન હતું.

આનન્દશંકરભાઇનું જીવન મનુષ્યજાતિ માટે યુગેયુગે આદર્શ રૂપ છે અને વિશેષ કરીને આપણી ઊગતી પ્રજા અને નજીકના ભાવિની પ્રજા માટે તો છે જ. પોતે જણાવતા કે, જેમાં કુલ, રૂપ શ્રુત, પ્રજ્ઞા અને શીલ એ પાંચે વાનાં હોય તે સાચો બ્રાહ્મણ કહેવાય. એમણે એ પાંચે ગુણો જીવનમાં ઉતાર્યાં હતા અને વિશેષ કરીને પ્રજ્ઞા અને શીલ એમનામાં બહુ ઊંચી કોટિએ પહોંચ્યાં હતાં. આપણા સમર્થ લેખક અને રાજ્યમંત્રી શ્રી કનૈયાલાલ મુનશીએ એમને 'શ્રુત અને પ્રજ્ઞાસંપન્ન બ્રાહ્મણોમાં છેલ્લા' (The Last of The Learned Brahmans) કહ્યા છે તે યથાર્થ છે.

**રતિલાલ મોહનલાલ ત્રિવેદી**

[લેખક તરફથી ટૂંક સમયમાં બહાર પડનાર 'આચાર્ય આનન્દશંકર ધ્રુવઃ સંસ્મરણો અને જીવનરેખા' નામના પુસ્તક ઉપરથી.]

**કસોટીના જવાબોઃ**(૧) બુલબુલ (૨) ત્રણ ફૂલ ને ૪ મધમાખીઓ (૩)૧-જ, ૨-ટ, ૩-ઠ, ૪-ઝ, ૫-છ, ૬-ક, ૭-ગ, ૮-ચ, ૯-ધ, ૧૦-ખ (૪) (ક) લોઢામાં. હવા કરતાં ૧૫ ગણી વધુ ઝડપથી. (ખ) હરણ (ગ) ચાર. હરિલાલ મણિલાલ, રામદાસ અને દેવદાસ. (ઘ) ઊંઆ (ચ) સાદું પાણી

## નવાં પુસ્તકો

**મહાન વૈજ્ઞાનિકો ખંડ ૧-૨:** જગતના જાણીતા વૈજ્ઞાનિકો તેમની કામગીરીનો સરળ ભાષામાં લોકભોગ્ય રીતે પરિચય લેખકોનાં વાસુ-પ્રવચનોના બે સંગ્રહો: લે૦ સુરેશ મં. શેઠ, નરસિંહ મૂ. શાહ, પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ., પ્ર૦

# પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી લેખમાળા [૨૧]

## મુદ્રા-વિવરણ

(અસંયુક્ત-હસ્ત)

લેખક · યોગેન્દ્ર પ્રિયદર્શી

ગયા અંકમાં મુદ્રાઓનું સામાન્ય વિવરણ અને તેના મોટા વિભાગો(અસંયુક્ત, સંયુક્ત, નૃત્તહસ્ત વગેરે) વિષે સામાન્ય માહિતી આપણે જોઇ ગયા. હવે આપણે તે દરેક વિભાગને ઝીણવટથી વિસ્તારપૂર્વક જોઇએ.

મુદ્રાઓનો વિષય અટપટો છે, કારણ તેનાં અનેક શાસ્ત્રો છે અને તે દરેકમાં કંઇ ને કંઇ ભિન્નતા છે. મુદ્રાઓના વિભાગો વચ્ચે પણ તાત્ત્વિક ભેદ છે. આ કારણે મુદ્રાઓ વિષેના છૂટાછવાયા પ્રકટ થતાં લેખોમાં તેમનાં નામ, સંખ્યા અને આકૃતિ વગેરેમાં અનેક અશુદ્ધિ, ભેળસેળ અને ખોટાં વિધાનો જોવામાં આવે છે. અહીં તેને બનતી શુદ્ધતા અને પદ્ધતિપૂર્વક આપવાનો પ્રયત્ન કર્યો છે.

ભિન્નભિન્ન નૃત્ય પદ્ધતિઓમાં જુદાંજુદાં શાસ્ત્રોની મુદ્રાઓનો પ્રચાર જોવામાં આવે છે. પરંતુ આ સર્વ શાસ્ત્રોનું મૂળ 'ભરત નાટ્યશાસ્ત્ર'માં જ રહેલું હોવાથી અહીં મુખ્યત્વે 'ભરત નાટ્યશાસ્ત્ર'ની મુદ્રાઓનું જ વિવરણ કર્યું છે

### અસંયુક્ત મુદ્રા

એક જ હાથથી કરવામાં આવતી મુદ્રાને અસંયુક્ત મુદ્રા કહે છે. નાટ્યશાસ્ત્ર પ્રમાણે તેમની સંખ્યા ચોવીસ છે. તે આ પ્રમાણે: (૧) પતાકમ્, (૨) ત્રિપતાકમ્, (૩) કર્તરીમુખમ્, (૪) અર્ધચંદ્રમ્, (૫) અરાલમ્, (૬) શુકતુંડમ્, (૭) મુષ્ટિ, (૮) શિખરમ્, (૯) કપિત્થમ્, (૧૦) કટકામુખમ્, (૧૧) સૂચીમુખમ્ (સૂચ્યાસ્યમ્), (૧૨) પદ્મકોષમ્, (૧૩) સર્પશીર્ષમ્, (૧૪) મૃગશીર્ષમ્, (૧૫) કંગુલમ્ (લાંગુલમ્), (૧૬) અલપદ્મમ્ (અલપલ્લવ કે ઉત્પલ-પદ્મમ્), (૧૭) ચતુરમ્, (૧૮) ભ્રમરમ્, (૧૯) હંસાસ્યમ્, (૨૦) હંસપક્ષમ્, (૨૧) સંદશમ્, (૨૨) મુકુલમ્, (૨૩) ઉર્ણનાભમ્ અને (૨૪) તામ્રચુડમ્. આ નામો વિષે વિવિધ શાસ્ત્રોમાં ઘણો મતભેદ જોવામાં આવે છે, એટલું જ નહિ પણ કેટલીક વાર તો એક જ શાસ્ત્રની જુદીજુદી પ્રતો વચ્ચે પણ થોડીક ભિન્નતા જોવામાં આવે છે. દા.ત. નાટ્યશાસ્ત્રની કેટલીક પ્રતોમાં સૂચીમુખમને બદલે સૂચ્યાસ્યમ્, કંગુલમ્ ને બદલે લાંગુલમ્ અને અલપદ્મમને બદલે અલપલ્લવ કે ઉત્પલપદ્મમ્ નામો પણ જોવામાં આવે છે.

કથકલી નૃત્યની પણ મૂળ મુદ્રાઓ ચોવીસ જ છે. પણ તેમાં મુદ્રાખ્યમ્, કટકમ્, અંજલિ, મુકુરમ્ અને પલ્લવમ્ આ પાંચ નામો ભરત નાટ્યશાસ્ત્રથી જુદાં પડે છે. બાકીની અઢાર મુદ્રાઓનાં નામો તો એકસરખાં જ છે. પરંતુ તેમાંની કેટલીક મુદ્રાઓ રચનામાં જુદી પડે છે. બાર મુદ્રાઓ રચનામાં સરખી હોવાં છતાં તેમનાં નામોમાં ફેરફેર છે. જેમકે, કથકલીમાં પતાકમ્ અને ત્રિપતાકમ્ બન્ને મુદ્રાઓ છે; પરંતુ તેમાં પતાકમ્ એ ત્રિપતાકમને નામે અને ત્રિપતાકમ્ પતાકમને નામે પ્રચલિત છે. એ જ પ્રમાણે અર્ધચન્દ્રમ્ તેમજ મૃગશીર્ષમ્ એ બંને નામો કથકલી મુદ્રાઓમાં છે; પરંતુ રચનામાં તે નાટ્યશાસ્ત્રની તે તે મુદ્રાઓથી જુદી પડે છે. માત્ર મુષ્ટિ, સર્પશીર્ષમ્, હંસાસ્યમ્, મુકુલમ્ અને ઉર્ણનાભમ્ એટલી મુદ્રાઓનાં નામ તેમજ રચના કથકલી તથા ભરત નાટ્યશાસ્ત્રમાં એકસરખાં છે.

'અભિનયદર્પણ' પ્રમાણે અસંયુક્ત મુદ્રાઓ અઠ્ઠાવીસ અને ચાર પૂરક મુદ્રાઓ સહિત બત્રીસ છે. તેમાં વધારાની મુદ્રાઓનાં નામો આ મુજબ છે: અર્ધપતાકા, મયૂરમ્, ચંદ્રકલા, સિંહમુખમ્, ત્રિશૂલમ્, વ્યાઘ્રમ્, અર્ધસૂચી, કટકમ્ અને પલ્લી. બાકીની મુદ્રાઓમાં એક ઉર્ણનાભમ્ સિવાય નાટ્યશાસ્ત્રની સર્વ મુદ્રાઓનાં નામોનો સમાવેશ થાય છે, જેમાંની સોળ મુદ્રાઓ તો રચનામાં પણ એકસરખી છે. નાટ્યશાસ્ત્રનાં જ નામોવાળી છતાં રચનામાં જુદી મુદ્રાઓ આ પ્રમાણે છે: કર્તરીમુખમ્, કટકામુખમ્, સૂચીમુખમ્, મૃગશીર્ષમ્, હંસાસ્યમ્, સંદશમ્ અને તામ્રચુડમ્.

મુદ્રાઓ મુખ્યત્વે હસ્તાંગુલીઓની વિવિધ રચનાઓથી બનતી હોવાથી તેમનાં લક્ષણો સમજવા પ્રથમ હાથની આંગળીઓનાં નામો જાણી લેવાં જરૂરી છે. શાસ્ત્રમાં પાંચે આંગળીઓનાં નામો આ પ્રમાણે છે: (૧) તર્જની = પહેલી આંગળી, (૨) મધ્યમા = બીજી આંગળી, (૩) અનામિકા = ત્રીજી આંગળી, (૪) કનિષ્ઠિકા કે આદ્યા = ચોથી કે ટચલી આંગળી અને (૫) અંગુષ્ઠ = અંગૂઠો.

હવે આપણે નાટ્યશાસ્ત્ર પ્રમાણેની ચોવીસ અસંયુક્ત મૂળ મુદ્રાઓનાં લક્ષણો જોઇએ. આ મુદ્રાઓથી અભિનય દર્પણ અને કથકલીની મુદ્રાઓ જ્યાંજ્યાં જુદી પડે છે તે ત્યાંત્યાં દર્શાવ્યું છે. આ સર્વ મુદ્રાઓનાં ચિત્રો પૃ. ૧૨૮ પર (ચિત્રબોધ તરીકે) આપ્યાં છે તે સાથેસાથે જોવાથી મુદ્રાની રચના સમજવામાં સુગમતા રહેશે.

### મુદ્રાલક્ષણ

**પતાકમ્:** સર્વ આંગળીઓ સીધી ને અંગુષ્ઠ તર્જનીના મૂળમાં આશ્રિત હોય તે પતાકમ્. કથકલીમાં તે ત્રિપતાકમ્ કહેવાય છે.

**ત્રિપતાકમ્:** પતાક-હસ્તની અનામિકા આંગળી નમાવવાથી ત્રિપતાક-હસ્ત થાય છે. કથકલીમાં તે પતાકમ્ તરીકે ઓળખાય છે.

**કર્તરીમુખમ્:** અનામિકા અને અંગુષ્ઠના મિલનથી કર્તરીમુખ-હસ્ત થાય છે. આ મુદ્રા બે રીતે થાય છે: પહેલા પ્રકાર પ્રમાણે ત્રિપતાક અને તેની વચ્ચે ખૂબ અલ્પ તફાવત છે. તેથી અહીં બીજો પ્રકાર આપ્યો છે. અભિનયદર્પણ અને કથકલી બન્નેમાં આ મુદ્રા જુદીજુદીરીતે થાય છે.

**અર્ધચંદ્રમ્:** પતાક-હસ્તનો અંગુષ્ઠ વિસ્તીર્ણ કરવાથી અર્ધચંદ્ર-હસ્ત થાય છે. કથકલીમાં આ મુદ્રાને હંસપક્ષમ્ કહે છે. અર્ધચંદ્રમને નામે કથકલીમાં ઓળખાતી મુદ્રા તો જુદીરીતે થાય છે.

**અરાલમ્:** અર્ધચંદ્ર-હસ્તની તર્જની નમાવવાથી અને અંગુષ્ઠ સંકોડી લેવાથી અરાલ-હસ્ત થાય છે. કથકલીમાં તેને ભ્રમરમ્ કહે છે. તેમાં અરાલમ્ જુદીરીતે થાય છે.

**શુકતુંડમ્:** અરાલ હસ્તની અનામિકા આંગળી પણ નમાવવાથી શુકતુંડ-હસ્ત થાય છે. કથકલીમાં તે જુદીરીતે થાય છે.

**મુષ્ટિ:** સર્વ આંગળીઓ હથેળીમાં વાળી તેની પર અંગુષ્ઠ રાખવાથી—સાદી ભાષામાં મૂઠી વાળવાથી મુષ્ટિ-હસ્ત થાય છે.

**શિખરમ્:** મુષ્ટિ-હસ્તનો અંગુષ્ઠ ઊંચો કરવાથી શિખર-હસ્ત થાય છે. કથકલીમાં તે અન્યરીતે થાય છે.

**કપિત્થમ્:** શિખર-હસ્તની તર્જની અને અંગુષ્ઠ મળવાથી કપિત્થ-હસ્ત થાય છે. કથકલીમાં આ મુદ્રા જુદીરીતે થાય છે.

**કટકામુખમ્:** કપિત્થ-હસ્તની અનામિકા અને કનિષ્ઠિકા આંગળી સીધી કરવાથી કટકામુખ-હસ્ત થાય છે. કથકલીમાં આ

મુદ્રાને કટકમ્ કહે છે. તેમાં કટકામુખમ્ જુદી રીતે થાય છે.

**સૂચીમુખમ્ :** કટકામુખ-હસ્તની તર્જની સીધી કરવાથી અને અંગુષ્ઠ તેમજ મધ્યમાનો સ્પર્શ થવાથી સૂચીમુખ-હસ્ત થાય છે. કથકલી ને અભિનયદર્પણ બન્નેમાં આ મુદ્રા જુદીરીતે થાય છે.

**પદ્મકોષમ :** અંગુષ્ઠ સહિત સર્વ આંગળીઓ ઊર્ધ્વ કુંજિત રાખવાથી પદ્મકોષ-હસ્ત થાય છે. કથકલીમાં આ મુદ્રા નથી.

**સર્પશીર્ષમ્ :** અંગુષ્ઠ સહિત સર્વ આંગળીઓ સાપની ફેણ જેમ સહેજ વળેલી હોય તે સર્પશીર્ષ-હસ્ત કહેવાય છે.

**કંગુલમ્:** પદ્મકોષ-હસ્તની અનામિકા આંગળી હથેળીમાં વાળવાથી કંગુલ-હસ્ત થાય છે. કથકલીમાં આ મુદ્રા નથી.

**મૃગશીર્ષમ્:** કનિષ્ઠિકા અને અંગુષ્ઠ સીધા રાખી અન્ય સર્વ આંગળીઓ વળેલી રાખવાથી મૃગશીર્ષ-હસ્ત થાય છે. અભિનય-દર્પણ અને કથકલી બંનેમાં તેની રચના જુદી છે.

**અલપદ્મમ:** સર્વ આંગળીઓ અંદરની તરફ ગોળાકારે વાળવાથી અલપદ્મ-હસ્ત થાય છે. કથકલીમાં આ મુદ્રા નથી.

**ચતુરમ્:** કનિષ્ઠિકા સિવાયની ત્રણ આંગળીઓ ત્રાંસી રાખી તેમનાં મૂળમાં અંગુષ્ઠ રાખવાથી થતા હસ્તને ચતુરમ્ કહે છે. કથકલી મુદ્રાઓમાં આ મુદ્રાનું નામ નથી. છતાં કથકલી નૃત્યપ્રયોગોમાં ક્વચિત્ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**ભ્રમરમ્:** મધ્યમા અને અંગુષ્ઠનું મિલન, તર્જની અંગુષ્ઠના મૂળમાં અને અન્ય અંગુલીઓ ઊર્ધ્વ દશામાં હોય તે હસ્તને ભ્રમરમ્ કહે છે. કથકલીમાં નાટ્યશાસ્ત્રના અરાલ-હસ્તને ભ્રમરમ્ કહે છે.

**હંસાસ્યમ્:** તર્જની અને મધ્યમા અંગુષ્ઠના અગ્ર ભાગ પર અને અન્ય સ્વાભાવિક સ્થિતિમાં હોય તે હસ્તને હંસાસ્યમ્ કહે છે.

**હંસપક્ષમ્:** કનિષ્ઠિકા સિવાયની ત્રણે આંગળીઓ ગોળાકારે વળેલી અને અંગુષ્ઠ કુંજિત હોય તે હસ્તને હંસપક્ષમ્ કહે છે. કથકલીમાં નાટ્યશાસ્ત્રની અર્ધચંદ્રમ્ મુદ્રાને હંસપક્ષમ્ કહે છે.

**સંદશમ્:** તર્જની અને અંગુષ્ઠનો અગ્ર ભાગ મળેલો અને બાકીની આંગળીઓ છૂટીછૂટી રહે તે હસ્તને સંદશમ્ કહે છે. કથકલીમાં આ મુદ્રાને મુદ્રાખ્યમ્ કહે છે.

**મુકુલમ્:** પાંચે આંગળીઓના અગ્ર ભાગના મિલનથી બનતા હસ્તને મુકુલમ્ કહે છે.

**ઉર્ણનાભમ્:** આંગળીઓને બને તેટલી પહોળી કરી તેને ગોળાકારે સહેજ વાળવાથી—કરોળિયાના પગ જેવો આકાર કરવાથી—ઉર્ણનાભમ્ મુદ્રા બને છે. અભિનયદર્પણમાં આ મુદ્રા નથી.

**તામ્રચુડમ્:** મધ્યમા અને અંગુષ્ઠનો સ્પર્શ, અનામિકા હથેળી સુધી વળેલી તથા તર્જની અને કનિષ્ઠિકાને અર્ધકુંજિત રાખવાથી તામ્રચુડમ્ થાય છે આ મુદ્રા બે પ્રકારની છે. કથકલીમાં આ મુદ્રા નથી અને અભિનયદર્પણમાં તે અન્યરીતે થાય છે.

ગયા હપતામાં જોયું તેમ આ મુદ્રાઓ માત્ર નૃત્ય-ભાષાના મૂળાક્ષરો જ છે. તેથી માત્ર આ મૂળ મુદ્રાના જ્ઞાનથી કોઈ વસ્તુ કે અર્થ દર્શાવી શકાતાં નથી. તેને માટે તો તે દર્શાવવાની રીતિનું જ્ઞાન જરૂરી છે. કઈ મુદ્રામાંથી કેટકેટલા અર્થો દર્શાવી શકાય છે તે નાટ્યશાસ્ત્રમાં વિસ્તારથી જણાવેલું છે. પરંતુ તે જાણતાં પહેલાં તે દર્શાવવાની રીતિની માહિતી આવશ્યક છે. (ચાલુ)

# Our Friends Abroad

**જગતસંપર્ક સાધતો પત્રમિત્ર વિભાગ**

[આ પત્ર મેળવનાર: હસમુખ મોદી, કૃષ્ણ કૉટેજ, જુહુ, મુંબાઇ]

Diek
Jelsum 12g (Holland)
15th Dec 1947

પ્રિય હસમુખ,

તમારો પત્ર ૫મી ડિસેમ્બરે આવ્યો. તેને માટે ઘણો આભાર. તે પત્રથી મને વધુ આનંદ તો એટલા માટે થયો કે મેં તમને પત્ર લખ્યાને ઘણો જ સમય વીતી ગયો હોવાથી હું તો માની બેઠેલો કે તમે મારી સાથે પત્રવ્યવહાર કરવા રાજી નહિ હો. આથી તમારો પત્ર મેં ઘણા આનંદથી વાંચ્યો. આજ સુધી મળેલા પત્રમાં તે સૌથી રસિક હતો એમ કહેવામાં હું જરા પણ ખુશામત નથી કરતો, પણ નર્યું સત્ય કહું છું. તે પત્ર પણ અમારા એક વિશિષ્ટ દિવસે મળ્યો. તે દિવસે(૫મી ડીસેમ્બરે) સંત નિકોલસની જન્મજયંતી હતી. સંત નિકોલસ એક મોટા સ્પેનિશ ધર્મગુરુ થઇ ગયા જેમણે લાંબો કાળ ત્યાં રહીને ઘણાં પરોપકારનાં કાર્યો કરેલાં. તેમની જયંતી રોમન કેથોલિકોનો ખાસ તહેવાર નહિ ગણાતો હોવાથી માત્ર હોલંડમાં જ ઉજવાય છે. સ્પેનમાં યે નહિ. અમે તે દિવસે એકબીજાને ભેટ-સોગાદો આપીએ છીએ. ઈંગ્લંડની માફક ૨૬મી ડિસેમ્બરે નહિ.

૧૪મી ઑગસ્ટની મધરાતે, ૧૪ અને ૧૫મી તારીખના એ સંધિકાળે—હિંદના સ્વાતંત્ર્યદિને તમને કેવી ઊર્મિ થઇ હશે ? એ વખતે હું યે ત્યાં હોત તો કેવું એમ થઈ જાય છે. કરોડો લોકો માટે એ રમ્યતમ પળો હતી. હું ધારું છું કે એ વખતે વાતાવરણ ફક્ત ઘંટનાદો વગેરેના મંગલ ઘોષોથી જ નહિ, પણ એ પવિત્ર પળોના ગાંભીર્યથી પણ સભર ભર્યું હશે. આઝાદ ! પરદેશી અમલ હવે તમારા પરથી ગયો. હિંદનું ભાવિ હવે તમારે જ ઘડવાનું. પ્રત્યેક વ્યક્તિએ હવે હિંદના ઉત્થાન માટે સાભાર હૃદયથી કર્તવ્યફાળો આપવાનો છે અને આપશે જ. કેટલા લાંબા વખતથી તમારા દેશબંધુઓ આ ક્ષણની રાહ જોતા હતા !

અને હસમુખ, તમે હિંદના ભાવિ માટે મારો અભિપ્રાય પુછાવ્યો છે. પણ હું તો હિંદ, તેની પ્રજા, તેના ધર્મ, તેનો ભૂતકાળ ને વર્તમાન આદિ વિષે પૂરેપૂરું જાણતો ય નથી. આ બાબતમાં ખાસ કરીને તો તમારી પ્રજાનું ખમીર જ મોટો ભાગ ભજવશે. એટલે કે નવી વસ્તુઓ અને નવા વિચારો તે તરત ગ્રહણ કરે છે કે નહિ અથવા પોતાના ભૂતકાળને જ તે વળગી રહે છે તે જોવાનું છે. તે ભૂતકાળ એટલે અંગ્રેજોનો અમલ નહિ પણ પોતાની કાર્યપદ્ધતિ વગેરે.

હિંદની વસતિનો મોટો ભાગ ખેડૂતોનો જ હોવાથી તમારી નવી સરકારને તેમની જ પાછળ પ્રથમ ધ્યાન આપવું પડશે. ખાસ કરીને એટલા માટે કે, તમારા પત્રથી જાણ્યું તેમ તેઓ ઘણી જ ગરીબ અવસ્થામાં ગુજારો કરે છે. જ્યારે તેમનું જીવન સુસહ્ય બનશે ત્યારે ખેતી પર જીવતા બીજા લોકોની સ્થિતિ પણ સુધરશે. પરિણામે તેઓ વધુ વસ્તુઓ ખરીદી શકશે અને તેથી કારખાનાંઓને વધુ કામ મળશે અને પરિણામે તેઓ વધુ કારીગરોને નોકરીએ રાખી શકશે, વગેરે. પણ આ સૌમાં સૌથી મુશ્કેલ કાર્ય તો અલબત્ત, ખેડૂતોનું જીવન બહેતર કરવાનું છે. તે માટે, મારા અભિપ્રાય પ્રમાણે તો અહીંના ખેડૂતો કરે છે તેમ, તેમણે સામુદાયિકરીતે આખા ગામડાએ

ભેગા મળીને ખાતરની ખરીદી કરવી જોઈએ. ટ્રૅક્ટર્સ એકદમ દાખલ કરવાની જરૂર નથી. પહેલાં લોઢાનાં હળ વાપરવાં. હિંદમાં ખેડૂતો શું વાપરે છે તે હું જાણતો નથી. પણ અહીં તો ઘણા ખરા ખેડૂતો ઘોડા વડે ખેંચાતાં હળ વાપરે છે. પણ હવે ટ્રૅક્ટર વધુને વધુ આવવા માંડયાં છે. એટલે જો તમારા ખેડૂતો એ વસ્તુથી સંપૂર્ણ અજાણ હોય તો તમારી સરકારે દેશભરમાં થોડાંક એવાં ગામડાં વસાવવાં જોઈએ કે જ્યાં એ રીતે ખેતી થતી હોય હું ધારું છું કે થોડાક તો એવા સાહસિક ખેડૂતો જરૂર મળી આવે જે એ પદ્ધતિના ફાયદા પ્રમાણી શકે અને બીજાને દાખલા રૂપ બનીને યોગ્ય માર્ગદર્શન આપી શકે. તેને માટે તેકે વખત ઘણો લાંબો લાગે એ ખરું. પણ પ્રજાની સ્થિતિ બદલવી હોય તો માત્ર શબ્દોથી નહિ થઈ શકે. તેને માટે તાદ્દશ કાર્ય જોઈએ. કદાચ મને તે સહેલું લાગતું હોય. પણ એ તો મારું અજ્ઞાન જ છે.

અને હવે કારખાનાંઓ વિષે. તેનાથી કેટલીક વાર દેશ સમૃદ્ધ બને છે ખરો. પણ હું તો તેને ફક્ત સમાજની પ્રગતિના એક સાધન રૂપ જ ગણું છું. બીજી બાજુ મારે કબૂલ કરવું જોઈએ કે ઘણાં કારખાનાંવાળો દેશ ઘણી વખત ભયંકર રીતે ગરીબ પણ હોય છે, કારણ તેણે હસ્તકળામાંથી પોતાનો રસ ગુમાવ્યો હોય છે. અને સાચી કલાની વાત કરીએ ત્યારે તો કારખાના-નિર્મિત માલ, હસ્ત-ઉદ્યોગની કલાત્મકતા ઉપર કદી જીત મેળવી શકતો નથી. પણ લોકોનાં સુખસગવડ માટેના રોજિંદા વપરાશની વસ્તુઓ માટે તો કારખાનાંઓ જરૂરી છે. એટલે તમારી સરકાર માટે બીજો પ્રશ્ન ઉદ્યોગોનો છે. પણ બે વસ્તુઓ તો હું ભૂલી જ જાઉં છું: એક તો વૈદ્યકીય સારવાર અને બીજું શિક્ષણ. હું કલ્પી શકું છું કે ગરીબ લોકોને માંદગીમાં ભાગ્યે જ કંઇ વૈદ્યકીય સારવાર મળતી હશે. અને ખાસ કરીને તમારા દેશ જેવા ઉષ્ણ કટિબંધવાળા દેશમાં—જ્યાં રોગચાળા સહેલાઇ ફેલાઇ શકે ત્યાં—સાધનસંપન્ન વૈદ્યકીય વ્યવસ્થા જરૂરી છે.

અને હિંદમાં ભણેલા લોકો આટલા બધા ઓછા છે એ જાણીને તો મને ઘણું આશ્ચર્ય થયું. પણ વિચાર કરતાં મને લાગ્યું કે એ વિના બીજું કોઈ પણ શું શકે? હું ધારું છું કે અંગ્રેજોએ આમ પ્રજાને શિક્ષણ આપવા બહુ પ્રયત્ન કર્યા જ નહિ હોય. તમારા હવેના પત્રમાં હિંદની શાળાઓ વિષે મને જણાવજો. મને એમાં રસ છે, કેમકે હું એ સમજી શકતો નથી કે આવતા એપ્રિલમાં તમે બી. એસસી. ની પરીક્ષા આપવાના છો અને તમારી ઉંમર તો ૧૯ વર્ષની જ છે! હરસુખ, તમારી વર્ષગાંઠ કયારે છે? હોલંડમાં તો એ શક્ય જ નથી અથવા તો તમે અસાધારણ પ્રતિભાવાન હોવા જોઇએ.

ડચ (અને ઈન્ડીઝની પણ) શિક્ષણની પદ્ધતિ આ પ્રમાણે છે: શહેરમાં રહેતા બાળકો ૬ વર્ષ(પહેલાં ૫ વર્ષ)ની વય થતાં સુધી બાળમંદિરમાં ભણે છે. પછી સરકારી શાળા કે ખાનગી શાળા (ઘણું ખરું રોમન-કૅથોલિક કે બીજા કોઇ ધર્મની શાળા)માં દાખલ થવાનું. ત્યાં છ વરસનાં છ ધોરણ પાસ કર્યાં પછી માધ્યમિક શાળા કે વ્યાકરણ-શાળામાં જવાનું. ત્યાં ન જવું હોય અને ભણતર છોડી દેવું હોય તો ૭મું ધોરણ પૂરું કરવાનું. ત્યાર પછી શાળા છોડી શકાય.

માધ્યમિક શાળામાં દાખલ થતાં પહેલાં બીજી પણ એક શાળામાં દાખલ થવું હોય તો થઈ શકાય છે, જ્યાં એક વર્ષના ગાળામાં આગળ અભ્યાસ માટે પૂર્વતૈયારી કરવાની હોય છે. મેં અને મારા મોટાભાઈએ એમ જ કરેલું. તે પછી માધ્યમિક શાળામાં ત્રણ વર્ષ પૂરાં કરી સર્ટિફિકેટ લઈને શાળા છોડવાની. પણ જો યુનિવર્સિટીનું શિક્ષણ લેવું હોય તો ત્યાં પૂરાં પાંચ વરસ ભણવાનું; વ્યાકરણ શાળામાં એવું ૬ વર્ષ ભણવાનું હોય છે. એ ગાળા દરમિયાન ગણિત, ચરિત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, યંત્રવિદ્યા, ખગોળશાસ્ત્ર, ડચ ભાષા, અંગ્રેજી, ફ્રેન્ચ ને જર્મન ભાષા, ઇતિહાસ, ભૂગોળ, ચિત્રકળા થોડુંક નામું અને રાજ્યબંધારણ એટલા વિષયો ભણવાના હોય છે. તેમાંના છેલ્લા બે વિષયો તો ફક્ત ત્રીજા ધોરણમાં જ શીખવાના હોય છે. ત્યાર બાદ પરીક્ષા પાસ કર્યા પછી યુનિવર્સિટીમાં દાખલ થઈ શકાય છે. આ વખત સુધીમાં વિદ્યાર્થીની ઉંમર લગભગ ૧૮, ૧૯ કે ૨૦ વર્ષની થઈ હોય છે. ડૉકટર કે એન્જિનિયર થવા ઇચ્છનારે ઓછામાં ઓછાં બીજા ૫ થી ૬ વર્ષ અભ્યાસ કરવાનો હોય છે. અલબત્ત, આ સિવાય બીજી ઘણી જાતની શાળાઓ અહીં છે. દા. ત. વ્યાપારી શિક્ષણની શાળાઓ, ટેકનિકલ નિશાળો વગેરે. મારો ભાઈ ટેકનિકલ હાઇસ્કૂલમાં જાય છે. આવી ફક્ત ૫ કે ૬ શાળાઓ જ છે.

તમે ધારો છો તે કરતાં ભણેલા લોકોનું પ્રમાણ અમારે ત્યાં વધારે છે: લગભગ ૯૯.૯૯ ટકા. ફક્ત ગાંડા લોકો જ લખીવાંચી શકતા નથી. ૧૯૨૫ના કાયદા પછી દરેક વ્યક્તિને ફરજિયાત ભણવા જવું જ પડે છે. આ બધું છતાં મારે કહેવું જોઈએ કે બીજા દેશ કરતાં અમારો દેશ હોશિયાર છે એમ હું માનતો નથી. બુદ્ધિમાન લોકો અમારા દેશની બહાર છે. જો હિંદના બધા લોકોને અમારી માફક શાળામાં જવાની તક મળે તો હું નથી માનતો કે તેઓ અમારા કરતાં વધુ મૂર્ખ રહે. અલબત્ત, મારા દેશ અને દેશ બાંધવો વિષે હું મગરૂબ છું. પણ એમ તો ચીનાઓ, હિંદીઓ ને હબસીઓ, ફ્રેન્ચો, અંગ્રેજો અને અમેરિકનો દરેક જણ મગરૂબ હશે.

અત્યારે હું ડૉ. અનુપસિંગે લખેલું પંડિત નેહરૂનું જીવનચરિત્ર વાંચી રહ્યો છું. મને તેમાં ઘણો જ આનંદ આવે છે. કોઇ પણ નેતા કરતાં તે વધુ સહૃદય નેતા હોવા જોઇએ. તમે કહો છો એ સાચું લાગે છે કે તેમના જેટલા કોઈ પણ નેતા પ્રજાના લાડીલા નહિ હોય. મને તો સરકારના કોઈ પ્રધાન પ્રત્યે ખાસ પ્રેમ નથી. કારણ કે ઘણી બાબતમાં તેઓ નિષ્ફળ જાય છે ને પંડિત નેહરૂ જેવું વ્યક્તિત્વ એકેમાં નથી. હરસુખ, હું ધારું છું કે ગાંધી કરતાં યે નેહરૂને સમજવા સહેલા છે, વર્તમાનનું આલેખન ગાંધી કરતાં તે વધારે કરે છે. એનો અર્થ એ નથી કે ગાંધી મહાન નથી. મને એમ લાગે છે કે જો ગાંધી ન હોત તો નેહરૂ આજે જે પંકાય છે તે ન પંકાતા હોત. પોતે ન ઉકેલી શકે એવા પ્રશ્નો રજૂ કરવા માટે તેમને એવા પિતાની જરૂર હતી. એટલે, આજે જે નેહરૂ છે તે અમુક અંશે ગાંધીથી ઘડાએલા છે. ગાંધી એ ભારતીય જાગૃતિના પ્રારંભ અને વર્તમાન છે અને નેહરૂ છે વર્તમાન અને ભાવિ. બીજા પત્રમાં એને વિષે વધુ લખીશ.

એક બાબત તમને જણાવવી ભૂલી ગયો, કે અહીંનાં છાપાં પણ મારા જેવા જ વિચાર ધરાવે છે. તમે જે એમ લખ્યું હતું કે હિંદમાં હુલ્લડો ફક્ત હિંદના એક જ ભાગમાં થયાં છે એમ પરદેશનાં છાપાંઓએ લખ્યું નથી, તે ખોટું છે. ઓછામાં ઓછું, મેં જે છાપાં વાંચેલાં તેમાં સ્પષ્ટ જણાવેલું કે હુલ્લડો ફક્ત પંજાબમાં જ થયાં છે. એક બીજું છાપું વાંચતા મારા એક ઓળખીતાને યે મેં તે વિષે પૂછી જોયું, ત્યારે તેણે પણ બરાબર એવું જ કહેલું કે, હુલ્લડો ફક્ત પંજાબમાં જ થયાં છે. મારા મત પ્રમાણે ત્યાં તે ઘણા ભીષણરીતે થયાં હોવાં જોઇએ. વળી નદીમાં આવેલાં પૂરે પરિસ્થિતિને વધુ વણસાડી હોવી જોઇએ. તેમાં ઘણા મનુષ્યો ડૂબી ગયા હોવા જોઇએ.

તમારે માટે મેં લગભગ ૧૦૦ ટિકિટો ભેગી કરી છે. પણ તે મોકલવાની હમણાં અમને મના છે, કારણ કદાચ તેની કોઈ વિશિષ્ટ કિંમત હોય. પણ તમને તે મળશે તો ખરી જ. ગમે તે રીતે તમને તે મોકલવાનો રસ્તો હું શોધી કાઢીશ.




તમે કહ્યા પ્રમાણે પરબીડિયા પર મેં આ વખતે જુદી જુદી ટિકિટો ચોંટાડી છે. તેમના પર લખ્યું છે, 'voor het kind' જેનો અર્થ થાય છે 'બાળક માટે' આ ટિકિટો બીજી ટિકિટો કરતાં થોડી વધુ મોંઘી છે, જે વધારાની આવક, શુદ્ધ હવા અને કાળજીભરી વૈદકીય મદદની જરૂરિયાતવાળાં બાળકો પાછળ વપરાવાની. ફક્ત હોલંડ જ એવો દેશ છે જ્યાં આ જાતની ટિકિટો છે. દર વર્ષે ડિસેમ્બરમાં આવી નવી ટિકિટો નીકળે છે.

આ પત્ર તમને આવતા વર્ષે મળશે. એટલે હું તમને ૧૯૪૮ નું વર્ષ ભાગ્યવંતું અને સુખી ઇચ્છું છું તમે તમારી બી. એસસી. ની પરીક્ષા પાસ કરો તથા તમારો પિતૃદેશ વૈભવ અને સુખસમૃદ્ધિ પામો એમ પણ ઈચ્છું છું. કૃપા કરીને મારા નમ્ર વંદન અને ઉત્તમ શુભેચ્છાઓ તમારાં માતાપિતાને કહેશો અને તમારાં ભાઈબહેન હોય તેમને પણ. તમારો મિત્ર ડાઈક(Diek)

તા. ક. મોકલી શકો તો આવતા પત્ર સાથે તમારો ફોટોગ્રાફ મોકલશો. 'જય હિંદ' એટલે શું? તમારો અભ્યાસ ડ્રગિસ્ટ થવા માટે છે કે કોઈ લેબોરેટરીમાં કામ કરવાની તમારી ઈચ્છા છે?

## INDIAN PEN-FRIENDS

(91) Rajendra Ambalal Shah C/o A. Y. Shah, 105 Princess Street, Bombay-2—Age:16, Hobbies: Sports, science, stamps; (92) Manilal Laxmidas Budhbhatti, Nagarpada, Jam-Khambhalia (Saurashtra)—19, Stamps, drawing; (93) Bharatkumar Hiralal Bhavsar, Bhavsarwad, Kathor (Dist. Surat)—17, cricket, ball, literature, travelling; (94) Natvarlal Purushottam Mehta, C/o Dr. Manilal L. Shah, Sir Lakhajiraj Road Rajkot (Saurashtra)—17, Stamps, politics; (95) Vrajlal N. Mehta, Shankar Niwas, Maskasath, Itwari, Nagpur (C.P.)—24, Stamps, photography, nature; (96) Krishnakant Vallabhdas Dalal, Ladwada, Near Mandvi, Baroda—Stamps, Correspondence; (67) D. J. Timani, Post-office, Botad (Saurashtra)—19, Cricket, astrology, swimming, exercise; (98) Rayjee Shah, Gandhi Road, Botad (Saurashtra)—18, Stamps, chess; (99) Sudhakar M. Dave C/o Dinkerray M. Raval, Vadavali Meta Pole, Shahpur, Ahmedabab—16, Stamps, match-lables, drawing; (100) Manharlal Harilal Mehta, opp. Prabhudas Master, Datteshwar gate, Halwad (Saurashtra)—17, Stamps, coins, autographs. (Please mention 'Kumar' Monthly from Ahmedabad India, while writing to any of the above Indian Penfriends)

## પરદેશના પત્રમિત્રોનાં સરનામાં

(1) Paul Huber, 370, Himmelgeister street Dusseldorf, Germany-British zone—32, Stamps; (2) Miss Helga Schweimer, Furstenwall 63, 22a, Dusseldorf, Germany-British zone—27, correspondence; (3) Mr. Willy Graf, Trippelsberg 199, 22a, Dusseldorf-Itter, Germany-British zone—50, Stamps, correspondence in German only; (4) Ingmar Backman, Kallby, Finland-Boy, Stamps; (ઉલ્લેખ: વસંતકુમાર જસાણી). (1) Inge Andersen, Knabrostroede 9.2 Copenhagen, Denmark—Girl, 17; (2) Peter Chr. Andersen Skovbyballe, Skovby Als Denmark—Girl, 19; (3) Bodil Aarsleff, Bolbrovej 44, Rungsted, Kyst, Denmark—Girl, 17; (4) Elisa Andersen, Havnegade 1, Hasie, Denmark—Girl, 15; (5) Kari Andersen, Nebel, Raarup, Gramrode Demark—Girl, 16; (ઉલ્લેખ: ઘનશ્યામ શાસ્ત્રી, નડિયાદ). (1) Berit Kyrklund, Hantverkaregatan 1, Abo. Finland—Girl, 15, Music, sports, reading; (2) Yrsa Johansson, Sirkkalagat 26, A Abo. Finland—Girl, 16, Sports, films; (3) Ulla Fallstrom, Liltoisvagen 4. Abo. 3. Finland—Girl, 16, Stamps, cards; (4) Mirjam Hammar, Ostra Strandgnat 54. Abo. Finland—16, Music, books, correspondence; (5) Lisa Sjoblad, Slottsgat 69, E. 25, Abo. Finland—17, Sports, music, film, dance. (ઉલ્લેખ: રમણિકલાલ ડગલી, મુંબાઇ). (1) Bhaktidas Shrestha, 12/449 Naghal Tole, Kathmandu, Nepal—Age: 22. (ઉલ્લેખ: જગદીશચંદ્ર ઓઝા, અલિગઢ). (1) Miss Pam Cambell (2) Miss Mytanwy Wadley—બંનેનું સરનામું: Ilennie Memorial School, Toowoomba, Qneensland, Australia. (ઉલ્લેખ: જશવંત શાહ, મુંબાઇ).

## ઈંગ્લંડમાં સંપર્ક ઈચ્છતી હિંદની શાળાઓ ને પત્રમિત્રો માટે એક વ્યાપક કાર્ય કરતી સંસ્થા

છેલ્લા મહાભયાનક વિશ્વયુદ્ધનો અનુભવ થયા પછી જગતમાં ફરી તેવું યુદ્ધ ફાટી ન નીકળે અને વિશ્વમાં કાયમ શાંતિ સ્થપાય તે માટે જે અનેક પ્રયત્નો શરૂ થયા તેમાં The Council for Education in World Citizenship નામની ઇંગ્લંડમાં સ્થપાએલી સંસ્થા તેના વિશિષ્ટ ધ્યેય અને કાર્યથી જુદી તરી આવે છે. દેશદેશના કુમારોમાં–આવતી કાલના નાગરિકોમાં–ભાતૃભાવ, સદ્ભાવના અને સહકારની લાગણી ઉત્પન્ન કરી એકબીજાના દેશો વિષેની ગેરસમજૂતી તથા પૂર્વગ્રહ દૂર કરી વિશ્વશાંતિને આવશ્યક એવું એખલાસનું વાતાવરણ ઊભું કરવાનો તેનો હેતુ છે. તેના સંચાલકો ઇંગ્લંડના મોટામોટા શિક્ષણશાસ્ત્રીઓ તથા કેળવણીકારો છે અને ૮૦૦ જેટલી શાળાઓ તથા યુવક મંડળો અને અનેક વ્યક્તિગત કુમાર-કુમારીઓ તેનાં સભ્ય છે. આંતરરાષ્ટ્રીય પત્રવ્યવહાર માટે તે કુમારોને માર્ગદર્શન તથા ઉત્તેજન પણ આપે છે. આ હેતુ પાર પાડવા તેમને ઈતર દેશોની માફક હિંદમાંથી પણ બે પ્રકારના સંપર્કની આવશ્યકતા છે: (૧) ઇંગ્લંડની શાળાઓ સાથે પત્રવ્યવહાર કરવા ઈચ્છતી હિંદની શાળાઓનાં નામ; (૨) વ્યક્તિગતરીતે પત્રવ્યવહાર કરવા ઈચ્છતા કુમારોનાં નામ-સરનામાં (ઉમર, શોખ તથા જાતિ સાથે). પત્રમિત્રતામાં રસ લેતી તથા આંતરરાષ્ટ્રીય એખલાસમાં માનતી શાળાઓ, મંડળો તથા વ્યક્તિઓએ વધુ માહિતી મેળવવા નીચેના સરનામે લખવું: Miss Joan Brooks-Hill B.SC (ECON), Field secretary, The Council for Education in World Citizenship, 11 Maiden Lane, London WC2.

# ★ વિકસતું વિજ્ઞાન ★

મનુષ્યના શરીરમાંથી અદૃશ્યરીતે અમુક પ્રકારનાં કિરણો નીકળ્યાં જ કરતાં (Radiation) હોય છે એવી શોધ આજથી ૭૦ વર્ષ પહેલાં ડૉ. કિલ્નરે કરેલી અને એ કિરણોત્સર્ગ કેટલો અને કેવો થાય છે તે તેમણે પોતે બનાવેલા 'કિલ્નર પડદા' (Kilner screen) પર બતાવ્યું પણ હતું. ત્યાર બાદ ઘણા પ્રયોગો થયા. તેનાથી જણાયું કે આપણે વિવિધ પ્રકારના કિરણોત્સર્ગનાં અદૃશ્ય ક્ષેત્રોથી હમેશ ઘેરાએલા હોઇએ છીએ. ફક્ત મનુષ્યો જ નહિ પણ ઝાડ, ફળ, ફૂલ, ધાતુઓ, દવાઓ, ખનીજો, પર્વતો એ દરેક વસ્તુ ખાસ પ્રકારના કિરણોત્સર્ગ કરતી જ હોય છે. આમાંના કેટલાકના કિરણોત્સર્ગ આપણા શરીરને લાભકર્તા છે, જ્યારે બીજાના હાનિકર્તા. દા.ત. રેડિયમનો કિરણોત્સર્ગ શરીરના કોષોનો નાશ કરે છે; જ્યારે તાજાં શાકભાજી વગેરેની અસર ઘણી આરોગ્યદાયક હોય છે. પણ તે જ શાકભાજી જો પડી રહે તો તેમાંથી તે કિરણોત્સર્ગની તાકાત નાશ પામે છે. મેંસી અબોવિસ નામના ફ્રેન્ચ વૈજ્ઞાનિકને વધુ પ્રયોગ કરતાં જણાઇ આવ્યું કે હાથનાં આંગળાં અને અંગૂઠામાંથી થતો કિરણોત્સર્ગ શરીરના જુદાજુદા ભાગના કિરણોત્સર્ગનો આંક બતાવે છે. આમાં વળી વધુ પ્રયોગ કરતાં એમ પણ જણાયું કે માણસના અંગૂઠામાંથી થતો ઉત્સર્ગ તેના મગજની તાકાત સમજવામાં સહાયભૂત થાય તેમ છે. એ ઉત્સર્ગ જેમ વધારે, તેમ તેની બુદ્ધિ ઘણા ઊંચા પ્રકારની એવો નિયમ તેમણે અનેક પ્રયોગો પછી દૃઢ કર્યો. આમ કોઇ માણસની બુદ્ધિની કક્ષા કેવા પ્રકારની છે તે આ રીતે પેલા 'કિલ્નર પડદા' વડે અંગૂઠાનું ઉત્સર્ગીકરણ (Radiation) માપવાથી ખબર પડે છે. આ રીતે માણસની બુદ્ધિમત્તા માપીને તે કયા કામને લાયક છે તે આ પદ્ધતિથી નક્કી કરી શકાશે.

ચોમાસામાં વરસાદને કારણે કાદવ થવાથી કેટલાંયે ગામની આસપાસના રસ્તા ગાડાં તથા મોટરો માટે બંધ થઈ જવાથી ખૂબ મુશ્કેલી ઊભી થાય છે. પણ તે બધે ઠેકાણે ડામરના અગર પથ્થરના રસ્તા બાંધવા શક્ય હોતું નથી. આથી આ અડચણ દૂર કરવા વિજ્ઞાનશાસ્ત્રીઓએ એક સહેલો ને સસ્તો ઉપાય શોધી કાઢ્યો છે. તેમણે વિશિષ્ટ જાતના છોડવાઓમાંથી એક એવી જાતનો ભૂકો બનાવ્યો છે જે માટી સાથે ૧ : ૨૦૦ના પ્રમાણમાં મેળવી પાથરવામાં આવે તો ત્યાંની જમીન પાણી-અવરોધક(Water-proof) બની જાય. આ માટે તેમણે પ્રત્યક્ષ પ્રયોગો પણ કર્યા. પાઈન વૃક્ષના થડમાંથી આવો 'રેઝિન' નામનો ભૂકો બનાવી તેને થોડાક સીમેન્ટ સાથે સંયોજી જમીનની સપાટીથી થોડા ઇંચ નીચે દાબી દેવામાં આવ્યો. ત્યાર બાદ કેટલો યે મુશળધાર પડવા છતાં તે રસ્તો જેવો ને તેવો જ રહ્યો. યુદ્ધકાળમાં વાહનોની હેરફેર માટે આ પદ્ધતિનો ઘણા મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવેલો. હિંદ જેવા વિશાળ દેશમાં તો આ પદ્ધતિના રસ્તાની ઘણી જરૂર છે.

જેના માટે કોઈ દવા આજ સુધી શોધાઈ નથી એવાં દર્દોમાં શરદી-સળેખમની ગણના થાય છે. પૃથ્વીના આદિ કાળથી આજ સુધી સળેખમનું દરદ માણસને હેરાન કરતું આવ્યું છે અને એવી ગણત્રી થઇ છે કે તે દરદને કારણે દર વર્ષે માણસના મહત્ત્વના કામના ૪ કરોડ દિવસો નકામા જાય છે! આ દરદ નાબૂદ કરવા તથા તેના પર કોઇ રામબાણ દવા શોધી કાઢવા વૈજ્ઞાનિકોએ ખૂબ જહેમત લીધી છે, પણ વ્યર્થ. આવા આ દુર્દમનીય રોગના ઉત્પાદક જે જંતુઓ છે તે બેક્ટિરિયા કરતાં યે બારીક છે. પણ આ જંતુઓ વિષે વૈજ્ઞાનિકોની મોટી મુશ્કેલી એ છે કે તે ફક્ત મનુષ્યના શરીરમાં જ ગળી અને ઊછરી શકે છે. ટાઇફૉઈડ વગેરેનાં જંતુઓની માફક ટ્યૂબમાં તેને ઉછેરી શકાતાં નથી. આથી આ જંતુઓનો અભ્યાસ કરવા સળેખમ થએલા માણસના નાકમાંથી નીકળતા પ્રવાહી પદાર્થમાંથી જ તે જંતુઓ મેળવવા પડે છે. વળી મનુષ્ય શરીરના કોષો (cell)ની અંદર તે ભરાઈ રહેતા હોવાથી દવા ત્યાં સુધી પહોંચી શકતી નથી. સળેખમના આ જંતુઓને વિવિધ ઉષ્ણતામાન હેઠળ રાખવા છતાં તે મરતાં નથી. તેમનું કદ એટલું બારીક છે કે સાદા સૂક્ષ્મદર્શક યંત્રથી પણ તે જોઇ શકાતાં નથી. એ કદ લગભગ ૧/૧૦૦૦૦ મિલિમીટર છે. પણ વૈજ્ઞાનિકોએ ફરી આ રોગ સામે મોરચો માંડ્યો છે. સેલિસબરીની હાવર્ડ ઑસ્પિટલમાં લોકોને સળેખમના જંતુઓનો ચેપ લગાડી આ દરદનો વ્યવસ્થિત અભ્યાસ આરંભીને તેના પર અસરકારક દવાની શોધખોળ કરવા માંડી છે.

વિશ્વ-મંડળનો તાગ મેળવવાની તથા તેના રહસ્યો ઉકેલવાની પોતાની તીવ્ર ઇચ્છા તૃપ્ત કરવા મનુષ્યે મોટામોટા દૂરબીનો બનાવ્યા છે. જગતનું એવું સૌથી મોટું દૂરબીન હમણાં અમેરિકામાં ૫૫૦૦ ફૂટ ઊંચા માઉન્ટ પેલોમર ઉપર બેસાડવામાં આવ્યું હોઈ તેમાંથી નિરીક્ષણ કરવાનું કાર્ય પણ હવે શરૂ થઇ ગયું છે. આ દૂરબીનના કાચનો વ્યાસ અગાઉના મોટા દૂરબીન કરતાં બમણો—૨૦૦ ઇંચ છે. તે વડે ૫૮૮૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલ સુધીની વસ્તુઓના ફોટા લઇ શકાશે. આ અદ્ભુત યંત્ર તૈયાર કરવા પાછળ અતિશય મહેનત તથા કાળજી લેવામાં આવેલી. તે યંત્રના ૧૪॥ ટનના મુખ્ય કાચને ઘસવાનું તથા પૉલિશ કરવાનું કાર્ય જ ૧૨ વર્ષ સુધી ચાલેલું. તે માટે ૩૧ ટન પૉલિશ કરવાનો પદાર્થ વપરાએલો. એ આખું દૂરબીન ૬ માળ જેટલું મોટું હોઇ તેનું કુલ વજન ૫૦૦ ટન છે.

લોઢાની અછત હોય ત્યારે લોઢાને બદલે વાપરી શકાય તેવી કોઇ ધાતુ યા મિશ્ર ધાતુ તૈયાર કરવા માટે અનેક પ્રયત્નો કર્યા પછી શાસ્ત્રજ્ઞોએ હવે એવી એક મિશ્ર ધાતુ બનાવવામાં સફળતા મેળવી છે. આ મિશ્ર ધાતુ ઍલ્યુમીનિયમ, જસત અને મૅગ્નેશિયમના વિશિષ્ટ પ્રમાણના મિશ્રણથી તૈયાર કરવામાં આવી છે. 'ટેન્ઝાલૉય' (Tenzaloy)ના નામથી જાણીતી આ મિશ્ર-ધાતુ દેખાવે ધોળી હોઈ યંત્ર તથા બીજું સામાન બનાવવા અતિ ઉપયોગી નીવડશે.

માણસનું શરીર બરાબર કામ કરતું અને વિકાસ કરતું રહે તે માટે તેને ખોરાક દ્વારા પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ખનીજતત્ત્વ અને વિટામિન લેવાની જરૂર હોય છે. આ બધા પદાર્થો યોગ્ય પ્રમાણમાં શરીરને મળે તે માટે માણસને વિવિધ પ્રકારનો ખોરાક લેવો પડે છે. પણ હવે વિજ્ઞાનશાસ્ત્રીઓએ એવો એક પદાર્થ બનાવ્યો છે કે જેમાં ઉપરની બધી જ વસ્તુઓ તથા ૧૨ પ્રકારનાં વિટામિન હોય. આ પદાર્થનું નામ તેમણે 'વિટા-સ્નેક' (Vita-Snak) રાખેલું હોઈ લાંબા લાટાના રૂપમાં તે તૈયાર કરવામાં આવે છે. તે લાટા ઉપર સ્વાદ માટે ચોકલેટનું પડ ચડાવેલું હોય છે. ભૂખથી મૃત્યુ પામતા જગતને બચાવવા તૈયાર કરેલા આ વિટા-સ્નેકના લાટાઓ હજારોની સંખ્યામાં અમેરિકાની પ્રયોગશાળામાંથી યુરોપ તથા એશિયા મોકલવામાં આવ્યા છે.

ખાંડથી દાંતને થતું નુકસાન રોકવાની નવી રીત અમેરિકાના ડૉ. ફૉસ્ડિકે શોધી છે. ખાંડ જ્યારે સાફ થાય છે તે વખતે તેમાં ગ્લીસરોલ આલ્ડીહાઈડ નામનો પદાર્થ ઉમેરવાથી દાંતને હાનિકર્તા એવા ખાંડમાંના ઍસિડ નાશ પામે છે ને દાંતને નુકસાન થતું નથી.

# કાઠિયાવાડનું નવસર્જન [૨]



'વંદેમાતરમ્' અને 'પ્રજાબંધુ'નાં
સુશોભનો ઉપરથી

કોઈ પણ દેશના ઔદ્યોગિક વિકાસ માટે કાં તો કોલસો જોઈએ કાં તો ક્રુડ ઑઈલ. આજના કાઠિયાવાડમાં તે બંનેમાંથી એક પણ વસ્તુ પૂરતા પ્રમાણમાં મળતી નથી. પણ એક બીજી જ શક્તિ તે કાર્ય માટે કાઠિયાવાડમાં ઉત્પન્ન કરી શકાય તેમ છે. એ શક્તિ તે પાણીથી ઉત્પન્ન થતી વીજળી.

જળસંચય(હાઇડ્રો-ઇલેક્ટ્રિક)થી ઉત્પન્ન થતી વીજળીની તરફીણનો દસ ટકા ઉપયોગ પણ હિંદમાં થયો નથી. અને કાઠિયાવાડમાં તો સારા પ્રમાણમાં વીજળી ઉત્પન્ન થઇ શકે તેવો ગિરનારનો પર્વત હોવા છતાં વીજળી-ઉત્પાદન માટે તેનો બિલકુલ લાભ લેવાયો નથી. જો તેના પર હાઈડ્રો-ઇલેક્ટ્રિક પ્લૅન્ટ મુકાય તો કાઠિયાવાડની બધી રેલવેઓ, કાપડની મિલો તથા નાનામોટા ઉદ્યોગનાં અનેક કારખાનાં તે વડે ચાલી શકે. વળી કાઠિયાવાડમાં ફક્ત ૨૦ થી ૩૦ ઇંચ વરસાદ પડતો હોવાથી વણખેડાએલી જમીનને હાઇડ્રો-ઇલેક્ટ્રિક પ્લૅન્ટથી નહેરો દ્વારા પાણી મળી શકે.

ગિરનાર પર્વત પર વીજળી ઉત્પન્ન કરવા ઉપરાંત ભાવનગરની ખાડીમાં પણ વીજળી ઉત્પન્ન કરવાની શક્યતા છે. કેમકે ત્યાં ૩૨ ફૂટ જેટલા પ્રમાણમાં ચઢતાંઊતરતાં ભરતી-ઓટનાં પાણીથી વીજળી ઉત્પન્ન કરી શકાય તેમ છે. ભરતી-ઓટમાં આટલો મોટો તફાવત દુનિયાભરમાં માત્ર બેપાંચ ઠેકાણે જ છે.

આ ઉપરાંત એક બીજી શક્તિથી પણ સૌરાષ્ટ્રમાં વીજળી ઉત્પન્ન થઇ શકે તેમ છે. તે શક્તિ પવનની આખા હિંદના મુકાબલે સૌરાષ્ટ્રમાં આ શક્તિ ભરપૂર છે. અત્યાર સુધી આ પવન-શક્તિનો ઉપયોગ માત્ર વહાણ હંકારવામાં તથા કૂવામાંથી પાણી ખેંચવાના કામમાં જ થતો. પણ હવે વીજળીના ઉત્પાદનમાં પણ તેનો ઉપયોગ થઇ શકે તેમ છે. તેને માટે દર કલાકે પવનની ગતિ ઓછામાં ઓછી પાંચ માઈલની હોવી જોઈએ, પણ કાઠિયાવાડમાં તો તે સરેરાશ ૧૫ થી ૨૦ માઈલ છે. આથી ત્યાં પવનચક્કીઓ ઊભી કરી તેમાંથી સેકંડરી બૅટરીઝ ચાર્જ કરી તેનો ઉપયોગ નાના અને ઘરગથ્થુ કામો માટે સહેલાઇથી થઇ શકે. રશિયા, નૉર્વે, કૅનેડા, ને અમેરિકામાં આ પદ્ધતિ દ્વારા ત્યાંની સરકાર અનેક ગામડાંને વીજળી આપવામાં સફળ થઈ છે.

મિલઉદ્યોગ વિકાસને પણ કાઠિયાવાડમાં હજુ ઘણો અવકાશ છે. ત્યાં સૌથી પહેલી મિલ ૧૮૯૭માં ભાવનગરમાં સ્થપાએલી. આજે લગભગ ૫૦ વર્ષ થઈ જવા છતાં સૌરાષ્ટ્રમાં છૂટીછવાઈ ફક્ત દસ જ મિલો છે. આ બધી મિલોની ગણીને કુલ ૧,૪૦,૦૦૦ ત્રાકો તથા ૨૮૦૦ શાળ છે હિંદુસ્તાનમાં કુલ ૧ કરોડ ત્રાકો ને બે લાખ શાળો છે, જેને હિસાબે કાઠિયાવાડમાં ફક્ત સવાથી દોઢ ટકો જ કાપડનો ઉદ્યોગ આવ્યો ગણાય. જાણીને આશ્ચર્ય થશે કે મુંબાઈની એક જ મિલમાં સમસ્ત કાઠિયાવાડ જેટલી ત્રાકો અને શાળો ચાલે છે. આમ કાઠિયાવાડનો મિલઉદ્યોગ હજુ ઘણોઘણો વિકસાવવાની જરૂર છે.

જળસંચયની બાબતમાં પણ સૌરાષ્ટ્રમાં ખૂબ અનુકૂળતા છે. ત્યાંની અનેક નાનીમોટી વેગવતી નદીઓનાં જળને રોધી તેમાંથી તળાવોની રચના કરી, નહેર મારફત તેને ખેતીના ઉપયોગમાં સહેલાઈથી લઈ શકાય તેમ છે. ભાદર, ભોગાવો, શેત્રુંજી, મચ્છુ, ઓઝત, મધુવંતી, ઉંડ, આજી, વડતુ અને રૂપેણ જેવી અનેક નદીઓમાં જો યોજનાપૂર્વક બંધો બાંધવામાં આવે તો ખેતીને ઉપકારક થવા ઉપરાંત છેક ગુજરાતના સીમાડા સુધી જોઈતું વીજળિક બળ પહોંચે. આ સાથે ખેતીને માટે આવશ્યક એવાં ખાતરો પણ સૌરાષ્ટ્રમાં બની શકે તેમ છે. ત્યાં ઠેકઠેકાણે મગફળીની મિલો છે અને તે દરેક મિલમાં મગફળીનો ખોળ સારા પ્રમાણમાં હોવાથી તે ઉત્તમ ખાતરની ગરજ સારે છે. આ સિવાય લગભગ દરેક ગામડાના પાદરમાં હાડકાંના ઢગલા જોવામાં આવે છે. તેનો ભૂકો કરી ખાતર તરીકે તે વપરાય તો, તેમાં ફૉસ્ફરસ હોવાને કારણે તે એક ઉત્તમ ખાતરની ગરજ સારી શકે. પણ ઘણાંખરાં હાડકાં હાલ તો નિકાસ થાય છે; માત્ર વેરાવળમાં હાડકાંનો ભૂકો કરવાનું એક કારખાનું છે. આ સિવાય ગોંડલ અને જૂનાગઢ જેવાં સ્થળોમાં ખેતીવાડીના ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાપીઠો સ્થપાવી જરૂરી છે.

ખેતીવાડીને અનુષંગીને બીજા ઘણા ઉદ્યોગોનો વિકાસ થઈ શકે તેમ છે. લડાઇ પહેલાં દર વરસે ૩ લાખના એરંડા દેશાવર જતા જેની કિંમત હાલ ૧૨–૧૪ લાખ રૂપિયા થાય. તેમાંથી કૅસ્ટર ઑઇલ રીફાઈનરી, નહાવાના સાબુ અને માથાના સુગંધી તેલોનો ઉદ્યોગ સારીરીતે ખીલી શકે. ઇ. ૧૯૩૧થી ૧૯૩૯ સુધી વરસ દહાડે જામનગરથી ૬૦ લાખ રૂપિયાનું ઊન, ૨ કરોડની મગફળી અને બે લાખની કિંમતનું ચામડું પરદેશ ચડતું. જ્યારે બીજી તરફ કાઠિયાવાડના મોચીઓ બૂટ બનાવવા કાનપુર તથા મદ્રાસ-કલકત્તાથી ચામડું આયાત કર્યે જ જાય છે. આથી પ્રાંતમાં ક્રોમ ટૅનિંગ ફૅક્ટરી સ્થપાય તે જરૂરી છે.

**ઇતિહાસમાં ક્વચિત જ સાંપડતી એવી પલટાતા ભાગ્યની વિરલ અને ધન્ય ઘડી અનુભવતા**

પણ સૌરાષ્ટ્રની ખરી વિશેષતા અને સમૃદ્ધિ છે તેનાં ગીચ જંગલો. હિંદભરમાં કેવળ અહીંના ગીરનાં જંગલો જ સિંહનો વસવાટ ધરાવવાનું માન ભોગવે છે. એક વખત તો કાઠિયાવાડ ગાઢ જંગલોથી છવાએલો બેટ હતો. સિંધુ નદી કચ્છના તથા ખંભાતના અખાતને મળતી. ચોટીલા, બરડા અને ગીરના ડુંગરોમાં સિંહો ગર્જતા અને આ ડુંગરો ગીચ ઝાડીવાળાં જંગલોથી છવાએલા હતા. ત્યાર બાદ થએલા ધરતીકંપોથી કાઠિયાવાડનાં ઘણાંખરાં જંગલો નષ્ટ થયાં. સિંધુનું વહેણ બદલાયું, ચોટીલાનાં જંગલો સુકાયાં, પ્રાંતનાં જુદાજુદા ભાગનાં ઘાસનાં બીડ અને બાવળની કાંટ અલોપ થયાં. તેનું વાતાવરણ ઉષ્ણ બન્યું ને વરસાદ ઓછો થતો ચાલ્યો. તો પણ હજુ યે ગિરનારના ડુંગરોનું ૬૦ માઇલ લાંબુ અને ૩૦ માઈલ પહોળું એવું લગભગ ૬૦૦ ચોરસ માઈલનું જંગલ કાઠિયાવાડ પાસે છે. આ જંગલ નાબૂદ ન થાય અને સિંહોના વસવાટ માટેનું આ ગૌરવ-સ્થળ જળવાઈ રહે તે માટે જંગલમાં શિકાર તથા વાઢકાપ સામે રાજ્ય તરફથી માત્ર જૂજ પગલાં લેવાયાં છે. આ ઉપરાંત નવાનગર, ભાવનગર, ગોંડલ અને જૂનાગઢમાં પણ જંગલો છે. નવાનગર રાજ્યે બરાડાના ડુંગરમાં આવેલા જંગલને રક્ષિત વિસ્તાર તરીકે જાળવ્યો છે. એ બરડાનાં જંગલ કેટલી વિપુલ વૈવિધ્યવાળી વનસ્પતિ ધરાવે છે એ તો તે વનસ્પતિનો ઊંડો અભ્યાસ કરી સ્વ. જયકૃષ્ણ ઇંદ્રજીએ લખેલો મહાન ગ્રંથ જ બતાવી આપે છે.

પણ આવાં સમૃદ્ધ જંગલોનો વ્યવસ્થિત વિકાસ આજ સુધી થયો નથી. આ જંગલોમાં બાંધકામના ઉપયોગમાં આવે તેવું એક પણ સારું સાગનું ઝાડ આજે શોધ્યું જડે નહિ એવી તેમની બૂરી સ્થિતિ છે. જો યોજનાપુરઃસર આ જંગલોને ખીલવવામાં આવે તો સાગ, સીસમ, બીયો, હળદરવો, હલાંજમો, સુખડ, અબનુસ, સીમળ, દૂધિયો, વાંસ, લાખ વગેરે ઘણી જાતનાં ઉત્તમ વૃક્ષોની તેમાં શકયતા છે. રેશમના કીડા માટેનાં મલબેરીનાં ઝાડ તથા કપૂરનાં ઝાડ માટેની શકયતાનો પણ વિચાર થવો જરૂરી છે. ફરનિચર, ગાડાં, ઘોડાગાડી, મોટરબોડી અને ઘરકામનાં લાકડાંનાં ઝાડોનું વધુ ને વધુ રોપણ થાય એ જરૂરી છે. વળી કાગળની મિલ, રમકડાં, તથા દીવાસળીનાં કારખાનાં પણ ખીલવી શકાય. જંગલોનો વિકાસ થતાં ફરીથી કાઠિયાવાડી ઘોડી, જાફરાબાદી અને ગીરની ભેંસ તથા કાઠિયાવાડના હથિયાર ગોધલા તેમની ખ્યાતિ જમાવશે.

અને કાઠિયાવાડનો કલા-પ્રાણ? આજે પણ નિષ્પ્રાણ સ્થિતિમાં આવી રહેલા ત્યાંના રંગદર્શી ગૃહ-ઉદ્યોગો એક વખતની તેની જાહોજલાલી તથા ઉચ્ચતાનો ખ્યાલ આપે છે. પોરબંદરના ગરમ ધાબળા તથા ધાબળીઓ તો જૂના વખતથી જાણીતાં છે. છાંયા, અમરદડ, રાતીઆ અને ટુકડા ગામના વણકરો તો આ કામના ઉત્તમ કારીગરો છે. વળી રેશમી પાઘડીઓ અને અતલસનો વણાટ પોરબંદરનો જૂનો ઉદ્યોગ છે. બગસરાની હાથવણાટની પાઘડીઓ કાઠિયાવાડભરમાં મશહૂર છે. જામનગરમાં પણ વહોરાઓ રેશમની પાઘડીઓ તથા અતલસ વણતા: વાંકાનેરમાં મોમીન વણકરો હાથશાળ પર ચાઈનાકાર્ડ તૈયાર કરતા. રાજકોટ, જૂનાગઢ, અમરેલી અને પોરબંદરની જેલોમાં મજબૂત અને આકર્ષક ડિઝાઇનોની શેતરંજીઓ, આસનિયાં તથા પાટી તૈયાર થાય છે. તેને જો ખીલવવામાં આવે તો આગ્રા અને કાનપુરની માફક કાઠિયાવાડમાંથી પણ તે વસ્તુઓ નિકાસ થઈ શકે. ચામડાંનો ઉદ્યોગ પણ સૌરાષ્ટ્રમાં સારીરીતે ખીલી શકે તેમ છે; પણ તે માટે ચામડાની નિકાસ બંધ થવી જોઈએ અને ચામડું કેળવવાની કળાનો પ્રચાર થવો જોઈએ. મહુવામાં હાથીદાંતનાં સુંદર રમકડાં તેમજ ફાઉન્ટન પેન બને છે. રાજકોટ, પોરબંદર વગેરે શહેરોમાં બ્રહ્મક્ષત્રિયો સુંદર ડિઝાઇનોના ચૂડા તથા કંગન તૈયાર કરે છે. શિહોરમાં હાથઘડતરના ત્રાંબાપિત્તળનાં અનેકવિધ વાસણો તૈયાર થાય છે. ગિરનાર, બરડો તથા બીજે ઠેકાણે લીલા વાંસમાંથી ટોપલા-ટોપલીઓ બનાવવામાં આવે છે. આ ઉદ્યોગ મોટે ભાગે હરિજનોના હાથમાં છે. તેને ખીલવીને વાંસમાંથી બાસ્કેટો, ટિફિન પેટીઓ તેમજ ઇતર ફરનિચર પણ બનાવી શકાય. કાઠિયાવાડની પ્રજાનો મોટો ભાગ ખેડૂતોનો છે. તેમને ખેતીનાં સાધનોમાં બળદના મોરડા, રાસ, કોસનાં વરત, વરતરી, શાંતિનાડાં, નારણ વગેરે તૈયાર કરવા માટે મલબારી કાથાની સીંદરી ખરીદવી પડે છે. કેટલાક અનુભવી ખેડૂતો ભીંડીનું વાવેતર કરી તેના રેસામાંથી દોરડાં બનાવે છે. કેટલાક ખેડૂતો તેમની વાડીની આસપાસ કેતકીનું વાવેતર કરે છે. એથી જમીનનું ધોવાણ અટકવા સાથે તેનાં પાંદડાંના રેસામાંથી મજબૂત સફેદ દોરડાં ને ખેતીની જરૂરિયાતની દરેક વસ્તુ બને છે. જો દરેક ખેડૂત આ પ્રમાણે કરે તો મલબાર કાંઠાની સીંદરીની જરૂરિયાત ન રહે ને ખેડૂત સ્વાવલંબી બની શકે.


કાઠિયાવાડનું લાક્ષણિક માનવપાત્ર (કલાકાર: બેન્દ્રે)

કાઠિયાવાડમાં લગભગ દરેક ઠેકાણે શેરડીનું વાવેતર વધેલું છે. તેમાંથી ગોળ તૈયાર કરવામાં તો આવે છે, પરંતુ આ ઉદ્યોગ હજુ ખાસ ખિલવણી માગે છે. જામનગર અને પોરબંદરનું રંગાટકામ તો

ઘણા જૂના કાળથી વખણાતું. છાપણીનો ઉદ્યોગ જામનગર, પોરબંદર ઉપરાંત જૂનાગઢ અને રાજકોટમાં પણ સારા પ્રમાણમાં ખીલેલો છે. થાનનાં માટીનાં રમકડાં તેમજ ધોરાજીનાં લાકડાનાં રમકડાં વખણાય છે. ગોંડલમાં સુંદર ગાલીચા તૈયાર થાય છે. જામનગરમાં બટન બનાવવાનાં ઘણાં નાનાં કારખાનાઓ છે. રાજકોટમાં મીનાકારીનાં સુંદર બટનો તૈયાર થાય છે. જામનગરનાં તાળાં તથા સૂડીઓ તો મશહૂર છે. પાનેલીમાં પણ સુંદર સૂડીઓ બને છે. ને પોરબંદરનાં પણ તાળાં એક કાળે જાણીતાં હતાં. રાજકોટ, જામનગર તથા પોરબંદરથી લીવરપુલ વગેરે સ્થળે ગાંસડીબંધ ઊન નિકાસ થાય છે. તે ઉદ્યોગને પણ સુધારવાનો ઘણો અવકાશ છે. મરીનો તથા સારી જાતના નર ઘેટા બહારથી લઈ આવી ઘેટાની ઓલાદ સુધારવાના તેમજ સુંવાળા અને ઝીણા તારનું ઊન ઉત્પન્ન કરવાના પ્રયાસ પણ જરૂરી છે. પોરબંદર અને જામનગરમાં બાંધણીકામના સુંદર નમૂના થાય છે. તેમાં બાંધણીની પાઘડીઓ તથા ઘરચોળાં જાણીતા છે. હાથભરત એ તો કાઠિયાવાડનો ઘરઘરનો ઉદ્યોગ છે. કણબી, આહીર, સથવારા વગેરે કોમોમાં સ્ત્રીઓ ચણિયા, કમખાની બાંહ્યો તથા મકાનના શણગારના ટોડલીઆ, તોરણ, ચાકળા, બળદની ઝૂલ વગેરેમાં જે કમનીય ભરતકામ કરે છે તે જગતની કોઇ પણ હસ્તકલાને આંટી જાય તેવું હોય છે. તેમાં વધુ ચિત્તાકર્ષક ડિઝાઇનો દાખલ કરવાથી હજુ પણ પ્રગતિ સાધી શકાય તેમ છે.

**કા**ઠિયાવાડ એક વિશાળ દ્વીપકલ્પ હોવાથી તેને ભાગે લગભગ ૫૦૦ માઇલનો વિસ્તૃત કુદરતી દરિયાકાંઠો આવ્યો છે. આ લાંબા દરિયાકાંઠા પર નાનાંમોટાં મળી ૬૨ બંદરોની નોંધ ઈ. ૧૮૪૨માં મુંબાઈ સરકારે લીધી હતી. પ્રાચીન કાળથી તેના કાંઠે જબરું વહાણવટું ચાલતું. 'લંકાની લાડી અને ઘોઘાનો વર' એ ઉક્તિ જ સારા યે સૌરાષ્ટ્રના એક કાળના ભવ્ય વહાણવટાની સાખ પૂરે છે. કાઠિયાવાડના સાહસિક વેપારીઓની છેક અરબસ્તાન, દક્ષિણ આફ્રિકા તથા જાવા સુધી હાક વાગતી. ઘોઘા, દીવ, સોમનાથ પાટણ, માંગરોળ અને પોરબંદરનાં બંદરોનું સૌરાષ્ટ્રના જૂના ઇતિહાસમાં ગૌરવવંતુ સ્થાન હતું. વિખ્યાત ઇતિહાસકાર ટૉલેમી પહેલવહેલો ઊતરેલો તે માંગરોળ બંદરે જ. અને ઘોઘા બંદર તો કાઠિયાવાડનું જૂનું ઐતિહાસિક બંદર ગણાય. તેના ઇતિહાસના છેલ્લા તબક્કામાં ત્યાંના ચાંચિયાઓએ તોફાનો કરવાથી તેની મહત્તા ઘટી. હજુ પણ ત્યાં મળી આવતા વર્ષોજૂના ચોપડા, મારવાડી બજાર, જૂનાં ગોડાઉન વગેરે તેના એક કાળના વિશાળ વેપારની યાદ આપે છે. એ ચાંચિયાની દોલત ઘોઘાના ભૂગર્ભમાં દટાએલી હોવાનું મનાય છે. ઘોઘાના સમર્થ ખલાસીઓ હજુ પણ ભરૂચ, સુરત, મુંબાઇમાં વહાણો ફેરવે છે. પણ સ્ટીમર અને રેલવેની મહત્તા વધતાં તથા કંઈક અંશે રાજાઓની બેદરકારીથી કાઠિયાવાડનાં ધમધમતાં બંદરોની મહત્તા ઘટી. ઈ. ૧૯૧૭માં હિંદી સરકારે વીરમગામ-ધંધુકાની લાઇનદોરી કાઢી નાખ્યા બાદ કાઠિયાવાડમાં કેટલાંક આધુનિક સગવડવાળાં બંદરો તૈયાર થયાં, જેમાં નવલખી, બેડી, ઓખા, પોરબંદર, વેરાવળ અને ભાવનગર મુખ્ય છે. આ બંદરો સમરાવવામાં પુષ્કળ ખરચ કરાયું. તે સાથે આ બંદરે આવતો માલ પ્રાંતના ઇતર ભાગમાં પહોંચતો કરવા રેલવે લાઇનો નંખાઇ. આજે જામનગરનું સલાયા, ભાવનગરનું પોર્ટ આલ્બર્ટ વિકટર અને પોર્ટ પોષિત્રાનાં બંદરો દુનિયાનાં કોઈ પણ સારાં બંદરોની હરીફાઈમાં ઊભાં રહી શકે તેવાં છે. સલાયામાં તો આજે પણ પાંચસો વહાણો લંગર નાખીને પડયાં રહે છે.

પણ હજુ આ બંદરોનો જોઇએ તેવો વિકાસ થયો નથી. બેડી, નવલખી અને ભાવનગર બંદરની ખિલવણી-ગાળ કાઢવાના મરામત આભારી હોવાથી તેનો વિકાસ તેટલો લૂલો ગણાય. ધોલેરા બંદર પણ પુરાતું જાય છે. પણ ઘોઘાને ફરી વિકસાવી શકાય તેમ છે. સૌરાષ્ટ્રનું કોઈ પણ ગામ સમુદ્રકિનારાથી ૭૫ માઇલથી વધુ દૂર નહિ હોવાથી બંદરોનો વિકાસ થતાં વેંત આખો સૌરાષ્ટ્ર વ્યાપારસમૃદ્ધિથી ઊભરાશે. ભૌગોલિક દૃષ્ટિએ સૌરાષ્ટ્રનાં બંદરો મધ્ય તથા ઉત્તર હિંદનાં બજારોની ખૂબ નજીક છે અને રેલરસ્તા કરતાં દરિયારસ્તે માલની હેરફેર સરવાળે સસ્તી પડે છે, કારણ કે રેલવેના પાટા, રસ્તા તથા પૂલોની દેખરેખ-મરામત માટે મોટો કામગાર વર્ગ અને ચાલુ ખર્ચ નિભાવવાં પડે છે, જ્યારે દરિયાનો રસ્તો કુદરતી છે. આમ બધી દૃષ્ટિથી કાઠિયાવાડનાં બંદરોનો સર્વાંગીણ વિકાસ થવો જરૂરી છે. એથી કેવળ વેપાર માટે જ નહિ પણ દેશના નૌકાદળના વ્યૂહાત્મક મથક તરીકે પણ તેમનો ઉપયોગ થઇ શકે, કેમકે અરબી સમુદ્રમાં આગળ પડતા કાઠિયાવાડનું ભૌગોલિક સ્થાન હિંદના પશ્ચિમ કિનારા ઉપર લશ્કરી દૃષ્ટિએ અત્યંત અગત્યનું છે. તેની સાથોસાથ અહીં વહાણ બાંધવાનો ઉદ્યોગ ખીલવવો જરૂરી છે. યુદ્ધ પહેલાં સરેરાશ દર વરસે ભાગ્યે જ ૪-૫ વહાણો નવાં બધાતાં એ હકીકત ખરેખર શોચનીય છે. વેરાવળમાં વહાણોનું બાંધકામ ચાલે છે, પણ તે પૂરતું નથી. સલાયા અને પોર્ટ આલ્બર્ટમાં પણ તે મોટા પાયા પર શરૂ થવું જરૂરી છે.

સૌરાષ્ટ્રની નીરોગી અને ખુશનુમા હવામાં વિચરતાં તેનાં સંતાનો ઊંચાં ખડતલ અને મજબૂત બાંધાનાં છે. સીધું અણિયાળું નાક, ચકોર ચળકતી આંખો, ટેકીલો પણ તીખો સ્વભાવ, ઘોડેસવારી અને તલવારપટાની આવડત એ તેમનાં પ્રમુખ લક્ષણો. બાજરીનો રોટલો, અડદની દાળ, ગોળ અને છાશ એ તેમનો સાદો પણ સત્ત્વશીલ ખોરાક. કસ બાંધેલી બંડી, સુરવાલ અને મોટાં ફાળિયામાં લપાએલો તેમનો ખડતલ દેહ પુરુષત્વનું વાતાવરણ ખડું કરે છે. રાજપૂતાના જેવા ભભકદાર રંગવાળા પહેરવેશમાં શોભતી ત્યાંની સ્ત્રીઓમાં જાણે કલા મૂર્તિમાન થાય છે. મહેમાનગીરી અને શૂરાતન એ તો જાણે સૌરાષ્ટ્રની નસેનસમાં વહી રહ્યાં છે. નાનાંનાનાં અનેક યુદ્ધોમાં ખપી ગએલા 'કોઈના લાડકવાયા' એવા અજાણ્યા વીરોની શૌર્ય-સ્મૃતિ જાળવતા ઊભેલા અસંખ્ય પાળિયાઓ સૌરાષ્ટ્રની એ ક્ષત્રિયવટનું આજે પણ તેજોદર્શન કરાવે છે. નિશ્ચિંત મને ચરતાં ઘેટાં, બકરાં કે ગાયોનાં ધણ પાસે ખભે ડાંગ ઉપર હાથ નાખી પ્રફુલ્લ ચિત્તે જગ નિરખતો ભરવાડ એ ત્યાંનું રોજિંદું ને રમ્ય પ્રકૃતિ-દૃશ્ય છે. ટાયડાં ઘોડાં પર સવાર થઇ હોકો તાણતોતાણતો જતો એકાદ ચારણ કે રજપૂત તેના વિપુલ તેજસ્વી લોકસાહિત્યની યાદ આપે છે.

**આ**વો, ખનિજ અને ખેતી, જંગલો અને જળ-સમૃદ્ધિ, વેપાર ને ઉદ્યોગ, હુન્નરો ને હાથકારીગરી, બંદરો અને સાગર-સંપર્ક વગેરેમાં મબલખ વિપુલતા, અનુકૂળતા અને શકયતાઓથી સમૃદ્ધ સૌરાષ્ટ્ર આજે સ્વાયત્ત અને સંગઠિત બન્યો છે, એ તેના પલટાતા ભાગ્યની, ઈતિહાસમાં કવચિત જ સાંપડતી એવી વિરલ અને ધન્ય ઘડી છે. યાદવકુલભૂષણ કૃષ્ણથી માંડીને દયારામ-ગાંધી સુધીની તેજસ્વી વિભૂતિઓની એ જ નેતા અને કર્મભૂમિનાં પ્રાણવાન સંતાનો —જે આજ સુધી પોતાની શક્તિઓની સિદ્ધિ પરદેશમાં પ્રકટાવતાં તેઓ તથા જેની શક્તિઓ હજી સાધના માટે સળવળી રહી છે તે બંને પ્રકારનાં પ્રાણવાન સંતાનોને પોતાના પુરુષાર્થનો પરચો બતાવવાની તક આજે સાંપડી છે. આવતી કાલ એમની છે; જગત એમના પ્રયત્નો અને પરિણામોની રાહ જુએ છે.



# માધુકરી

બપોરનો ઋક્ષ કરાળ જોગી
સૂની શેરીઓ મહીં લાલ નેત્રે
ખાલી ભિક્ષાપાત્ર લૈને જતો'તો;
ક્યારેક્યારે ઉષ્ણ નિઃશ્વાસ નાખી
પોઢેલાંને એ જગાડી રહ્યો'તો.
આવ્યું ન કોઇ
આપ્યું ન કાંઈ
ને બારણે આ મુજ નીસર્યો ત્યાં
ઝાંપા માથે જે ઝળૂંબી રહેલ
ફૂલો કેરી વેલ વચ્ચે ગવાતું
પંખીનું આ ગીત ધીમું સર્યું ને
એનું ભિક્ષાપાત્ર પૂરું ભર્યું ને
હસી રહ્યું તપ્ત ધરા હસાવી....

[ઉનાળો આવ્યો છે. 'કુમાર'ના ૧૦૦મા અંકમાં કાકાસાહેબ કાલેલકરે ઉનાળાના એ બળતા મધ્યાહ્નમાં પણ રહેલા કાવ્યને માણતાં શીખવતો એક લેખ લખ્યો હતો. પણ મધ્યાહ્નનું સ્વાગત કરવું સહેલું નથી. કવિવર ટાગોર જેવા કોઈ વિરલા જ વરસતી લૂમાં સ્નાન કરવાનો શોખ કેળવી શકે. ઋક્ષ ને કરાળ કોઇ અપવાસી ને તરસ્યા તપસ્વી શા એ બપોરનું સ્વાગત આભમાં ઊડતી વાદળી કે ઝાડની ઘટામાં બેસીને કંઠ મોકળો મેલતું કોઇ પંખી કરી શકે છે. બળતા બપોરે ધીમી ગતિથી શાંત સર્યે જતી વાદળીની એ છાયા કે પંખીનું ગાન આ સમયે મળતું એક મોંઘું ઊર્મિગીત છે. બાજુના કાવ્યમાં નિર્દેશ્યું છે તેમ ઋક્ષ, કરાળ ને પિંગળ નેત્રોવાળા એ અતિથિનું પાત્ર તમે પણ ઊણું રહેવા દેતા નહિ. જ્યારે તમારે આંગણે એ આતશ વેરનારો આવે ત્યારે તમે પણ પ્રફુલ્લ કંઠે જીવનની તાજગી જ લલકારજો. ભય કે ગભરાટ, આળસ કે બેચેનીમાં એને દેખીને પડશો મા. તાપ પડશે તો દાણામાં દૂધ આવશે. મધ્યાહ્નનું આ ધ્રુવપદ છે. (જયહિંદ)]

## આદ્ય હિંદી ક્રાંતિકારી સ્ત્રી—માદામ કામા

હિંદને સ્વતંત્ર કરવાને જે હિંસક અને અહિંસક પ્રવૃત્તિ થઈ તેમાં સ્ત્રીઓએ પણ ઘણો અગ્રિમ ફાળો આપ્યો છે. તે સૌમાં આદ્ય સ્ત્રી–ક્રાંતિકારી તરીકેનું માન મેળવનાર માદામ કામાનું નામ હિંદના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. મા ભોમની મુક્તિની એકમાત્ર ઝંખના સેવી સુપ્ત જનપ્રાણને જાગ્રત કરવા આગઝરતી બાની વહાવનાર તથા દેશને ખાતર દેશવટો સેવી અનેક ક્રાંતિકારીઓને પ્રેરણા તથા તનમનધનપૂર્વક સહાય કરનાર આ પારસી બાનુ હિંદને એક ગૌરવ લેવા જેવી તેજસ્વી વ્યક્તિ થઈ ગઈ. તેમણે હિંદી જુવાનોને બૉંબ બનાવવાની તાલીમ આપીને દેશને ખાતર ફના થઈ જવાની કેળવણી આપી એટલું જ નહિ પણ હિંદને પોતાનો પહેલો ત્રિરંગી ધ્વજ પણ તેમણે જ આપીને હિંદી અસ્મિતાનું પ્રથમ ભાન દેશને કરાવેલું.

આવાં વીર ક્રાંતિકારી સ્ત્રી માદામ ભીખાઈજી કામાનો જન્મ ઈ. ૧૮૬૫માં મુંબાઈના જાણીતા પારસી વેપારી **શ્રી સોરાબજી ફરામજી પટેલને** ત્યાં થયો હતો. નાની વયથી જ ગરીબોનાં દુઃખ દૂર કરવાના અને દેશની સેવાના કાર્યમાં લાગી જવાના વિચારો તેમના મનમાં આવવા લાગેલા. ઈ. ૧૮૮૫માં જ્યારે કૉંગ્રેસનું પ્રથમ અધિવેશન ભરાયું ત્યારે ભીખાઇજીએ તેમાં ઉત્સાહથી ભાગ લઈ દેશસેવાનો પોતાનો સંકલ્પ દૃઢ કર્યો.

તેઓ ઉમરલાયક થતાં તેમનાં પિતાજીએ તેમને પરણાવવાનો વિચાર કર્યો. અને લગ્નનું બંધન પોતાના દેશસેવાના કાર્યમાં આડે નહિ આવે એમ લાગવાથી ભીખાઇજીએ પિતાની ઇચ્છા અનુસાર જાણીતા શ્રીમંત રુસ્તમ કામા સાથે લગ્ન પણ કર્યાં. પરંતુ લગ્ન બાદ પોતાની દેશસેવાની તમન્નાને મૂર્ત કરવા સ્ત્રીઓની અનેક પ્રવૃત્તિ તેમજ જાહેર કાર્યક્રમોમાં સ્વયંસેવિકા તરીકે ભાગ લેવાનું ચાલુ રાખતાં કમનસીબે તેમની આ દેશ-સેવાની ધગશ તેમના લગ્ન જીવનમાં ક્લેશનું કારણુ થઇ પડી. આખરે દેશને ખાતર પતિ-થી વિખૂટા પડવાનો કસોટીભર્યો પ્રસંગ તેમની આગળ આવી ઊભો. જરા પણ ડગ્યા

### આસપાસનાં પંખી [૨૬]

### કાળોકોશી



કાગડા જેવા ચળકતા કાળા રંગનું ને ચીપિયા જેવી ફાડવાળી પૂછડીવાળું કોઇ પંખી રેલને તાર પર એકલદોકલ બેઠેલું જુઓ તો તે કાળોકોશી. આપણું આ અતિ સામાન્ય પંખી 'કોશિયા'ને નામે પણ ઓળખાય છે.

પાતળું સોટી જેવું અને કદમાં વેંતભરનું હોવા છતાં એનો લડાયક જુસ્સો એવો પ્રખર છે કે કાગડો ને શમળી પણ તેનાથી ડરીને ચાલે છે. તેની આ બહાદુરીને કારણે જ તે પંખીઓનો 'પટેલ' તથા દક્ષિણમાં 'કોટવાલ' અને અંગ્રેજીમાં 'king-crow' કહેવાય છે. ચકલાં હોલાં જેવાં ઘણાં નિર્બળ પંખીઓ તો જ્યાં કાળકોશી રહેતો હોય તે ઝાડ પર માળો બાંધી તેના આશ્રયે રહે છે.

રૂપરંગની શોભા વિનાના આ પંખીને વિ-વિધ જાતના કર્ણમધુર અવાજ કાઢવાની ઈશ્વરી બક્ષિશ મળેલી છે. સમસ્ત પંખીગણ-ની ભાતભાતની બોલી કાઢવાની તેની એ કળાને બીજું કોઈ પંખી આંટી શકતું નથી.

આ જાતની પંખીનો આહાર છે નાનાં જંતુ, પતંગિયાં,તીતીઘોડા વગેરે. પોતાના શિકાર-ની ભાળ રાખતું તે રેલવેના તાર કે સૂકી ડાળ પર બેસે છે ને શિકાર દેખાય કે તરત તેને ઝડપી લઇ પોતાને સ્થાને લઈ જઇ નિરાંતે આરોગે છે.દિવસભર આ પ્રવૃત્તિ ચાલુ રાખતું આ પંખી ખેતીને ઘણું ઉપકારક છે. ઘણી વખત તો ગાયભેંસની પીઠ પર બેસીને ઢોરના ચાલવાથી ઘાસમાંથી ઊડતાં જીવડાં તે ચપળતાથી ટપોટપ ખાતું જાય છે.

આકાર તથા રંગભેદે તેની બીજી બે જાત પ્રચલિત છે. તેમાંના એકનો પેટનો ભાગ સફેદ હોઈ માત્ર શિયાળામાં તે દેખાય છે. બીજીનું નામ ભીમરાજ હોઈ તેની પૂંછડીને છેડે સળિયા જેવા બે લાંબાં પીછાં હોય છે.

ઝાડ પર ઘણે ઊંચે માળો બાંધતું આ પંખી એપ્રિલથી ઑગસ્ટ સુધીમાં ૩ થી ૫ બદામી ડાઘાવાળાં સફેદ ઇંડાં મૂકે છે.

વગર દેશને ખાતર પતિની છૂટા પડવાનું તેમણે સ્વીકાર્યું. આથી તેમને દુઃખ તો ઘણું થયું, પણ દેશસેવાને ખાતર સંસારસુખનો તેમણે ભોગ આપી, મન કઠણ કરી દેશસેવાના કાર્યમાં મન પરોવ્યું. અને જનતા-જાગૃતિનું કાર્ય પૂર જોસથી આગળ ધપાવવા માંડયું.

પણ એકાએક એક દિવસ તે સખત માંદગીને બિછાને પટકાઇ પડયાં. ડૉકટરો પણ તેમનું યોગ્ય નિદાન કરી શકયા નહિ. ઘણી દવાઓ કરવા છતાં તેમને કંઇ ફાયદો ન જણાતાં છેવટે યુરોપ જઇ ત્યાંના ડૉકટરો પાસે નિદાન કરાવવા ડૉકટરોએ તેમને સલાહ આપી. આમ છેવટે નછૂટકે તે પોતાનો દેશ છોડી ઇંગ્લંડ જવા નીકળ્યાં. તે વખતે તેમને કયાંથી ખ્યાલ હોય કે હવે ૩૫ વર્ષ સુધી આ માતૃભૂમિનાં દર્શન પોતે કરી શકવાનાં નથી?

ઇંગ્લંડમાં શસ્ત્રક્રિયા કરવામાં આવતાં તેમની તબિયત ઝપાટાબંધ સુધરવા પણ લાગી. પરંતુ આરામના એ કાળમાં તેમના સમસ્ત જીવનને અભિનવ વળાંક આપતો એક બનાવ બન્યો. ઇંગ્લંડમાં રહી ક્રાંતિકારી ચળવળનું નેતૃત્વ કરનાર પ્રખર ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણ વર્માના પરિચયમાં તે આવ્યાં. આ પરિચયે તેમના હૃદયમાં જલતા સ્વાતંત્ર્ય-ઝંખનાના અંગારને વધુ સતેજ કર્યો. હિંદને જેમ બને તેમ જલદી સ્વાતંત્ર્ય મળે તે માટે ઉગ્ર ક્રાંતિકારી ચળવળ ચલાવવાનો દૃઢ નિશ્ચય કરી તેમણે ઉત્સાહથી એ બૉંબની હિંસાત્મક ચળવળમાં ઝંપલાવ્યું. માંદગીમાંથી હજુ પૂરાં તે ઊભાં પણ થયાં નહોતાં, ત્યાં તો લંડનના વિખ્યાત હાઈડ પાર્કમાં તેમણે પોતાનાં અંગાર-ઝરતાં વ્યાખ્યાનો આપવાં શરૂ કર્યાં. અંગ્રેજ જુલમશાહી નીચે રીબાતી હિંદી પ્રજાનું સચોટ બયાન આપતાં એ તેજાબી ભાષણોને કારણે અંગ્રેજ અધિકારીઓનાં પેટમાં તેલ રેડાયું અને તેમની ધરપકડ કરવાની તૈયારી થઈ. પણ સરકારના આ નિર્ણયની અગાઉથી માદામ કામાને ગંધ આવતાં સરકાર તેમને પકડે તે પહેલાં જ તે પારીસ ચાલ્યાં ગયાં.

પારીસમાં તે કાળે તેમને કોઈ સાથે ઓળખાણ-પિછાણ નહોતી. એટલે તેમણે એક નાની બોર્ડિંગમાં વસવાટ શરૂ કર્યો. તે વખતે તેમને ખ્યાલ પણ નહોતો કે ૩૫ વર્ષ સુધી એ ફ્રેન્ચ પાટનગરને જન્મભૂમિ બનાવીને પોતાને રહેવું પડશે. ધીરેધીરે પારીસમાં આવી વસેલા બીજા અનેક હિંદી ક્રાંતિકારીઓ સાથે તેમનો પરિચય થયો. લાલા હરદયાળ, વીર સાવરકર, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય આદિ તેમના પરમ મિત્રો બન્યા. આફતમાં સપડાએલા કોઇ પણ ક્રાંતિકારીને અથવા હિંદીને દરેક રીતે સહાય કરવાની તેમની તત્પરતા, તેમની જ્વલન્ત દેશભક્તિ, દેશ ખાતર કષ્ટ ઉઠાવવાની તેમની દુર્દમ્ય આકાંક્ષા ઇત્યાદિને કારણે તેમની કીર્તિ દૂરદૂર સુધી પ્રસરવા લાગી. વિવિધ દેશની ક્રાંતિકારી સંસ્થાઓ તરફથી તેમને વ્યાખ્યાન આપવા માટે આમંત્રણો મળવા લાગ્યાં અને હિંદની ક્રાંતિકારી પ્રવૃત્તિના એક જીવંત પ્રતીક તરીકે તેમણે યુરોપભરનો પ્રવાસ કરીને ઠેરઠેર ક્રાંતિની મશાલ પેટાવી.

માદામ કામાની આ ઉગ્ર હીલચાલથી અંગ્રેજ સરકાર એટલી તો ડરી ગઈ કે તેણે તેમને હિંદ આવવાની બંધી કરી. પણ તેથી રજમાત્ર નિરુત્સાહી ન થતાં તેમણે જીનીવાથી 'વંદે માતરમ્' નામનું ક્રાંતિકારી વિચારસરણી રજૂ કરતું પત્ર શરૂ કર્યું. પોતાની તેજસ્વી કલમથી તેમાં અંગ્રેજોની જુલમશાહીનો ચિતાર રજૂ કરી હિંદ પ્રત્યે ઈતર દેશોની સહાનુભૂતિ તેમણે મેળવી. એ અરસામાં પહેલું મહાયુદ્ધ શરૂ થતાં જ બ્રિટિશ સરકારે ફ્રેન્ચ સરકાર પર દબાણ લાવી તેમને ગિરફતાર કરાવ્યાં અને પારીસના કિલ્લામાં ત્રણ વર્ષ સુધી કેદમાં રખાવ્યાં. જ્યારે તે છૂટયાં ત્યારે તેમની તબિયત ઘણી લેવાઈ ગઈ હતી. છતાં પણ તેમનો સ્વાતંત્ર્ય-પ્રેમનો જુસ્સો તો લેશમાત્ર નરમ પડયો નહોતો. તરત તેમણે હિંદી ક્રાંતિકારીઓને બૉંબ બનાવવાની વિદ્યા શીખવાની પ્રેરણા આપીને ક્રાંતિકારી ચળવળને પૂરજોસમાં આગળ ધપાવવા માંડી.

પણ માદામ કામાનું નામ હિંદના ઈતિહાસમાં અમર રહેશે તે તો તેમણે હિંદને સૌ પ્રથમ આપેલા ત્રિરંગી ધ્વજ માટે. ઈ. ૧૯૦૮ માં જર્મનીમાં યુરોપના સર્વ દેશોના સમાજવાદીઓની પરિષદમાં હાજર રહેવાનું તેમને આમંત્રણ મળ્યું હતું. ત્યાં હિંદના પ્રતિનિધિ તરીકે તેમણે બ્રિટિશ નાગચૂડમાં રહેંસાતા હિંદનું હૃદયભેદક બયાન કરતું એક નીડર ભાષણ કર્યું. તે પૂરું થયા બાદ હિંદના સાચા રાષ્ટ્રધ્વજ તરીકે પોતે રચેલો ત્રિરંગી ધ્વજ તેમણે ફરકાવ્યો. તે ધ્વજમાં લાલ, લીલો અને કેસરી એ ત્રણ રંગના પટાઓ ઉપરાંત લીલા પટા પર ૮ કમળો, કેસરી પટા પર 'વંદે માતરમ્' એ શબ્દો અને લાલ પટા પર હિંદુ-મુસ્લિમ એકતાના પ્રતીકરૂપ સૂર્ય અને ચંદ્રનાં ચિહ્નો હતાં. આ હતો હિંદનો પોતાનો પહેલો રાષ્ટ્રધ્વજ, જે હિંદની જ એક નારીએ યુરોપના દેશો આગળ રજૂ કરેલો.

હિંદ વિષેની તેમની ભક્તિ એવી ગાઢ હતી, માતૃભૂમિના સમાચાર જાણવાની તાલાવેલી તેમનામાં એટલી ઉત્કટ હતી કે હિંદમાંથી આવેલા કોઈપણ હિંદીને મળતાં જ તેને તે પોતાને ઘેર લઈ જતાં અને દેશ વિષેની સર્વ હકીકત પૂછતાં. હિંદી ભોજન જમવાની તેમની તીવ્ર ઉત્કંઠા જોઈને તો પ્રવાસીઓની આંખમાં આંસુ આવી જતાં.

અને છતાં પણ દેશ પાછા ફરવાની તે ના પાડતાં. તેમને મળવા ગએલા હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયને તેનું કારણ જણાવતાં તેમણે કહ્યું હતું, 'પરદેશના પાસપોર્ટ પર દેશમાં પાછા ન જવાની મેં પ્રતિજ્ઞા કરી છે. જ્યાં સુધી મને હિંદી પાસપોર્ટ નહિ મળે ત્યાં સુધી હું અહીં જ રહીશ.'

પણ પાંત્રીસપાંત્રીસ વર્ષ સુધી બ્રિટિશ જુલમશાહીને કારણે દેશવટો સેવતાં માદામ કામામાં દેશ પ્રત્યેનું આકર્ષણ અંતે એટલું તો પ્રબળ બન્યું કે તેની આગળ તેમનો દેશ પાછા ન ફરવાનો નિર્ધાર નરમ પડયો. દેશ પ્રત્યેની એ તીવ્ર મમતાએ આખરે તેમની ધ્યેયનિષ્ઠા પર વિજય મેળવ્યો અને દેશ પાછા જવાનો તેમણે નિશ્ચય કર્યો. ૭૦ વર્ષની ઉંમરે તે પહોંચ્યાં હોવા છતાં તેમનાથી બ્રિટિશ સરકાર એવી તો ડરી ગઇ હતી કે તેણે હિંદ પાછા ફરવા માટે તેમની આગળ એવી એક શરત મૂકી, કે તેમણે કોઇ પણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવો નહિ અને ઉશ્કેરણી થાય તેવાં ભાષણો કરવાં નહિ. મરતાં પહેલાં ફરી માભોમનાં દર્શન કરવાની અદમ્ય ઇચ્છાને લીધે આખરે આંખમાં આંસુ સાથે તેમણે એ કરાર પર સહી કરી.

૩૫ વર્ષના દેશવટા બાદ જ્યારે તેમણે ૧૯૩૫ના ડિસેમ્બરની એક સવારે હિંદની ભૂમિ પર પગ મૂકયો ત્યારે પરમ સંતોષની તૃપ્તિથી તેમનું હૃદય ભરાઇ આવ્યું. પણ જાણે પોતાના વતનમાં છેલ્લો શ્વાસ લેવા જ તે આવ્યાં હોય તેમ આવતાંની સાથે જ તેમની તબિયત બગડી અને તેમને બી. ડી. પારસી જનરલ ઑસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં. ત્યાં ૮ માસ સુધી સારવાર લીધા પછી ૧૯૩૬ના ઑગસ્ટની ૧૬મીએ તેમની તબિયત એકાએક વધુ બગડી અને તે જ દિવસે તે આઝાદીનો મંત્ર જપતાંજપતાં મૃત્યુ પામ્યાં.

હિંદમાં તો જોકે તેમનું કોઈ સ્મારક ઊભું થયું નથી, પણ જ્યાં તેમણે હિંદની આઝાદીના સ્વપ્નને મૂર્ત કરવા અખંડ પરિશ્રમ કરતાંકરતાં પોતાનું અરધું આયુષ્ય વ્યતીત કર્યું તે પારીસમાં Pere-Pachaise નામના કબ્રસ્તાનમાં તેમનું એક વિશિષ્ટ સ્મારક ઊભું કરવામાં આવ્યું છે. તેના પર તેમના જીવનના નિચોડરૂપ તથા તેમની

સ્વાતંત્ર્યની ભાવનાને મૂર્તિમાન કરતું એકજ વાકય લખેલું છેઃ'જુલમ-શાહીનો પ્રતિકાર કરવો એ ઇશ્વરની આજ્ઞાનું પાલન કરવા બરાબર છે. (Resistanee To tyranny is obedience to god).'

## 'જનગણમન અધિનાયક'ની સ્વરલિપિ

હિંદ સ્વતંત્ર થયા પછી જે કેટલાક પ્રશ્નો હિંદ સરકાર સમક્ષ ઉપસ્થિત થયા છે તેમાં એક પ્રશ્ન સમસ્ત જનતા જેને સરળતાથી ઝીલી શકે એવું રાષ્ટ્રગીત નક્કી કરવાનો છે. સરકારે તેને માટે એક સમિતિ પણ નીમી છે. આજે જે ગીતો રાષ્ટ્રગીત થવાની કોટિનાં છે તેમાં કવિસમ્રાટ રવીન્દ્રનાથ ઠાકૂર વિરચિત 'જનગણમન-અધિનાયક' તેમાં રહેલી ભાવનાની ઉત્કટતા, અર્થની ગંભીરતા, રાષ્ટ્રભક્તિની જાજ્વલ્યતા ને સરળ ગેયતા તથા સંઘગાન તેમજ કૂચ-ગીતને અત્યંત અનુકૂળ લય હોવાને કારણે મોખરે આવે છે. એ ગીત શુદ્ધરીતે અને સાચા રાગમાં સર્વ ઠેકાણે ગવાય તે માટે તેની સાચી સ્વરલિપિ શાંતિનિકેતનના સંગીતકારોએ ગાંધીજીની વિનંતિ પરથી તૈયાર કરી આપી હતી. તે આખું ગીત તથા તેની શુદ્ધ સ્વરલિપિ સહિત બે કડી નીચે આપી છે, જેના પરથી આખા ગીતની બાકીની કડીઓની સ્વરલિપિ સહેલાઈથી બેસાડી શકાશે.

જનગણમન-અધિનાયક જય હે ભારતભાગ્યવિધાતા
પંજાબ સિંધુ ગુજરાટ મરાઠા દ્રાવિડ ઉત્કલ બંગ
વિંધ્ય હિમાચલ યમુના ગંગા ઉચ્છલ જલધિતરંગ
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિસ માગે,
ગાહે તવ જયગાથા
જનગણમંગલદાયક જય હે ભારતભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય, જય હે.

અહરહ તવ આહ્વાન પ્રચારિત, શુનિ તવ ઉદાર વાણી
હિંદુ બૌદ્ધ શિખ જૈન પારસિક મુસલમાન ખ્રિસ્ટાની
પૂરબ પશ્ચિમ આસે તવ સિંહાસન-પાશે,
પ્રેમહાર હય ગાંથા
જનગણ-ઐકયવિધાયક જય હે ભારતભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય, જય હે.

પતન-અભ્યુદય-બંધુર પન્થા, યુગ-યુગ-ધાવિત યાત્રી,
હે ચિરસારથિ, તવ રથચક્રે મુખરિત પથ દિનરાત્રિ
દારુણ વિપ્લવ-માઝે તવ શંખધ્વનિ બાજે
સંકટદુઃખત્રાતા
જનગણ–પથપરિચાયક જય હે ભારતભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય, જય હે.

ઘોર તિમિરઘન નિવિડ નિશીથે પીડિત મૂર્છિત દેશે
જાગ્રત છિલ તવ અવિચલ મંગલ નતનયને અનિમેષે
દુઃસ્વપ્ને આતંકે રક્ષા કરીલે અંકે
સ્નેહમયી તુમી માતા
જનગણ–દુઃખત્રાયક જય હે ભારતભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય, જય હે.

રાત્રિ પ્રભાતિલ, ઉદિલ રવિચ્છવિ પૂર્વ-ઉદયગિરિભાલે,
ગાહે વિહંગમ, પુણ્ય સમીરણ નવજીવનરસ ઢાલે
તવ કરુણારુણરાગે નિદ્રિત ભારત જાગે
તવ ચરણે નત માથા

જય જય જય હે, જય રાજેશ્વર ભારતભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય, જય હે.

II સા રે ગ ગ | ગ ગ ગ ગ I સગ – ગ ગ | ગરે ગ મ – I
જ ન ગ ણ મ ન અ ધિ ના s ય ક જ ય હે s

I મગ – ગ ગ | રે – રે રે I સાનિ રે સા – | – – સા – I
ભા s ર ત ભા s ગ્ય વિ ધા s તા s s s પં s

I સાપ – પ પ | – પ પ – I પ – પ પમ | મપ મ ધપ – I
જા s બ સિં s ધુ ગુ જ s રા s ઠ મ રા s ઠા s

I મ – મ મ | ગ – મ ગ I ગરે મ ગ – | – – – – I
દ્રા s વિ ડ ઉ s ત્ ક લ બં s ગ s s s s s

I સાગ – ગ ગ | ગ – ગ રે I રેપ પ પ મ | પમ – મ – I
વિં s ધ્ય હિ મા s ચ લ ય મુ ના s ગં s ગા s

I ગ – ગ ગ | ગરે રે રે રે I સાનિ રે સા – | – – – – I
ઉ s ચ્છ લ જ લ ધિ ત રં s ગ s s s s s

I ગ ગ ગ ગ | ગ – ગ મ I મરે ગ મ – | – – – – I
ત વ શુ ભ ના s મે s જા s ગે s s s s s

I મગ મ પ પ | મપ – મ ગ I ગરે મ ગ – | – – – – I
ત વ શુ ભ આ s શિ સ મા s ગે s s s s s

I સાગ – ગ – | રે રે ગરે રે I રેનિ રે સા – | – – – – I
ગા s હે s ત વ જ ય ગા s થા s s s s s

I સાપ પ પ પ | પ – પ મ I પ – પ પ | પમ ધ ધપ – I
જ ન ગ ણ મં s ગ લ દા s ય ક જ ય હે s

I મ – મ મ | મગ – ગ ગમ I ગરે મ મગ – | – – નિ નિ I
ભા s ર ત ભા s ગ્ય વિs ધા s તા s s s જ ય

I નસાં – – – | – – સાંનિ ધ I ધનિ – – – | – – પ પ I
હે s s s s s જ ય હે s s s s s જ ય

I પધ – – – | – – – – I ધસા સા રે રે | ગ ગ ગરે ગ I
હે s s s s s s s જ ય જ ય જ ય જ ય

I મ – – – | – – – – I
હે s s s s s s s

I સા સા સા સા | સા સા સાનિ સા I સરે રે રે રે | રે – રે રે I
અ હ ર હ ત વ આ s હ્વા s ન પ્ર ચા s રિ ત

I રેસા રે ગ ગ | ગ ગ – ગ I ગરે ગ મ – | – – – – I
શુ નિ ત વ ઉ દા s ર વા s ણી s s s s s

I મપ – પ પ | – મ પ મ I મપ મનિ નિધધ | પમપપ I
હિં s દુ બૌ s દ્ધ શિ ખ જૈ s ન પા s ર સિ ક

I મ મ – મ | ગ ગ રે – I રેનિ રે સા – | – – – – I
મુ સ લ મા s નિ ખ્રિ સ ટા s ની s s s s s

જો પૈસે રતલ મળતા બરફના આ જમાનામાં બરફની આગલી-પાછલી જાણવાની લોકોને પરવા નહિ હોય! પરંતુ એક વખત એવો હતો કે જ્યારે બરફ મેળવવો એટલો તો મુશ્કેલ હતો કે કેવળ શહેનશાહો ને શ્રીમંત શાહ સોદાગર જ તેનો લાભ લઈ શકતા.

બરફનો ઇતિહાસ જાણવાજોગ અને રસિક છે. પુરાણા કાળમાં જ્યારે યંત્ર ન હતાં ત્યારે ઠંડાં પીણાં અને બરફમાં જમાવેલા સ્વાદુ ખોરાકો માત્ર મોટા રાજકર્તાઓનો જ મોજશોખ હતો. ઇજીપ્તના ગુલામો મૂકવામાં આવતા અને ગાડાની જબરદસ્ત ટાંગણીઓથી એ ખાઇઓ ઢાંકી દેવાતી. રોમનો ઠંડું પાણી અને સુરોખારની મદદથી શરાબને ઠંડો બનાવતાં, અને જમીનમાં ભોંયરાં બનાવી બરફ ભરી રાખતા. શાહી જ્યાફતો માટે રોમન રાજકર્તાઓએ રાખેલી ગુલામોની ફોજની ફોજ, દૂરદૂરના ઊંચા પર્વતો ઉપરથી રોજ રોજ તાજો બરફ મોટા જથ્થામાં આણતી. અમેરિકાની ઇન્કા તથા આઝટેક નામની પુરાણી જાતોના રાજકર્તાઓ પણ આવો જ કુદરતી બરફ મેળવી શીત-ઉત્પાદન કરતા. ક્રૂસેડની ધાર્મિક લડાઈ દરમ્યાન

# અક્ષયતૃતીયા

વૈશાખ સુદ ત્રીજને દિવસે આવતો આ તહેવાર આપણે ત્યાં 'અખાત્રીજ' તરીકે જાણીતો છે. તે દિવસે કરેલું દાન, હોમ, પિતૃતર્પણ જપ આદિ પુણ્યકાર્યો અક્ષય-કદી નાશ ન પામે તેવાં-થાય છે એવું શાસ્ત્રવચન હોવાથી તે અક્ષય તૃતીયા કહેવાય છે. વળી પંચાંગમાં આ તિથિ-તૃતીયા-નો કદી ક્ષય થતો નહિ હોવાથી પણ તેનું અક્ષયતૃતીયા નામ સાર્થક છે. આ તૃતીયા જો રોહિણી નક્ષત્રમાં અને બુધવારે આવે તો તો વિશેષ પુણ્યપ્રદ મનાય છે.

શાસ્ત્રમાં તો આ દિવસ માટે ઘણા વિધિ કહ્યા છે. પિતૃપ્રીત્યર્થ અથવા દેવપ્રીત્યર્થ બ્રાહ્મણને ઉદકુંભ(પાણીથી ભરેલો ઘડો) આપવો, જવ વડે હોમ કરવો, સમુદ્રસ્નાન કરવું, પિંડરહિત શ્રાદ્ધ કરવું શિવની પૂજા કરવી આદિ આ દિવસની અનેક વિધિ પૈકી ઉદકુંભદાનવિધિ જ મુખ્ય છે. તાંબાનો અગર માટીનો નવો ઘડો લાવી, તેમાં ઠંડું પાણી ભરી, તેની યથાવિધિ પૂજા કર્યા બાદ બ્રાહ્મણને તે દાન કરવાનો હોય છે. આજે પણ કણબી તથા વાણિયા લોકો પાણીથી ભરેલા માટીના ઘડા પર તરબૂચ કે એવું ફળ મૂકી તે બ્રાહ્મણને આપે છે. પ્રખર ઉનાળાનો આરંભ આ દિવસથી જ થતો હોવાથી તે દિવસે ઉદકુંભદાન વિધિનો સમાવેશ ધર્મકાર્યમાં શાસ્ત્રકારોએ કર્યો છે તે ઘણો ઔચિત્યપૂર્ણ છે. વળી અખાત્રીજ પહેલાં માટલાંનું પાણી પીવાય તો તે શરીરને બાધક થતું હોવાથી આ દિવસ પછી જ માટલામાં પાણી ઠંડુ કરીને પીવાની શરૂઆત થાય છે અને એટલા જ માટે શાસ્ત્રકારોએ દૂરદૃષ્ટિથી આ દિવસે પિતરોને ઉદકુંભ આપ્યા પછી જ માટલાનું પાણી પીવાનો નિયમ રાખ્યો છે.

પણ આપણે ત્યાં તો આ તહેવાર ખેડૂતોને માટે ઘણો અગત્યનો ગણાયો છે. તે દિવસથી જમીનનાં પાણી વળતાં થાય છે—એટલે કે પહેલાં જે પાણી ઉપરથી નીચે જતું તે ઉપર આવવા માંડે છે એમ મનાય છે. વાડના થોર જે પહેલાં નહોતા ફૂટતા તે હવે ફૂટવા માંડે છે, એ જ ઉપરની વસ્તુને સૂચિત કરે છે. આથી આ દિવસને પોતાના ખેતીકાર્યના નવા વર્ષનો આરંભદિન ગણી ખેડૂત તે દિવસે ખેતીનો આરંભ કરે છે. તે દિવસે કાં તો ખાતરનું ગાડું ખેતરમાં નાખી આવી શુકન કરી આવે યા, તો વાડે સૂડ કરવાની શરૂઆત કરી ખેતીનું મુહૂર્ત કરે છે. ખેતરો સાંથે-ભાગે રાખવાનો સમય પણ અખાત્રીજથી જ શરૂ થાય છે.

મારવાડ અને ગુજરાતમાં કેટલેક ઠેકાણે એક વિશિષ્ટ વિધિ આ દિવસે પ્રચલિત છે. આ તહેવારને આગલે દિવસે ગામના લોકો ગામની બહાર જઇ વિવિધ જાતનું અનાજ, રૂ, સાકર આદિ ગોઠવીને એક નાનકડા ગામ જેવી રચના કરે છે. તેમાં રાજા તરીકે ત્રાંબાનાણું અને પ્રધાન તરીકે સોપારી મૂકે છે. આ પ્રમાણે કરી આવી બીજે દિવસે (એટલે કે આ દિવસે) એ નવા ગામની હાલત કેવી છે તે જોવા બધા જાય છે. ત્યાં મૂકેલા અનાજમાં જેને કીડીઓ લાગે અથવા હવામાં ઊડી જાય તે અનાજ એ વરસે મોઘું થશે અથવા પાક સારો નહિ ઊતરે એમ તેઓ માને છે. જે દિશામાં કપાસ ઊડી ગયો હોય તે દિશાના લોકો કપાસ વધારે નિકાસ કરશે તથા પૈસા અને સોપારીને જે પ્રમાણે કીડીઓ ચડી હોય તે પ્રમાણે રાજા અને દીવાનને પીડા થશે એમ પણ તેઓ માને છે.

મહારાષ્ટ્રમાં સ્ત્રીઓને માટે આ તહેવારનું વિશિષ્ટ મહત્ત્વ છે. ચૈત્ર સુદ પડવાથી શરૂ થએલા ગૌરી-ઉત્સવ અને હળદરકંકુના સમારંભની આ દિવસે પૂર્ણાહુતિ થતી હોવાથી સ્ત્રીઓ બીજી સોહાગણ સ્ત્રીઓને પ્રેમથી પોતાને ઘેર બોલાવી સૌભાગ્યદ્રવ્યો આપી એકબીજાને પ્રેમથી હળેમળે છે. આમ, તહેવારને દિવસે ગરીબ તથા તવંગર સ્ત્રીઓ પ્રેમથી ભેગી થઇ પરસ્પર પ્રેમની વૃદ્ધિ તથા સામાજિક સંબંધ દૃઢ કરવાનો તેમાં હેતુ છે. પિયરમાં રહેલી વસંતગૌરીને યૌવનાવસ્થા પ્રાપ્ત થયે આ દિવસે સાસરે વળાવવાની માન્યતા છે.

આ તહેવાર કૃતયુગના આરંભનો પણ દિવસ છે. વળી તે દિવસે ભગવાન પરશુરામનો જન્મ થએલો હોવાથી તેને ઐતિહાસિક મહત્ત્વ પણ પ્રાપ્ત થાય છે. એમ પણ કહેવાય છે કે દર અમાસે સમુદ્રમાં ભરતી તો આવે છે, પણ તેમાં યે ચૈત્રી અમાસ પછી અખાત્રીજને દિવસે આવતી ભરતી તો બધી ભરતીને ટપી જાય છે. તે દિવસથી દરિયો તોફાની થાય છે અને જળમાર્ગે મુસાફરી કરવી એ જોખમભરેલું મનાય છે. વર્ષનાં કાયમી જે સાડા ત્રણ મુહૂર્તો કહેવાય છે તેમાં અક્ષય તૃતીયા અરધું મુહૂર્ત ગણાય છે.

## માસમાસના તહેવારો-૫

ફેરાહ રાજકર્તા તથા શ્રીમંતોને ત્યાં, માટીની કથરોટોમાં ઠંડી રાતે પાણી ભરીને કુદરતી બરફ બનાવાતો. ચારચાર એકરો સુધીનાં લાંબાં વિસ્તારવાળી ખાલી જમીન ઉપર પાણી ભરેલી હજારો કથરોટોની હાર લંબાતી. સવાર પડતાં તે પર બરફનાં પાતળાં પડનો ગંજાવર જથ્થો તૈયાર થતો.

મહાન સિકંદરની હિંદની ચડાઇ દરમિયાન એની શરાબની જમો ખાસ પ્રકારે ઠંડી થતી. જમીન ખોદીને બનાવેલી લાંબી ઊંડી ખાઇઓમાં રાત્રે જ્યારે કુદરતી બરફ જામી જતો ત્યારે તેમાં દારૂની ઇંગ્લંડના રાજા રીચર્ડને અનેકવાર હાર આપનાર ઇજીપ્તના સુલતાન સલાદીને એક વેળાએ જ્યારે રાજા રીચર્ડ રણસંગ્રામમાં તાવથી સખત બીમાર હતો ત્યારે તેને રાહત મળે તે માટે બરફમાં ઠારેલું નક્કર શરબત મોકલી આપ્યું હતું.

પ્રખ્યાત ઇટાલીઅન પ્રવાસી માર્કોપોલોએ પૂર્વની પોતાની મુસાફરી દરમિયાન ચીનાઓ પાસેથી, બરફ જમાવેલા પાણીની તેમજ દૂધના આઇસ્ક્રીમની વિધિ જાણીને પશ્ચિમને પહેલી વાર જાહેર કરી. તે પછીથી વખત જતાં, સૂકાં ઘાસ અને લાકડાના વહેરથી

ભંડારોમાં ખડકાતાં થયાં અને પશ્ચિમનાં મોટાંમોટાં શહેરોની બજારોમાં વેચાતાં થયાં. અલબત્ત, આ બરફ પહાડોમાંથી આણેલો અને જળાશયોમાં બંધાયેલો કુદરતી બરફ હતો. અઢારમા સૈકામાં કુદરતી બરફનો વેપાર યુરોપ કરતાં અમેરિકામાં ખૂબ થવા લાગ્યો. કારણ સ્વચ્છ પાણીના જળવિસ્તાર અમેરિકામાં ઘણાં છે. આથી શિયાળામાં ત્યાં બરફનું ઉત્પાદન થાય છે.

અમેરિકન આંતરવિગ્રહ વખતે બરફની માંગ ઘણી વધી જવાથી યાંત્રિક બરફ ઉપજાવવાની ઝાંખી શરૂઆત પ્રથમ લુઇસાનિયા પ્રાંતમાં થવા પામી. એ જ સમયમાં ફર્ડિનાન્ડ પી. કાર નામના એક ફ્રેંચ શોધકે એમોનિયાથી બરફ બનાવવાની રીત પહેલવહેલી જાહેર કરી. અને ૧૯મી સદીની આખરે તો કૃત્રિમ બરફ પશ્ચિમમાં એક ઘરગથ્થુ વસ્તુ થઇ પડી.

આપણા દેશમાં કુદરતી બરફનો ઉપયોગ અસલવારાથી થતો આવ્યો છે. હિંદના અતિ ઠંડા મુલકોમાં પહાડમાં તથા સરોવર વગેરેમાં બંધાએલો બરફ જમીનમાં બનાવેલા મોટા કૂવાઓમાં એકઠો કરી ભરવામાં આવતો. પછી ચટાઈ તથા માટીથી તે કૂવાઓને ઢાંકી દેવામાં આવતા અને ગરમીના દિવસોમાં બહાર કાઢી તેનો ઉપયોગ કરતા. આજે પણ અફઘાનિસ્તાન, કવેટા અને સીમલામાં આવીરીતે મેળવેલો બરફ વેચાતો જોવામાં આવે છે. અલબત્ત, આ બરફ હિમાળુ હોવાને લીધે મેલો હોઇ માત્ર પ્રવાહી કે નક્કર વસ્તુઓને બહારથી ઠંડી કરવામાં જ વપરાતો. સાંભળેલી હકીકત ઉપરથી વિગત મળે છે કે સને ૧૮૬૬માં અમેરિકાથી સ્ટીમરોમાં ભરાઇને આવતાં ત્યાંનાં સફરજન કુદરતી બરફના મોટા ટુકડાઓ સાથે મુકાઇને આવતાં. આ સફરજનોની સાથેસાથે બરફ પણ છુટક વેચાતો. એ જ સાલમાં કરાચીમાં ચાઈના ક્રીકમાં એક પરદેશી ઑસ્ટ્રિયન મશીનથી બરફ બનાવતો, ને આઠ આને રતલ વેચતો.

થોડાક સમયમાં એ કારખાનું બંધ પડયું. તે પછી ૧૮૭૨માં અમેરિકાથી કુદરતી બરફ મોટા પ્રમાણમાં કરાચીમાં આવવા લાગ્યો. અનિયમિત રીતે સ્ટીમરોમાં જબરદસ્ત મોટા ટૂકડામાં આવતો એ બરફ એક ઠેકાણે એકઠો કરવામાં આવતો અને ત્યારબાદ નાના ટુકડાઓ કરીને વેચાતો. આ બરફ દેખાવે તો તદ્દન પારદર્શક અને બિલોરી કાચ જેવો હતો.


મશીનથી બનાવેલો બરફ જ્યારે અમેરિકન આંતરવિગ્રહ વેળા પહેલવહેલો બનવા માંડયો ત્યારે આપણા દેશમાં તેની શરૂઆત છેક ૧૮૭૯ ને આશરે થવા પામી. સર ચાર્લ્સ ફોર્બસની અંગ્રેજી પેઢીએ ત્યારે બરફનું સૌથી પહેલું કારખાનું મુંબાઇમાં ગોદી ખાતે (હાલનું બેલાર્ડપીઅર) કાઢયું. એ ઈથરથી ચાલતું અને મશીન બ્રિટનની બનાવટનું હતું. એ બરફ ચાર આને રતલ વેચાતો. પછીથી ૧૮૮૭માં એક પારસી જેઓ 'ફ્રેઝર' ની અટકે ઓળખાતા તેમણે મઝગામ ખાતે બરફનું કારખાનું ખોલ્યું, અને ચાર્લ્સ ફોર્બસની સામે હરીફાઈ ચલાવી. આથી બરફના દર સસ્તા થતા ગયા.

૧૮૭૯ની એ જ સાલમાં ઈંગ્લિશ કારખાનાદારોનાં બરફનાં ચાર મશીનો કરાચી, મુલતાન, લાહોર અને રાવલપીંડી ખાતે ગોઠવાયાં. એ કારખાના અંગ્રેજ ઈજનેરો જ ચલાવતા. તે વેળા એ નવી શરૂઆત હતી, એટલે લોકોમાં બરફનો શોખ તથા વપરાશ લાવવા માટે કરાચી ખાતેના ઇજનેર મી. ડેલજીરસ શહેરના રસ્તાઓ ઉપર, ગલીઓમાં અને બજારોમાં, દિવસો લગી બરફના નાનામોટા ટુકડાઓ છૂટે હાથે મફત વેરી મૂકતા. લોકોની તે ઉપર લાગ્યા. કરાચીમાં એજ અરસામાં બરફની પહેલવહેલી ડૅપો એક પારસી પેઢી 'નસરવાનજી ઍન્ડ કંપની'એ કાઢેલી.

પરંતુ વિજ્ઞાને હવે તો ઘેર બેઠા બરફ બનાવવાનાં સાધનો જમાવી દીધાં છે. સાંચા તેમજ 'ફ્રીઝીડેર' ને 'રેફ્રીજેટર'થી ઉપજતા બરફની હવે કોઇ નવાઇ રહી નથી. (ગુજરાતી પંચ)

## સપ્તર્ષિ વિષે વધુ

આ દિવસોમાં ઉત્તર તરફના આકાશમાં સૌથી આકર્ષકરીતે દેખાતા સપ્તર્ષિના મંડળ વિષે સામાન્ય પરિચય આપતો લેખ ગયા અંકમાં પ્રગટ કર્યો હતો. પણ તેને વિષે વધુ અજબ વાત તો એ છે કે તે ધ્રુવને કેન્દ્ર રાખીને તેની આસપાસ ફરતું આપણને લાગે છે, પરંતુ વાસ્તવિક રીતે તે ધ્રુવની આસપાસ ફરતું જ નથી, એટલું જ નહિ પણ તેને અને ધ્રુવને કંઈ જ સંબંધ નથી. પૃથ્વીની ગતિ અને ધ્રુવ તરફ તંકાએલી તેની ધરી એ બેને કારણે આપણને એમ લાગે છે. પણ, સાચીરીતે સપ્તર્ષિના સાત તારા ધ્રુવની આજુબાજુ ફરતા નથી એટલું જ નહિ, પણ તે સાતે તારાઓની ગતિ પણ એક જ દિશામાં નથી. નીચેનાં ત્રણ પૈકી વચ્ચેના ચિત્રમાં તીરનું નિશાન બતાવ્યા પ્રમાણે તેમાંના પહેલા અને છેલ્લા તારાની ગતિ એક દિશામાં છે જ્યારે બાકીના પાંચે તારાઓની ગતિ તેથી વિરુદ્ધ દિશામાં છે. તેમનો એ રીતે ફરવાનો વેગ પણ કંઇ નાનોસૂનો હોતો નથી. કલાકના હજારો માઈલોના વેગે તે સાતે તારાઓ વિવિધ દિશામાં ખસી રહ્યા છે. પરંતુ તે તારાઓ પૃથ્વીથી એટલા બધા દૂર છે કે તેમની વિરુદ્ધ ગતિથી તેમની સ્થિતિમાં પડતો ફરક આપણને તાત્કાલિક જણાતો નથી, પણ ઘણા સમયે જણાય છે. એ સાતે તારાઓની વિવિધ દિશામાંની ગતિની ગણતરી કરીને, બે લાખ વર્ષ પહેલાં સપ્તર્ષિનું મંડળ કેવું દેખાતું હશે તે પહેલા ચિત્રમાં બતાવ્યું છે; તેની આજની સ્થિતિ વચ્ચેના ચિત્રમાં બતાવી છે; અને બે લાખ વર્ષ પછી તે કેવું દેખાશે તે સૌથી નીચેના ચિત્રમાં બતાવ્યું છે.



## ચાલુ તવારીખ: એપ્રિલ

**તા. ૨** મુંબાઈ પ્રાંતમાં સામ્યવાદી નેતાઓની એક સામટી ધરપકડ.

**તા. ૧૦** દક્ષિણ અમેરિકના કોલંબિયા રાજ્યમાં લશ્કરના ટેકાથી બળવો કરીને ક્રાંતિકારીઓએ સત્તા હાથ કરી.

**તા. ૧૧** પ્રજાને સંપૂર્ણ જવાબદાર તંત્ર આપવાની વડોદરા નરેશની જાહેરાત.

**તા. ૧૨** જવાહરલાલ નહેરૂએ ઓરિસામાં મહા નદી પર બંધાનારા હીરાકુંડ નામના વિરાટ બંધની શિલારોપણ ક્રીયા કરી.

**તા. ૧૩** હિંદના બ્રાઝીલ ખાતેના એલચી તરીકે શ્રી મીનુ મસાણીની નિમણૂક

**તા. ૧૫** ૧૪ લાખની વસતિવાળો તથા ૧૧૦૦ચો.માઇલનો હિમાચલ પ્રદેશનામનો નવો પ્રાંત અસ્તિત્વમાં આવ્યો.

**તા.૧૬** થોડા વખત પહેલાં જ સ્વતંત્ર થએલા ફિલિપાઇન્સના પ્રમુખ મૅન્યુઅલ રોકસાસનું હૃદય બંધ પડવાથી મૃત્યુ. **(**. નવી જ સ્થાપએલી પૂના યુનિવર્સિટીના પહેલા ઉપકુલપતિ તરીકે ડૉ. જયકરની નિમણૂક.

**તા. ૧૭** ઈન્ડોનેશિયામાં જોકજાકાર્તાની નજીક પરમબાનના મંદિરના અવશેષોમાંથી ૧૦૦૦ વર્ષનો જૂનો સંસ્કૃત ભાષામાં લખાએલો એક દસ્તાવેજ મળી આવ્યો.

**તા. ૧૯** ચીનની પહેલી ચુંટાએલી રાષ્ટ્રીય ધારાસભાએ ચીનના પ્રથમ બંધારણીય પ્રમુખ તરીકે ચાંગ-કાઇ-શેકને ચૂંટી કાઢયા.

**તા. ૨૨**ઇટાલીની રસાકસીભરી ચૂંટણીમાં અમેરિકા તરફ મૈત્રીનું વલણ ધરાવતા ક્રિશ્રન ડૅમોક્રેટિક પક્ષે બહુમતિ મેળવી કૉમ્યુનિસ્ટોને હાર આપી.

**તા. ૨૩** યહુદીઓએ ઓચિંતો છાપો મારીને હેફા શહેરનો કબજો લઈ પૅલેસ્ટાઈન કબજે કરવા માટેની વ્યાપક લડત શરૂ કરી.

**તા. ૨૮** હિંદના એક પીઢ પત્રકાર અને 'ઇન્ડિયન સોશિયલ રીફોર્મરના સમર્થ સંપાદક શ્રી કામાક્ષી નટરાજનનું ૮૦ વર્ષની વયે અવસાન.

## આ માસ (મે) ઈતિહાસમાં

**તા. ૩** એક કાળે ક્રાંતિકારી ગણાતા અરવિંદ ઘોષ પર અલીપુર બૉંબ કેસ મંડાયો, ૧૯૦૮.

**તા. ૬** અમેરિકાના નિસર્ગપ્રેમી ને સાધુચરિત લેખક હેન્રી ડૅવિડ થૅારોનું અવસાન, ૧૮૬૨.

**તા. ૮** હરિજનોની હાડમારીઓ નિવારવા મહાત્માજીના ૨૧ દિવસના ઉપવાસ, ૧૯૩૩.

**તા. ૧૦** બીજા મહાયુદ્ધની કટોકટીની પળે ઇંગ્લંડને ઉગારવા ચર્ચિલ વડોપ્રધાન બન્યો.૧૯૪૦.

**તા. ૧૫** જલિયાંવાલાનો હત્યાકાંડ રચનાર ડાયર અને ઑડવાયર પર ખૂની હુમલો કરી વેર લેવાનો પ્રયત્ન કરનાર ક્રાંતિકારી હિંદી જુવાન ઉધમસિંગને ફાંસી અપાઇ, ૧૯૪૦.

**તા. ૨૨** દ૦ આફ્રિકામાં નાતાલ ઇંડિયન કૉંગ્રેસની ગાંધીજીએ સ્થાપના કરી, ૧૮૯૪.

**તા. ૩૦** લગભગ ૩૦,૦૦૦ મનુષ્યોનો ભોગ લેનાર કવેટાનો ભીષણ ધરતીકંપ, ૧૯૩૫.



### આ માસની વ્યક્તિ-વિશેષ: ઍડવર્ડ જેનર

દરવર્ષે હજારો લોકોને ભરખી જતા શીતળાના રોગને અટકાવનારી રસીની જગવિખ્યાત શોધ કરી, તેને ખંત અને ધીરજથી વિશ્વભરમાં પ્રચલિત બનાવનાર આ માનવહિતૈષી સંશોધક ડૉકટરનો જન્મ ઇ.૧૭૪૯ના મેના ૧૭મીએ ઈંગ્લંડના બર્કલે નામે ગામડામાં થયો હતો. નાની વયે જ અનાથ બનેલો તે બાળક, રોગ અને તાવનો ભોગ થતા માણસોનાં દુ:ખો દૂર કરવા ડૉકટર થવાનું ઠરાવી ૧૩ વર્ષની વયે શાળાના અભ્યાસને તિલાંજલિ આપી સૉલ્બરીમાં રહેતા એક ડૉકટરને ત્યાં વૈદક શીખવા મદદનીશ તરીકે રહ્યો. તે કામ કરતાંકરતાં લોકોમાં અતિ પ્રચલિત એવી એક માન્યતા તરફ તેનું ધ્યાન ખેંચાયું. કે જે માણસને ગાયોના સંસર્ગથી થતો કાઉપૉકસનો રોગ થાય તેને શીતળાનો રોગ કદી થતો નથી. આ માન્યતા પાછળ કોઈ વૈજ્ઞાનિક આધાર રહેલો છે કે કેમ તથા એ રીતે શીતળાનો કોઇ પ્રતિબંધક ઉપાય શોધી શકાય કે નહિ એ માટેનું સંપૂર્ણ સંશોધન કરવાનો તેણે સંકલ્પ કર્યો.

એવામાં લંડનના પ્રસિદ્ધ ડૉકટર જૉન હંટરના હાથ નીચે શીખવાની તક મળતાં તે લંડન ગયો, જ્યાં તેનાં ખંત, કાર્યશક્તિ તથા પ્રતિભા જોઈ હંટરે તેને પોતાનો ભાગીદાર બનાવવાની ઇચ્છા બતાવી. પણ ધ્યેયનિષ્ઠ જેનરે વિનયથી તે નકારી, પોતાની પેલી શોધખોળ પૂરી કરવાને ઈ. ૧૭૭૩માં પોતાને ગામ પાછા ફર્યો ને ડૉકટરનો ધંધો શરૂ કરી શીતળાના સંશોધનનું કાર્ય આરંભ્યું.

૨૦ વર્ષની અખંડ અવિરામ તપશ્ચર્યા પછી આખરે ૧૭૯૩માં તેણે શીતળાની રસી મૂકવાનો ખાત્રીભર્યો જગમશહૂર ઉપાય શોધી કાઢયો. તેનો પહેલો પ્રયોગ તેણે ૧૭૯૬ની ૧૪મી મેએ ફિલિપ નામના ૮ વર્ષના બાળક પર કર્યો, જે સંપૂર્ણરીતે સફળ થયો. આગ પૂરતી ચકાસણી કર્યા બાદ તેણે પોતાની શોધ પ્રગટ કરી, જેણે જગતભરના ડૉકટરો તથા સંશોધકોમાં મોટો ખળભળાટ મચાવી દીધો. અને જબ્બર વિરોધ પણ થયો. પણ પોતાની શોધમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવનાર જેનર આત્મવિશ્વાસપૂર્વક તદ્દન અડગ રહ્યો.

શીતળાની રસીની ઉપયોગિતા જોઇને ઇ. ૧૮૦૬માં પાર્લામેન્ટે એ રસીના પ્રચાર માટે તેને ૨૦ હજાર પાઉન્ડ આપ્યા, જેના વડે તેણે લંડનમાં 'નૅશનલ વૅકસીન ઇન્સ્ટીટ્યૂશન' સ્થાપીને તેને કાયમનું સ્વરૂપ આપ્યું. પૈસાની રજમાત્ર ખેવના ન રાખનાર આ નિસ્પૃહ સેવક હમેશ ગરીબોની સેવા કરવા તત્પર રહેતો. રોજના લગભગ ૩૦૦ અકિંચન લોકો રસી મુકાવવા તેના ઘર આગળ ટોળે મળતા. જીવનનો અવશેષ ભાગ પોતાના પ્રિય ગામડામાં જ વીતાવી, આખરે ઈ. ૧૮૨૩ની ૨૪મી જાન્યુઆરીએ તેના પર એકાએક લકવાનો હુમલો થતાં બીજે જ દિવસે તે મૃત્યુ પામ્યો.

**શ્રીરંગપટ્ટણનું યુદ્ધ–ટીપુનું મૃત્યુ** (આ માસનો પ્રસંગ-વિશેષ): હિંદમાં સામ્રાજ્ય સ્થાપવાના અંગ્રેજોના પ્રયત્નનો વીરતાથી સામનો કરનાર ટીપુ સુલતાનનો કાંટો કાઢવા લોર્ડ વેલેસ્લીએ, ટીપુ સાથે મૈત્રીનો કરાર થયો હોવા છતાં ગુપ્તરીતે યુદ્ધની તૈયારીઓ કરી અને ટીપુના અમલદારોને ફોડી ઇ. ૧૭૯૯ના ફેબ્રુઆરી માસમાં ૩૦ હજારની જંગી સેના સાથે અચાનક હુમલો શરૂ કર્યો. અગાઉના યુદ્ધમાં નિર્બળ બનેલો હોવા છતાં ટીપુએ અસામાન્ય પરાક્રમ બતાવી પ્રથમ તો જનરલ સ્ટુઅર્ટને તો સજ્જડ હાર આપી. પણ બીજે મોરચે તેના સેનાપતિઓ અંગ્રેજોને મળી ગએલા હોવાથી જોતજોતામાં અંગ્રેજ સેના તેની રાજધાની શ્રીરંગપટ્ટણ પાસે આવી પહોંચી. તરત ટિપુએ પાછા ફરી શ્રીરંગપટ્ટણનો વીરતાથી બચાવ કરવા માંડયો. પણ ત્યાં યે વિશ્વાસુ નોકરોએ વિશ્વાસઘાત કરવાથી અંગ્રેજ સેના કિલ્લામાં દાખલ થઈ. એવી અસહાય પરિસ્થિતિમાં પણ શરણે જવાનો રજમાત્ર વિચાર ન કરતાં ૧૭૯૯ની ૪થી મેએ પોતાના મુઠ્ઠીભર વિશ્વાસુ માણસો સાથે તે કેસરિયાં કરવા નીકળ્યો. કિલ્લાને દરવાજે મોટું ધીંગાણું મચ્યું. જેમાં એક ગોળી માથામાં વાગતાં એ 'મ્હેસુરનો વાઘ' તત્કાળ મૃત્યુ પામ્યો. તેના મૃત્યુથી અંગ્રેજોનો એક કટ્ટર વિરોધી અને હિંદનો બાહોશ સેનાની ચાલ્યો ગયો.

અમેરિકન આંતરવિગ્રહ વખતે પ્રમુખે એક વિશ્વાસુ જગ્યા ઉપર મૂકવા સારુ એક અમલદાર વિષે જનરલ લીનો અભિપ્રાય પૂછતાં લીએ તેની બહુ પ્રશંસા કરી. આ ભલામણથી નવાઇ પામી લીના એક મદદનીશે પૂછયું: 'તમે જેની ભલામણ કરી એ અમલદાર તમારું કેવું ભૂંડું બોલે છે એ જાણો છો?' લીએ ઉદાર દઢતાથી કહ્યું: 'જાણું છું. પણ પ્રમુખે મારો તેના વિષેનો અભિપ્રાય પૂછયો હતો; તેનો મારા વિષેનો નહિ.'

કહેવતનો અર્થ: 'દેખનેમેં ઢબુ, ચલનેમેં સિરવાઇ': પોતાનો દેખાવ, ભભકો તથા રૂપથી મોટી યોગ્યતા બતાવનાર, પણ વાસ્તવિક જેનામાં અંદરખાને કંઇ જ સત્ત્વ કે તથ્ય નહિ હોતાં ઉલટું દુર્ગુણ હોય એવાઓનું બોદાપણું ઉઘાડું પાડવા વપરાતી આ કહેવતમાં દેખાવમાં ઢબુ (બે પૈસા) જેવો લાગતો પણ જેની સાચી કિંમત તો કોડીની છે એવા સિરવાઈના સિક્કાનું રૂપક યોજ્યું છે. એને મળતી બીજી કહેવતો : ઊજળે લૂગડે લખેશરી', 'ઉપર હીરા ચકચકે માંહે કીડા કચકચે', 'ઉપરકી અચ્છી બની ભીતરકી રામ જાને,' 'ઢમ ઢોલ, માંહે પોલ'; વગેરે,

અનેકાર્થી શબ્દ: **પાનું**=પૃષ્ઠ; પાંદડું; ગંજીપાનું પત્તું; ચપ્પુ કે છરીનું ફળ; લીલા રંગનું એક રત્ન; જિંદગીભરનો સંબંધ; નસીબનું પાનિયું.

ગણિત ગમ્મત : જેમ કોઈ પણ રકમના અંકનો સરવાળો કરતાં તેને ૩ વડે ભાગી શકાય તો તે આખી રકમને પણ ૩ વડે ભાગી શકાય એવી ચાવી છે; તે જ પ્રમાણે રૂપિયા અને આનાની રકમોનો સરવાળો કરતાં જો તેને ૩ વડે કે ૫ વડે ભાગી શકાય તો તે આખી રકમનું આનામાં રૂપાંતર કરતાં પણ ૩ કે ૫ વડે ભાગી શકાશે. દા. ત. રૂ. ૫ આના ૭. ૫+૭=૧૨. તેને ૩ વડે ભાગી શકાય. તો તેના આના(૮૦+૭)=૮૭ ને પણ ૩ વડે ભાગી શકાય છે, તે જ પ્રમાણે રૂ.૭ આ.૮. ૭+૮=૧૫ તેને ૫ વડે ભાગી શકાય. તો તેના આના (૧૧૨+૮)=૧૨૦ ને પણ ૫ વડે ભાગી શકાય છે.

જમનાદાસ ક. પોપટ

હિંદમાં છપાઇને બહાર પડેલું સૌથી પહેલું પુસ્તક કાલિદાસનું ઋતુસંહાર હતું.


હાથીની દૃષ્ટિમર્યાદા બહુ ટૂંકી હોય છે. માત્ર ૨૫ વાર સુધી જ તે બરાબર જોઈ શકે છે. પણ જે દિશામાંથી પવન વાતો હોય તે દિશામાં જો મનુષ્ય ઊભો હોય તો માત્ર વાસ પરથી અરધા માઇલ છેટેના માણસને તે જાણી શકે છે.

સારી ગાય દસ દિવસમાં પોતાના વજન જેટલું દૂધ આપે છે.

મુઘલ બાદશાહ જહાંગીરે તો અકબર કરતાં યે સિક્કાઓમાં નૂતન ૨૫ દાખલ કર્યાં. તેના સિક્કાઓની અવનવી હારમાળામાં બહુ રમ્ય પ્રકારો છે, જેમાં રાશિચિહ્નોવાળા સિક્કાઓ મુખ્ય છે. એવા સિક્કાઓ પૈકી મેષરાશિ(ઘેટા)ના ચિહ્નવાળા સિક્કાનું આલેખન નીચે આપેલું છે. તે સિક્કામાં એક તરફ કૂદતા



ઘેટાની પાછળ સૂર્યનું આલેખન છે, જે સૂર્યની મેષ રાશિ હોવાનું સૂચન કરે છે. તેની નીચે 'સન ૧૪ જુલુસ(રાજ્યારોહણનું ૧૪મું વર્ષ)' એમ લખેલું છે; અને બીજી બાજુ 'યાફત દર આગ્રાહ રૂ-ઈ-ઝર ઝીવર અઝ જહાંગીર શાહ-ઈ-શાહ અકબર (આ સુવર્ણ મુદ્રા આગ્રામાં સુશોભિત થઈ—જહાંગીર શાહ, શાહ અકબર [ના પુત્ર] દ્વારા)' એવું લખાણ છે અને સન ૧૦૨૮ આપેલી છે.



માટલાના ગૉળ જેવી ચીકણી ને સખત વસ્તુ કાઢવાના ચમચાને એક બાજુ ધાર કરાવી લેવાથી કામ સફાઇભર્યું સુગમ ને ઝડપી થશે.



કલાકણિકા : ઈસ્લામમાં મૂર્તિપૂજાની મના હોવાથી તેની કલાપ્રતિભા ભૂમિતિની આકૃતિઓ, સુંદર અક્ષરોનાં આલેખન તથા તેનાં ચાતુરીભર્યા સંયોજનમાં પ્રકટી ઊઠી. એવા સુંદર લિપિકળાના એક સંયોજનાચિત્રનો નમૂનો ઉપર આપ્યો છે, જેમાં, સુંદર મરોડની અરબ્બી લિપિમાં ઇસ્લામના બાર ઇમામનાં નામ ઘોડાની આકૃતિમાં યોજ્યાં છે.


વીજળીના ગોળા પર રજ બાઝવા ન દેશો. તેનું એ બારીક પડ પણ ગોળાનો ૨૦ ટકા પ્રકાશ ઓછો કરે છે!

છેલ્લાં ૬૦ વર્ષ દરમ્યાન મ્હૈસુરની કોલરની સોનાની ખાણમાંથી ૨ કરોડ ઔંસ સોનું ખોદી કાઢવામાં આવેલું જેની કિંમત ૧ અબજ ૪૪ કરોડ રૂપિયા જેટલી થાય છે.

દરેક માણસને કંઇ ને કંઇ ચિંતા હોય છે: થોડીક સાચી અને મોટા ભાગની ખોટી. માણસની ચિંતાઓનું પૃથક્કરણ કરી તેનું કોષ્ટક નીચે આપ્યું છે તે પરથી ચિંતામાંથી મુક્ત થવાનો ઉપાય તમને પોતાને જ જડશે:

બની નથી એવી બાબતોની ચિંતા—૪૦ ટકા
બની ગએલી પણ ગમે તેટલી ચિંતા કરો તો યે બદલી ન શકાય તેવી બાબતોની ચિંતા-૩૦ ટકા
પોતાની તબિયત માટે અકારણ ચિંતા-૧૨ ટકા
તદ્દન નજીવી બાબતો માટે .... ૧૦ ટકા
ખરેખર સાચી ચિંતા........ ૮ ટકા

ઇંગ્લંડની સવાચાર કરોડની વસતિમાં ૧૨ યુનિવર્સિટીઓ છે, કૅનેડાની ૮૫ લાખની વસતિમાં ૧૩, ઑસ્ટ્રેલિયાની ૭૦ લાખની વસતિમાં ૬, અમેરિકાની ૧૩ કરોડની વસતિમાં ૧૭૨૦ અને હિન્દની ૪૦ કરોડની વસતિમાં ફક્ત ૧૮ યુનિવર્સિટીઓ છે!!



**ગોપનું ઘર આંગણું** (પેન્સિલ-સ્કેચ: જગજીવન શાહ) 'કાઠિયાવાડનું નવસર્જન' નામના આ અંકમાંના લેખને અનુસંધાને આ અંકના રંગીન મુખચિત્રની સાથોસાથ આ અંકના પૂઠા પર આપેલું 'કૃષકકુમાર'નું તથા આ ઉપરનું એ બંને રેખાચિત્રો ઉપયુક્ત થશે. ભાઈશ્રી જગજીવન શાહના એ બંને પેન્સિલ-સ્કેચમાં એમની કલાદૃષ્ટિની સાથે અત્યંત કુશળતાથી છાયાપ્રકાશના વિવિધ પટ આલેખતી પેન્સિલ પરનો એમનો કાબૂ અને કૌશલ બંને જણાશે